

બાલસાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ લેખક, સંપાદક અને આગેવાન પ્રકાશક તરીકે શ્રી. નાગરદાસ પટેલનું નામ ખૂબ જાણીતું છે.

☆

એમનાં લખાણની ખૂબી તો એ છે કે એમનું પુસ્તક એક વખત હાથમાં લીધા પછી વાંચકનું મન એવું તો જકડી રાખે છે કે તે પૂરૂં કર્યા વગર ચેન પડતું નથી.

☆

બાલસાહિત્યનાં પ્રકાશનોમાં શ્રી. નાગરદાસની એક વ્યવસ્થિત યોજના અને પ્રગતિવાન દષ્ટિ છે. તેવી જ સુંદર યોજના એમણે કિશોર અને કુમારસાહિત્ય માટે કરી છે.

☆

મગજશક્તિના વિકાસને તાલીમ આપે એવી સાહસ. શૌર્ય, ભેદ, બુદ્ધિચાતુર્ય અને

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૨૫૭૮૧ किंमत ૧-૪-૦

ग्रंथनाम સોનાનપુરી

वर्गांक ૮ : ૩

સાહસ કથાવલિ : પુસ્તક ૭ મું

સેતાન બુદ્ધી

સંપાદક

નાગરદાસ ઇ. પટેલ

COLLECTOR OF
Date 11 JUN 1948
BOMBAY.

સવા રૂપિયો

બાલવિનોદ કાર્યાલય
૧૪૯, પ્રિન્સેસ સ્ટ્રીટ · મુંબઇ ૨

: પ્રકાશક :
નાગરદાસ ઈ. પટેલ
બાલવિનોદ કાર્યાલય
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ ૨

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
~~૨૬૮૨૭~~
૨૬૭૮૧

આવૃત્તિ પહેલી
૧૯૪૮

☆

: મુદ્રક :
રામદાસ ઈ. પટેલ
"રજની પ્રિન્ટરી"
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ ૨

પરિચય

☆

સાહસ, શૌર્ય, ભેદ, બુદ્ધિચાતુર્ય અને ગુન્હાશોધનનાં અવનવાં પરાક્રમોને લગતી મગજશક્તિના વિકાસને તાલીમ આપે એવી રસિક વાર્તાઓ વાંચવાની કુમાર-જીવનમાં તાલાવેલી જાગે છે અને તે વૃત્તિ જીવનમાં દીર્ઘકાલ પર્યંત કાયમ રહે છે. એ વૃત્તિને અનુકૂળ અને પ્રેરણાદાયી વાચન મળે તો મગજશક્તિનો સુંદર વિકાસ થાય છે. દરેક વસ્તુ કે વિગત ઝીણવટથી જોવા સમજવાની અને તેનું હાર્દ પામવાની અદ્ભુત શક્તિ એનાથી સાંપડે છે અને જીવન સાફલ્યનો માર્ગ સરળ બને છે.

માનવ જીવનનો આ રીતે અનેકવિધ વિકાસ કરી શકે એવી અત્યંત પ્રેરણાદાયી તેમજ રસિક વાર્તાઓ આપવાની યોજના 'સાહસ કથાવલિ' માં કરવામાં

આવી છે. એમાં અંગ્રેજી સાહિત્યના આ વિષયના સાહિત્યસમ્રાટોની દિલચસ્પ વાર્તાઓ ઉપરથી તૈયાર કરેલી તેમજ કેટલીક મૌલિક કથાઓ આપવામાં આવશે. એ દરેકનું વસ્તુ અને વાતાવરણ ગુજરાતને અનુકૂળ રહેશે.

બાલસાહિત્યની અમારી વિવિધ ગ્રંથમાળાઓનો ગુજરાતે સુંદર સત્કાર કરી અમને પ્રોત્સાહિત આપ્યું છે તેવી જ રીતે આ ગ્રંથાવલિને પણ ગુજરાતે આપનાવી છે એ જાણીને સંતોષ થાય છે.

નાગરદાસ પટેલ

અનુક્રમ

સેતાનબુદ્ધી

☆ ☆
☆

સેતાનબુદ્ધી

વર્ષો સુધીના મ્હારા સહવાસ પછી પણ ઘણી વખતે જયંતે એની સાહસ કથાઓનાં મ્હારાં આલેખનોમાં અંતરાય નાખ્યો છે અને મ્હને લખતાં રોકયો છે. એની રજા સિવાય ઘણી યે વિગતો મ્હારી નોંધપોથીમાં પ્રકાશનની વાટ જોતી પડી રહી છે.

છેક ગઈ કાલે જ એણે મ્હને સેતાનબુદ્ધીવાળી સાહસકથા લખવાની પરવાનગી આપી. એ એને એકાએક શી રીતે યાદ આવી તે સ્હમજાતું નથી, પણ એની સ્મરણશક્તિ અજબ છે. વર્ષોનાં વર્ષો સુધી એ અનેક બનાવો યાદ રાખી શકે છે અને એક વખત જરા જેટલા પ્રસંગમાં આવ્યા પછી એ ભાગ્યેજ કોઈને વિસરી જાય છે!

આ વાતને આજે ઘણાં વર્ષો થઈ ગયાં. કામના હદપારના બોજાને લીધે અને રાત દિવસના અવિરામ પરિશ્રમથી જયંતનું

લોખંડી ચોકઠા જેવું મજબુત શરીર પણ ઢીલું પડી ગયું હતું અને છેવટે ડૉકટર દલાલની સલાહ માનીને અમે બેઉ જણ મુંબાઇની જંજાળ છોડી સુરત જીલ્લામાં રામપુર નામના દરિયા કિનારાના એક ન્હાના ગામડામાં જઇને રહ્યા હતા. જયંતને શારીરિક અને માનસિક શાન્તિની અતિશય આવશ્યક્તા હોવાથી મ્હેં એ ન્હાનું ગામડું પસંદ કર્યું હતું.

અમે પસંદ કરેલી જગ્યા ઘણીજ મનોહર હતી, અને ખાસ કરીને જયંતને એ ઘણીજ માફક આવી ગઇ હતી. અમારી ન્હાની સરખી કુટિરની બારીમાંથી કુદરતનો સુંદર દેખાવ નજરે પડતો હતો. પાસેના ખડકો પર સાગરરાજનાં પ્રચંડ મોજાં અહોનિશ અથડાયા કરતાં હતાં અને દૂર દૂર અનેક ન્હાની ન્હાની હોડીઓ તરતી હતી. અમારી નજીકનો કિનારો ખરાબ હતો અને અનેક હોડીઓ ત્યાં અથડાઇને તૂટી ગયેલી હોવાથી માછીમારો પોતાની હોડી એ તરફ ન આવે તેની ખાસ કાળજી રાખતા હતા.

બીજી બાજુએ પણ અમારી કુટિર નજીક સપાટ જગ્યા હતી અને તેમાં અનેક ન્હાના મોટા પથરા આડાઅવળા પડ્યા હતા. ગામના લોકો એના અનેક ઉપયોગ કરતા હતા.

જયંતને નવરા બેસી રહેવું ભાગ્યે જ ગમતું હતું એટલે એ આમ તેમ રખડતો અને એ પ્રદેશનો જૂનો ઇતિહાસ મેળવવા પ્રયત્ન કરતો હતો.

એની તબિયત ધીરેધીરે સુધરવા આવી હતી, એવામાં એ એકાન્ત સ્થળે પણ એને લાયકનું કામ અમારી કુટિરનો દરવાજો ઠોકતું આવી લાગ્યું. અને એ કામ પણ એવું તો ભેદપૂર્ણ અને ગુંચવાળું હતું કે તળ મુંબાઇમાં પણ એ જાતનું કામ ભાગ્યે જ હાથ ચઢ્યું હશે.

એ વખતે એક એવો બનાવ બન્યો કે જેથી તે વખતનાં

બધા છાપાંમા રામપુરનું નામ જાણીતું થઇ ગયું હતું, છતાં ખરી હકીકત અંધારામાં જ રહી હતી અને આટલે વરસે એ ભેદનો પડદો ઉપાડીને ખરી વાત પ્રકાશમાં મૂકવાની રજા જયંતે મ્હને આપી છે.

અમારી કુટિરથી થોડેક દૂર રામપુર નામનું ન્હાનું ગામડું આવેલું હતું એની વસ્તી બસોએક ઘરની હશે. એ ગામના મુખી મણિભાઇ સાથે જયંતને ઠીક સબંધ બંધાયો હતો. સાધારણ રીતે ગામડાના માણસ વધારે મળતાવડા હોય છે તે મુજબ મણિભાઇનો સ્વભાવ પણ મિલનસાર હતો અને એક દિવસ આગ્રહ કરીને તેઓ અમને ચહાપાણી માટે એમને ઘેર લઇ ગયા હતા.

એ પ્રસંગે વસનજી નામના ત્યાંના જમીનદાર સાથે અમારે ઓળખાણ થઇ. એ મણિભાઇની પાસેના જ મકાનમાં રહેતો હતો. મણિભાઇ જેટલો મિલનસાર, ભડભડીયો અને લહેરી જીવ હતો તેટલોજ વસનજી મનનો મેલો અને બળીઅલ માણસ હતો.

એક દિવસ સવારે આઠેક વાગે અમે બેઉ જણ અમારી કુટિરમાં બેઠા બેઠા નાસ્તો કરતા હતા તે વખતે મણિભાઇ અને વસનજી આવી લાગ્યા.

'જયંતભાઇ!' આવતાં વેંતજ મણિભાઇએ જરા ઉશ્કેરા-યલા અવાજે કહ્યું. 'આજે રાત્રે બહુ જ ભયંકર બનાવ બન્યો છે. એવી આફતકારક વાત આજ સુધી કોઇ દિવસ સાંભળી પણ નથી. પ્રભુની મહેરબાની છે કે આ અણીને પ્રસંગે તમે અહીં છો અને અમે તમારી મદદ મેળવી શકીએ એમ છીએ, નહિતર અમારૂં શું થાત તે સમજાતુ નથી!'

એ સાંભળીને મ્હારો તો મિજાજ ગયો, આ વળી જયં-તના રહેતા જીવને સંતાપમાં નાખવા ક્યાંથી આવી લાગ્યો

એમ પણ મ્હને લાગ્યું, છતાં એ લોકોની હાજરીમાં જયંતને રોકવો એ બની શકે એમ ન હતું એટલે જે થાય તે જોયા કર્યાં સિવાય મ્હારો છૂટકો ન હતો.

એ શું કહે છે તે સાંભળવા જયંત તૈયાર થઇને બેઠો એટલે પેલા બેઉ જણ એની સામે જ બાંકડા પર બેસી ગયા. મણિભાઇ કરતાં વસનજી જરા વધારે સ્વસ્થ હતો, છતા એના દેખાવ પરથી લાગતું હતું કે બનેલા બનાવથી બેઉજણ ઉશ્કેરાઇ ગયા હતા

'હું બોલુ કે તમે બધી વાત કહો છો?' વસનજીએ પૂછ્યું.

'જ્યારે મૂળ વાત તમે જ પહેલી જાણી ને મુખીને કહી છે ત્યારે તમે જ કહેશો તો ઠીક થશે.' જયંતે કહ્યું.

જયંતના શબ્દોની બેઉના ઉપર જાદુઇ અસર થઇ. જયંતને એ શી રીતે ખબર પડી કે સૌથી પહેલી એ બનાવની વાત વસનજીએ જાણી અને મણિભાઇને એણે કહી, એ એમને ન સમજાયું.

'સૌથી પહેલાં હું જ થોડું કહી લઉં.' મણિભાઇએ કહ્યું. 'અને પછી વધારે વિગતની જરૂર હશે તો વસનજી કહેશે, અથવા તો પછી આપણે વીરપુર જઇશું, ત્યાં જ આ બનાવ બન્યો છે.

'હવે એ વાત કહું, મણિભાઇને બે ભાઇ અને એક બહેન છે અને એ વીરપુરમાં રહે છે. વીરપુર અહીંથી એકાદ માઇલ દૂર હશે. વખતે એથી ઓછું પણ હોય. ગઇ કાલે સાંજે વસનજી એમના ભાઇઓ પાસે ગયા હતા. વેલજી અને જગજીવન બેઉં એમનાથી ન્હાના છે. અને એમની નાની એક વિધવા બ્હેન ગોદાવરી એ બેઉની સાથે રહે છે. રાત્રે દસેક વાગ્યા સુધી બધાં એ સાથે બેસીને ગપ્પાં માર્યાં, વાતો કરી અને રમ્યાં. દસ વાગ્યા પછી વસનજી રામપુર આવવા નીકળ્યા. એ વખતે

એ ત્રણે ભાઇ બહેન પત્તાં રમતાં હતાં. ત્રણેની તબિયત ખુશ મિજાજમાં હતી.

'આજે સવારે એ વહેલા ઉઠીને દિશાએ જવા ગયા ત્યારે એમણે ડૉ. દીવાનજીની ગાડી એ તરફ જતી જોઇ. તે ઉપરથી એમણે પૂછ્યું કે સવારના પહોરમાં ડૉકટર સાહેબ ક્યાં જતા હતા. એમણે જવાબ આપ્યો કે વીરપુરમાં કૈંક ભયંકર બનાવ બન્યો હતો અને એમને કોઇ તેડવા આવ્યુ હતું. વીરપુરના મુખીએ જ રાવણીયો મોકલ્યો હતો. એ સાંભળીને વસનજી એમની સાથે ગયા. ગામડા ગામમાં ઝાઝા શિષ્ટાચારની જરૂર નથી હોતી એ તમને કહેવું નહિ પડે.

'એ જ્યારે વીરપુર પહોંચ્યા ત્યારે ખબર પડી કે કેવો ભયાનક અને આફતકારક બનાવ બનવા પામ્યો હતો. વસનજી-ના બેઉ ભાઇ અને બ્હેન કાલે રાત્રે એમણે જોયાં હતાં તેજ રીતે પાનાં રમતાં હતાં. એમની બ્હેન બેઠી બેઠી મરણ પામી હતી અને બન્ને ભાઇઓ એની બાજુમાં બેઠા બેઠા બૂમો મારતા હતા, હસતા હતા અને ચીસો પાડયા કરતા હતા. એ ત્રણેના મોઢા પર કોઇ ભયંકર દેખાવની છાપ પડી હતી. બહુ જ ભયાનક દેખાવ જોઇને માણસ છળી મરે એવા એમના ચહેરા થઇ ગયા હતા. એમના ઘરમાં એમની કામવાળી કાશીબાઇ સિવાય બીજું કોઇ હતું નહિ. એ કહે છે કે એ પોતે આખી રાત શાન્તિથી ઊંઘી ગઇ હતી અને એણે કૈંજ બૂમાબૂમ કે અવાજ સાંભળ્યાં ન હતાં. આખા ઘરમાંથી એક પણ ચીજ ચોરાઇ કે ગુમ થઇ નથી અથવા અફરાતફરી થઇ નથી છતાં એ સવાલ તો ઉભો રહે છે પેલાં ત્રણે જણે એવો તે કયો બનાવ જોયો કે તેઓ એકાએક છળી મર્યાં અને ગાંડાં થઇ ગયાં. એવું તે શું હશે કે જેને લીધે એક તંદુરસ્ત સ્ત્રી એકાએક છળીને મરી ગઇ અને બે સશક્ત અને મજબુત બાંધાના

માણસો ગાંડા થઈ ગયા! ટુંકામાં આ મુખ્ય હકીકત છે અને તેનો ભેદ શોધી કાઢવાની અને અમને બનતી મદદ કરવાની અમારે આપને વિનંતિ કરવાની છે.'

મ્હેં આશા રાખી હતી કે વખતે અમારો એ સ્થળે જવાનો અને આરામૈશ અને શાન્તિમાં વખત વીતાવવાનો વિચાર યાદ કરાવીને હું જયંતને આ કામમાં માથુ મારતો અટકાવી શકીશ પણ એના ચહેરા તરફ નજર કરતાં જ મ્હારી ખાત્રી થઈ ગઈ કે મ્હારી ધારણા ખોટી હતી અને એના કામમાં અંતરાય નાખવો એ અસંભવિત હતું.

પોતે સાંભળ્યું હતું એ વિષે વિચાર કરતો એ થોડોક શાન્ત ચિત્તે બેઠો.

'હું મ્હારાથી બનતો પ્રયત્ન કરીશ.' છેવટે એણે જવાબ આપ્યો. 'તમારા કહેવા ઉપરથી તો એ ઘણો જ નવાઈ ભરેલો કેસ લાગે છે. તમે ત્યાં જઈ આવ્યા કે નહિ? મણિભાઈ!'

'નાજી. વસનજી હમણાં જ ત્યાંથી આવ્યા અને એમણે મ્હને બધી વાત કહી. હજી તો ફોજદાર સાહેબ આવશે અને એમની બ્હેનના શબને તપાસીને બાળવાની રજા આપશે ત્યારે! ત્યાં સુધી એમની હેરાનગતિનો પાર નથી. એ વીરપુરથી આવ્યા અને મ્હને વાત કરી એટલે અમે બેઉ જણ આપની પાસે દોડી આવ્યા.'

'એ મકાન કેટલુંક દૂર છે?'

'એકાદ માઈલ.'

'ત્યારે આપણે ત્યાંજ જઈએ. પણ ત્યાં જતા પહેલાં મ્હારે તમને થોડુંક પૂછવાનું છે મી. વસનજી!'

આ બધો વખત વસનજી શાન્ત ચિત્તે બેસી રહ્યો હતો પણ મ્હને લાગતું હતું કે એના હૃદયની ગડભાંગ મણિભાઈ કરતાં ઘણી વધારે હતી. એ રીતે મ્હોંયે અદબ વાળીને જયંત

તરફ જોયા કરતો હતો. પોતાના કુટુંબ પર પડેલી આફતનું વર્ણન સાંભળીને એનું હૈયું વલોવાઇ જતું હતું અને એ ભયંકર દેખાવ એની નજર આગળ તર્યા કરતો હતો.

'આપને જે પૂછવું હોય તે ખુશીથી પૂછો.' એણે કહ્યું: 'એ બધું કહેવાની મારી છાતી ચાલતી નથી છતાં આપ પૂછશો તેનો જવાબ હું આપીશ.'

'કાલે રાત્રે શું થયું તે કહી જાવ.'

'કાલે સાંજે મણિભાઇ કહી ગયા તેમ હું મ્હારાં ભાઇ બ્હેન સાથે જમ્યો, પછી જગજીવને પત્તાં રમવાની વાત કરી એટલે અમે રમવા બેઠા. નવેક વાગ્યા સુધી અમે રમ્યા કર્યાં પછી છેક સવાદશ વાગે હું ઘેર જવા સારૂ ઉઠ્યો. એ વખતે એ ત્રણે જણ ખુશખુશાલ હતાં અને એમની તંદુરસ્તી વિષે વાંધો લેવા જેવું કાંઇજ હતું નહિ.'

'તમને બહાર વળાવવા કોણ આવ્યું હતું?'

'કોઇ નહિ, મ્હેં મ્હારી મેળે જ બારણું બંધ કર્યું હતું પછીથી એ લોકોએ અંદરથી બંધ કર્યું હોવું જોઇએ. જે ખંડમાં એ ત્રણે જણ હતાં તે ખંડની બારીઓ બંધ હતી. આજે સવારે તપાસ કરતાં બારી બારણામાં કોઇ પણ જાતનો ફેરફાર જણાયો ન હતો તેમજ કોઇ અજાણ્યો માણસ આવ્યો ગયો હોય એમ પણ લાગતુ નહતું. એ છતાં પણ ભયની-મારી ગોદાવરી મરણ પામી છે ને મ્હારા બેઉ ભાઇ ગાંડા થઇ ગયા છે. ગોદાવરીનો ભયાનક દેખાવ મરતાં સુધી મ્હારી નજર આગળથી ખસશે નહિ.'

'તમે કહો છો તે પરથી તો મામલો ઘણો વિચિત્ર જણાય છે.' જયંતે કહ્યું: 'એ બનાવ શી રીતે બન્યો એ બાબત તમે કૈં કારણ કલ્પી શકો છો કે અનુમાન કરી શકો છો?'

'મ્હને તો એમાં ભારે સેતાનીયત જણાય છે.' વસનજીએ

કહ્યું, 'વખતે એ અમાનુષી પણ હોય. કોઇ અલૌકિક સત્વ એ ખંડમાં દાખલ થયુ છે અને તેને જોઇને એ ત્રણે જણ છળી મર્યાં છે એટલું તો નક્કી છે, પછી તો એ ગમે તે હોય! ભૂત, પ્રેત કે પિશાચ અથવા જંદ પણ હોય! માણસ તો નહિ જ.'

'એમ જ જો હોય–' જયંતે જણાવ્યું, 'તો તો એ મ્હારી શક્તિની બહારની વાત છે કારણ કે હુંયે માણસ છું અને મ્હારૂં જ્ઞાન માણસાઇ શક્તિ કરતાં વધારે નથી. છતાં ભૂત પ્રેત વિષે મ્હને કંઇ શ્રદ્ધા નથી. એટલે તમારૂ અનુમાન માનતા પહેલાં જેટલા બને તેટલા પ્રયત્નો કરી લેવા જોઇએ. તમારાં ભાંડુથી તમે જુદા રહો છો એટલે એમ લાગે છે કે તમારી વચ્ચે કંઇ વાંધો પડેલો. ખરૂંને? મી. વસનજી.'

'એવું થયેલું ખરૂં. અલબત્ત, એ વાતને ઘણો વખત થયો અને હવે તો ગઇ ગુજરી ભૂલાઇ પણ ગઇ છે. અમારી જમીન અને મિલ્કતની વહેંચણી વખતે તકરાર ઉભી થયેલી અને કેટલોક વખત એ કડવાશ ચાલુ રહેલી પણ એનો સંતોષકારક નિવેડો આવી ગયો એટલે એ લાગણી ભૂલાઇ ગયેલી. અમારો સંબંધ કેટલાય વખતથી ઘણો સારો ચાલ્યો આવે છે.'

'કાલે સાંજે તમે ત્યાં રહ્યા તે દરમિયાન જે જે થયું હોય તે એકવાર ફરીથી સંભાળી જાવ. અમે આ બનાવ પર પ્રકાશ નાખે અથવા એ વિષે કંઇ ખુલાસો કરે એવું કંઇ અનુમાન થઇ શકે છે અથવા તો એવું કંઇ યાદ આવે છે કે જેને આધારે આ બનાવ બન્યો હોય એમ માની શકાય? જરા વિચાર કરી જુઓને મી. વસનજી!'

'મ્હને તો એવું કંઇ જ નથી લાગતું.'

'તમારાં ભાઇબ્હેન મઝામાં હતાં?'

'જરૂર.'

'એ લોકો બીકણ તો ન હતાં ને? આવતા ભયની

એમને ખબર પડી હતી?'

'એવું કાંઈજ નહિ હતું.'

'ત્યારે મ્હને મદદ કરે એવી કોઈ પણ વિગત તમારે કહેવાની બાકી નથી રહેતી એમજ ને?'

વસનજીએ થોડીવાર ધ્યાન દઈને વિચાર કર્યો. 'એક વાત કહેવાની રહે છે.' છેવટે એણે ઉમેર્યું. 'અમે જ્યારે પત્તાં રમતા હતા ત્યારે મ્હારી પીઠ બારી તરફ હતી. મ્હારો ભાઈ જગજીવન મ્હારી સામે બેઠો હતો એટલે એની નજર બારી પર પડતી હતી. બારી બંધ હતી પણ સદ્‌ભાગ્યે એમાં કાચ જડેલો હતો એટલે તેમાં થઈને બહાર નજર પડે એવું હતું એટલે એક વખત મ્હેં જગજીવનને ઉંચો થઈને આ તરફ નજર કરતાં જોયો. તે ઉપરથી મ્હેં પાછા ફરીને જોયું તો ઝાડ નીચે કોઈ આમ તેમ ફરતું લાગ્યું પણ એ માણસ હતું કે જનાવર તે સમજાયું નહિ; છતાં મ્હને એમ લાગ્યું ખરૂં કે કોઈ ત્યાં ફરતું હતું. મ્હેં જગજીવનને પૂછ્યું ત્યારે એણે પણ એવો જ જવાબ આપ્યો. એની પણ ખાત્રી થઈ ન હતી કે કોણ હતું ને શું ફરતું હતું! એટલી વિગત મ્હારે કહેવાની રહેતી હતી.'

'એ બાબત તમે કંઈ તપાસ ન કરી?'

'નાજી, એને નજીવી ગણીને કંઈ મહત્ત્વ આપ્યું ન હતું.'

'ત્યારે તમે ભયની સ્હેજ પણ શંકા સિવાય એમને ખુશમિજાજમાં છોડીને ચાલ્યા આવ્યા?'

'હાજી.'

'તો પછી આટલા વ્હેલા એમના સમાચાર તમને શી રીતે મળ્યા?'

'હું હંમેશાં ઘણો જલદી ઉઠું છું અને બનતા સુધી ઘણે દૂર ઝાડે ફરવા જાઉં છું. ઝાડે ફરીને આવતાં મ્હને ડૉક્ટર દીવાનજીની ગાડી મળી એટલે મ્હેં તપાસ કરી ત્યારે ખબર

પડી કે વીરપુરમાં કૈંક ભયંકર બનાવ બન્યો છે અને મુખીએ એમને બોલાવવા મોકલ્યા છે. વીરપુર કૈં દૂર નથી એટલે કુતૂહલવૃત્તિથી હું ડૉક્ટર સાહેબની સાથે ગયો. ત્યાં પહોંચ્યા ત્યારે ખબર પડી કે મ્હારા બે ભાઇ ગાંડા થઇ ગયા હતા અને બ્હેન કમોતે મરી ગઇ હતી! શગડી ઠરી ગઇ હતી અને ઘાસલેટ ખૂટી જવાથી બત્તી હોલવાઇ ગઇ હતી છતાં એ લોકો આખી રાત અંધકારમાં પણ ત્યાં જ બેસી રહ્યા હોય એમ લાગતું હતું. ડૉક્ટરે કહ્યું કે ગોદાવરી ઓછામાં ઓછા છ કલાક પહેલાં મરણ પામી હોવી જોઇએ. મારફાડનું જરા જેટલું પણ ચિન્હ નહિ હતું. એ બેઠી હતી ત્યાં ને ત્યાં જ શીંગડું થઇ ગઇ હતી. વેલજી અને જગજીવન સદંતર ગાંડા થઇ ગયા હતા. અને તેઓ નાચતા હતા, ગીતો ગાતા હતા, હસતા હતા અને વિચિત્ર ચેનચાળા કરતા હતા. એ આખો યે દેખાવ દિલ કંપાવનાર હતો! એ જોઇને મ્હને કંપારી આવી. ડૉક્ટર પણ એ જોઇને સફેદ પૂણી જેવા થઇ ગયા અને પાસેની ખુરસી નજીક ઢળી પડ્યા ને અમે એમનો હાથ પકડીને મુશ્કેલીથી બહાર આણ્યા.'

'ઘણું જ નવાઇ જેવું! બહુ જ નવાઇ જેવું!' એમ કહીને જયંત ઉઠ્યો. 'હવે આપણે વીરપુર જઇએ તો ઠીક. મ્હારે કબૂલ કરવું જોઇએ કે શરૂઆતથી જ આટલો ગુંચવણ ભરેલો એકકે મામલો મ્હારી પાસે આવ્યો નથી.'

સવારની અમારી તપાસનું કૈં જાણવા જેવું પરિણામ આવ્યું નહિ. એની શરૂઆતમાં જ એક એવો બનાવ બન્યો કે જેની છાપ હજી મ્હારા હૃદય પરથી ખસી નથી. એ ભયંકર હોનારતવાળા મકાન આગળ જતાં પહેલાં એક સાંકડી ગલી વટાવવી પડે છે. અમે ત્યાં આગળ પહોંચ્યા ત્યારે સામેથી એક ગાડી આવી એટલે અમે બાજુએ ઉભા રહ્યા. જેવી એ અમારી

૨૬૭૮૧

પાસે થઇને પસાર થઇ તેવી મ્હારી નજર એની અંદર પડી. એની અંદર બે ભયંકર દેખાવના દિવાના જેવા માણસો બેઠા હતા. એ ભયાનક દેખાવ કદી પણ વિસરી ન શકાય એવો હતો.

'મ્હારા ભાઇઓ!' સફેદ પૂણી જેવા ફીક્કા પડી ગયેલા ધ્રુજતા હોઠો હલાવતો વસનજી બોલ્યો: 'એમને દિવાના-શાળામાં લઇ જવામાં આવે છે.'

'અમારી નજર પહોંચી ત્યાં સુધી એ ગાડીની પાછળ અજાયબીથી અમે જોયા જ કર્યું. એ દેખાતી બંધ થઇ એટલે અમે એ ગોઝારા મકાન તરફ આગળ વધ્યા.

એ છેક નાનું ઘર નહિ પણ સાધારણ બંગલા જેવું મકાન હતું અને એની આજુબાજુ નાનો સરખો બાગ પણ હતો એ બાગ તરફ જ જે બારી વિષે વસનજીએ વાત કરી હતી તે પડતી હતી. વસનજીની વાત મુજબ કોઇ એવી ચિજ, વ્યક્તિ કે આસુરી સંપત્તિ એ મકાનમાં દાખલ થઇ હતી કે જેને જોતાં જ એ ત્રણે જણ ડરી ગયાં હતાં અને તેના પરિણામે ભયંકર ઉત્પાત મચી ગયો હતો. મકાનમાં દાખલ થતાં પહેલાં જયંતે ફૂલોની ક્યારીઓ તપાસી. એ એટલો બધો વિચારમાં મશગુલ હતો કે ચાલતાં ચલતાં એની અડફટમાં પાણીનું કુંડું આવી ગયું તેનું એને ભાન પણ ન રહ્યું. પાણી ઢળવાથી એના ને મ્હારા બૂટ પણ ભીંજાયા અને રસ્તો પણ ભીનો થઇ ગયો. અમે ઘરની અંદર ગયા ત્યારે અમને એ લોકોની કામવાળી કાશીબાઇ મળી. જયંતે પૂછ્યું તેના એણે તાબડતોબ જવાબ આપ્યા. રાત્રે એણે કૈંજ અવાજ સાંભળ્યો ન હતો. એ ત્રણે ભાઇ બ્હેન બહુજ ખુશમિજાજમાં હતાં અને એમને કોઇ પણ પ્રકારની ફીકર કે ચિંતા હોય એવું એને લાગતું ન હતું. સવારના પહોરમાં એ ખંડમા દાખલ થતાં વેંત જ એને પણ મૂછ આવી ગઇ હતી. એ જ્યારે શુદ્ધિમાં આવી ત્યારે એણે બારી

ઉઘાડી નાખી હતી અને સવારની તાજી હવા એ ખંડમા આવવા દીધી હતી. ત્યાર પછી એ બહાર નીકળી અને મુખીને ત્યાં એક છોકરાને મોકલી એમને તરત જ ડૉ. દીવાનજીને બોલાવવા મોકલવાનું કહેવરાવ્યું હતું. હજી ગોદાવરીને બાળવાની રજા અપાઇ ન હતી એટલે એ એક ખંડમાં પડી હતી. પેલા બે જણને દિવાનશાળામાં મોકલવા સારૂ ચાર પહેલવાન જેવા માણસોએ માંડમાંડ કરીને ગાડીમાં બેસાડ્યા હતા. હવે એનો વિચાર એક દિવસ પણ એ મકાનમાં રહેવાનો ન હતો. આજે બપોરે જ એ એના મામાને ત્યાં જતી રહેવાની હતી.

પછી અમે ગોદાવરીબાઇનું શબ જોયું. એ ઘણી સૌંદર્યવતી હોય એમ લાગતું હતું. મરતી વખતે તેની સન્મુખ ખડા થયેલા ભયપ્રદ વાતાવરણની વિશાદપૂર્ણ અને ભયંકર છાયા એના મુખપર પડી હતી છતાં એની સુંદરતા ઢાંકી રહેતી ન હતી. ત્યાર પછી અમે જે ખંડમાં આ બનાવ બન્યો તે ખંડમાં ગયા. એ ત્રણે જણ બેઠા હતા ત્યાં હજીએ પત્તાં એમને એમ પડ્યાં હતાં. જયંતે ઘણી જ ચોકસાઇથી બારીક તપાસ કરવા માંડી. એ ખંડમાંથી બારી મારફત બગીચાનો કેટલો ભાગ જણાતો હતો તે એણે ધ્યાન દઇને જોયું. પછી એણે એ ખંડની જમીન, છત અને આજુબાજુની દિવાલો પણ તપાસી જોઇ. એક બાજુ ઠરી ગયેલી શગડી પડી હતી તે પણ જોઇ. પણ એ બધો વખત દરમિયાન એની આંખો ચમકતી હોય કે એના ચહેરા પર એકાએક ફેરફાર થતો હોય એમ મ્હને ન લાગ્યું એટલે હું અનુમાન કરી શક્યો હતો કે એને ખાસ જાણવા જેવું કૈં મળ્યું ન હતું.

'આ શગડીની શી જરૂર હશે?' એણે પૂછ્યું. 'અત્યારે તો વસંતઋતુ બેઠી છે અને હવે કૈં એટલી ટાઢ પણ નથી પડતી.'

વસનજીએ કહ્યું કે કાલે રાત્રે જરા ઠંડી વધારે હતી

એટલે એના આવ્યા પછીથી શગડી પેટાવેલી હતી.

'હવે આપનો શું કરવા વિચાર છે? મી. જયંત!' વસનજીએ પૂછ્યું.

જયંતે મ્હારા ખભાપર હાથ મૂકતાં હસીને જવાબ આપ્યોઃ 'નટવર! હવે આપણે પાછા ફરીએ તો ઠીક. આ બાબત બરાબર વિચાર કરીશ અને આપને ખબર આપવા જેવું હશે તો તરત જ તમને અને મણિભાઇને કહેવરાવીશ. હમણાં તો અમે રજા લઇએ.'

અમે છેક અમારી કુટિરમાં આવ્યા ત્યાં સુધી જયંત કૈં જ બોલ્યો નહિ. આખે રસ્તે એ શાન્ત ચિત્તે વિચાર કર્યાં કરતો હતો. તે પછી પણ કયાં સુધી એકલો બેઠો બેઠો કૈં કૈં વિચાર કર્યે જ ગયો.

'ચાલ ઊઠ, નટવર!' છેવટે એ બોલ્યો. 'આપણે જરા બહાર ફરી આવીએ. તાજી હવા અને પ્રકાશ મ્હારા મગજને પ્રફુલ્લિત કરશે.

'હવે અત્યારે આપણી સ્થિતિ શી છે તે જોઇ જઇએ. નટવર!' અમે દરિયાકિનારાના ખડકો આગળ આવ્યા એટલે જયંત બોલ્યો. 'આપણે જેટલું ખાત્રીપૂર્વક જાણીએ છીએ તે નક્કી કરી લઇએ એટલે પછી સફળ અનુમાન કરી શકાય અને કયાં અનુમાન બંધ બેસતાં છે ને કયાં નથી તે જાણી શકાય. સૌથી પહેલાં તો આપણે એક વાત ખાત્રીથી માનીએ છીએ કે આ કામમાં ભૂત, પ્રેત કે પિશાચનો હાથ નથી તેમ જ કોઇ અલૌકિક ચમત્કારને સ્થાન જ નથી. માનવકોટિથી પર એવી કોઇ પણ વાતને એની સાથે લાગતું વળગતું છે જ નહિ. હવે આપણી સમક્ષ પેલાં ત્રણ માણસ ભયથી ડઘાઇ ગયેલાં છે અને તેમની એ સ્થિતિનું કારણભૂત કોઇ પણ માણસ છે એ વાત નક્કી છે, એ મુદ્દાની વાત છે. હવે એ કયારે બન્યું? જો વસનજીની

વાત ખરી માનીએ તો એ બનાવ એના એ મકાનમાંથી નીકળ્યા પછી તરત જ બનવા પામ્યો હોવો જોઇએ, એ ધ્યાન રાખવા જેવી બાબત છે. મ્હારૂં અનુમાન તો એ છે કે એના બહાર નીકળવા પછી થોડીક જ મિનિટમાં એ બનાવ બની ગયો. પત્તાં હજી જેમનાં તેમ જ પડયાં છે. એમનો સુવાનો વખત થઇ ગયો હતો છતાં પથારી કરાયેલી લાગતી નથી એ શું બતાવે છે? એટલે આ બનાવ વસનજીના ત્યાંથી બહાર નીકળવા પછી અને અગિયાર વાગતા પહેલાં જ બન્યો એમ કહી શકાય.

'હવે આપણે વસનજીએ શું કર્યું તે જોઇએ. એણે એ ખંડમાંથી બહાર નીકળીને શું કર્યું? એ નક્કી કરવામાં હરકત જેવું કૈં નથી તેમજ એ વિષે શંકાને જરા પણ સ્થાન નથી. મ્હારી કાર્ય પદ્ધતિ તું જાણે છે, તે મુજબ તપાસતાં મ્હને જે લાગ્યું તે કહી દઉં. પેલું પાણીનું વાસણ અડફટમાં આવ્યું તે તો તને ખબર છે. એ હું જાણી જોઇને અડફટમાં લાવ્યો હતો. મ્હારે વસનજીના પગલાંની બરાબર છાપ જોઇતી હતી એટલે જ મ્હેં એ ઢોળી નાખ્યું હતું. પાણી ઢળવાથી એનાં પગલાં બરાબર પડયાં. કાલે રાત્રે વરસાદના છાંટા પડ્યા હતા એટલે આ રીતે વસનજીનું નમૂનાનું પગલુ જોયા પછી એનાં બીજાં પગલાં ઓળખવામાં કૈં હરકત ન આવે એ દેખીતી વાત છે. અને એ ઉપરથી એણે શું કર્યું તે સમજી શકાય એમ છે. એના કહેવા મુજબ એ ત્યાંથી નીકળીને સીધો પોતાને ઘેર જ ગયો હતો.

'હવે જો વસનજી ત્યાંથી જતો રહે છે તો જે ભયંકર છાપ પેલાં ત્રણ જણ પર પડી તે પાડનાર કોઈ બીજું માણસ કોણ હતું તેનો ભેદ શોધવાનો રહે છે. કાશીબાઇનો એમાં હાથ હોય એ માની શકાય એવી વાત નથી. એ બિચારી તદ્દન નિર્દોષ લાગે છે. તો પછી રાતના વખતે બહારનું કોઇ માણસ છેક બારીની પાસે આવ્યું અને ત્યાં આગળ ઉભા રહીને પોતાના

ભયંકર દેખાવથી એ ત્રણેને બીવરાવી માર્યાં એ અનુમાનને પુષ્ટિ આપે એવુ કૈં મળી આવે છે. આ બાબતની સૂચના વસનજી તરફથી કરવામાં આવે છે. એ કહે છે કે જગજીવને કૈં જોયું, તેથી એનું ધ્યાન ખેંચાયું અને એને પણ એવું કૈંક જોયાનો ભાસ થયો. એ હકીકત જરા નવાઇ જેવી છે કારણ કે રાત અંધારી હતી તે ઉપરાંત વાદળાં હતાં અને થોડા છાંટા પડ્યા હતા એવે વખતે બહારની બાજુનો સળવળાટ દેખાય એ સ્હમજી શકાય એવી વાત નથી. એ છતાં એવું થયું હતું એમ માની લઇએ તો પણ જે અસર થઇ છે તે ઉપજાવવાને એણે બારીની તદ્દન નજીક આવવું જોઇએ અને એનો પોતાનો ચહેરો બારીના કાચને લાગે એવી રીતે ઉભા રહેવું જોઇએ. એમ કરે તો જ અંદરનાં માણસો એને જોઇ શકે એ તો સ્હમજાય છે ને? હવે એ બારીની પાસે બે એક હાથ પહોળો ફૂલઝાડનો ક્યારો છે ત્યાં મ્હેં પુરતી તપાસ કરી પણ એક્કે પગલું પડ્યું હોય એમ ન લાગ્યું. આ ઉપરથી બહારની કોઇપણ વ્યકિતએ એ ત્રણેના ઉપર આવી ભયાનક અસર ઉપજાવી એ માનવું ભૂલભરેલું છે. એ ઉપરાંત એવી રીતે વર્તવામાં એનો શો હેતુ હોઇ શકે એ પણ સમજાતું નથી. આપણી મુશ્કેલીઓ આ રીતની છે. સ્હમજ પડીને નટવર!'

'હાસ્તો.' મ્હેં કહ્યું.

'છતાં યે એ રીતે આપણને થોડી વધુ વિગતો મળે તો એનો પણ નિકાલ આવી શકે એમ છે.' જયંતે કહ્યું: 'આપણી આજ સુધીની કારકિર્દીમાં આવો ગુંચવણ ભરેલો પ્રસંગ ભાગ્યે જ ઉપસ્થિત થયો હશે, નટવર! બીજી વિગતો મળે નહિ ત્યાં સુધી આપણે આ બાબતનો વિચાર કરવો મુલતવી રાખવો જોઇએ. એને બદલે તને ઠીક લાગે તો આપણે આ પ્રદેશના ઇતિહાસને લગતી વાત કરીએ.'

'મ્હને કૈં વાંધો નથી.'

ઇતિહાસની બાબતમાં જયંત આટલો ઉંડો રસ લેતો હશે અને એનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હશે એની મ્હને તે વખતે ખાત્રી થઇ. આજુબાજુના નિર્જીવ પથરાનો સજીવ ઇતિહાસ એણે શોધી કાઢ્યો હતો અને એની ચર્ચામાં બે ત્રણ કલાક શી રીતે પસાર થયા તે પણ જણાયું નહિ.

તે પછી અમે અમારી કુટિર તરફ પાછા ફર્યા. અમારી વાટ જોઇને એક માણસ બેસી રહ્યો હતો. એ જયંતનો ઓળખીતો નીકળ્યો. એનું નામ અને કામ જાગૃતિનાં હતાં. આફ્રિકાની અંદર પુષ્કળ ખ્યાતિ મેળવનાર વિઠ્ઠલદાસ સર્કસવાળાનું નામ જયંતને પરિચિત હતું. એનું શરીર કદાવર હતું અને આંખો ઝનૂની હતી. એનો એકંદરે દેખાવ પણ ભયપ્રદ હતો.

એ હમણાં કૈંક કામસર આફ્રિકાથી આ તરફ આવ્યો હતો. આટલામાં જ એકાદ ગામમાં એની જન્મભૂમિ હતી એવું જયંતને કહેતાં સાંભળ્યો હતો. અમે આમતેમ ફરવા જતા ત્યારે પણ એને અમે જોયો હતો પણ રૂબરૂ મળવાનો કે વાત કરવાનો આ પહેલો પ્રસંગ હતો. એ એકાન્તનો ઘણો શોખીન હતો અને સાંભળવા મુજબ ઘણોખરો વખત પોતાના બંગલામાં ગાળતો હતો એટલે એને એકાએક અમને મળવા આવેલો જોઇને મ્હને નવાઇ લાગી.

અમને જોતાં વેંત જ એણે જયંત સાથે આ કેસને લગતી વાતચિત કરવા માંડી, એથી મ્હારી અજાયબીમાં ઉમેરો થયો. એની સાથે એને શું લાગતું વળગતું હશે ?

'પોલિસનું નામ જ જવા દો ને! એ લોકો તે શી ધાડ મારવાના હતા.' એણે કહ્યું: 'આપના વિશાળ અનુભવ અને જ્ઞાનને લીધે આપ એમાં કૈં કરી શકો એમ છો? એ કુટુંબ સાથે મ્હારો ઘણો જ જૂનો નાતો છે એટલે હું આપને પૂછવા

આવ્યો છું. આ ભયંકર સમાચાર સાંભળીને મ્હને અત્યંત આશ્ચર્ય ઉપજ્યું છે. ખરૂં પૂછો તો હું આફ્રિકા જવા સારૂ મુંબાઇ ગયો હતો ત્યાંથી આ વાત સાંભળી કે તરત જ હું અહીં આવી પહોંચ્યો.'

જયંતે એની સામે નજર કરી.

'તમે જવાના હતા એ સ્ટીમર તો ગઇ ખરૂં કે નહિ?' એણે પૂછ્યું.

'હવે બીજી બોટમાં જઇશ.'

'અરે બાપરે! આનું નામ તે સંબંધ! પણ તમે છેક છેલ્લી ઘડીએ પાછા ફર્યા તો તમારા સામાનનું—'

'થોડો ઘણો સ્ટીમર પર હતો તે ત્યાં જશે. બાકીનો મુંબાઇ રહેવા દેવો પડ્યો. સારૂં થયું કે એજન્ટને વખતસર ખબર આપી દીધી, નહિતર એ પણ જાત.'

'એમ! પણ તમને શી રીતે ખબર પડી? છાપામાં આ હકીકત આવવાને તો વાર છે.'

'હાસ્તો. મ્હને તાર મળ્યો હતો.'

'કોણે કર્યો હતો એ પૂછું તો હરકત નથી ને?'

એના ચહેરા પર સ્હેજ કાલિમા છવાઈ ગઇ.

'તમે વધારે પડતી પૂછપરછ કરો છો! મી. જયંત!'

'એ તો મ્હારો ધંધો જ છે.'

જેમ તેમ કરીને પોતાનો કચવાટ સમાવીને વિઠ્ઠલદાસે જવાબ આપ્યો: 'તમને કહેવાને કંઈ હરકત નથી. અહીંના મુખી મણિભાઇએ મ્હને તાર કર્યો હતો. એ મળ્યો એટલે હું પાછો ફર્યો.'

'આપની મોટી મહેરબાની છે કે મ્હારા સવાલનો જવાબ બરાબર આપો છો. હવે તમારા મૂળ સવાલનો ઉત્તર આપું. હજી સુધી હું કંઈ નિર્ણય પર આવી શક્યો નથી પણ મ્હને આશા છે કે હું યોગ્ય નિર્ણય પર આવ્યા સિવાય નહિ રહું. એથી વધુ

અત્યારે કહી શકાય એમ નથી.'

'આપને કઇ બાબત પર શક જાય છે એ વિષે મ્હને કૈં જણાવશો ?'

'ના. એ અત્યારે ન જણાવી શકાય.'

'ત્યારે તો મહેનત બરબાદ ઔર ગુનાહ લાઝીમ! ખાલી ફોકટનો આપણા બેઉનો વખત ગુમાવ્યો!' એમ કહીને મોઢું ચઢાવીને વિઠ્ઠલદાસ ચાલ્યા ગયા.

એમના ગયા પછી પાંચેક મિનિટે જયંત પણ બહાર ગયો તે છેક સાંજે પાછો ફર્યો; પણ એની મંદ ગતિ અને હાવરો બહાવરો ચહેરો કહી આપતાં હતાં કે એને પુરતા સમાચાર મળ્યા ન હતા. એના ગયા પછી એક તાર આવ્યો હતો તે વાંચીને એણે કહ્યું: 'વિઠ્ઠલદાસની વાત સાચી લાગે છે. મણિભાઇ પાસેથી મ્હેં એનું મુંબાઇનું ઉતરવાનું ઠેકાણું પૂછી લીધું હતું અને તાર કરી ત્યાં તપાસ કરાવી હતી. એનો થોડોક સામાન આફ્રિકા ચાલ્યો ગયો એ વાત પણ ખરી છે. આ ખબર મળતાં વેંતજ એ એકાએક પાછો ફર્યો એ ઉપરથી તું શું ધારે છે? નટવર!'

'એજ કે એને એ સાથે પુષ્કળ હિતસંબંધ છે.'

'બરાબર છે! મ્હારૂં પણ એવું જ અનુમાન છે. એ વિષે તપાસ કરવા જેવી છે અને વખતે એ ગુંચ ઉકેલીએ તો આખા કોયડાનો નિકાલ આવી શકે એમ છે. હજી આપણને બધી વિગતો મળતી નથી. એ મળે તો એનો ઉકેલ મુશ્કેલ નથી.'

નવી વિગતો મળવા બાબત જયંતે કરેલી વાત તરત જ ખરી પડશે એવું કોણે ધાર્યું હોય! એકાએક એવો પ્રસંગ બન્યો કે જેથી અમારી તપાસનું ક્ષેત્ર વિશાળ થયું.

બીજે દિવસે સવારમાં ચહા પીતી વખતે મ્હેં બહાર ગાડીનો ખડખડાટ સાંભળ્યો. મ્હેં દરવાજો ઉઘાડ્યો એટલે ગભરાયલા

ગભરાયલા મણિભાઇ અંદર આવ્યા.

એમના ઉશ્કેરાટનો પાર ન હતો. જયંતને જોતાં વેંતજ એ બોલી ઉઠ્યાઃ 'અરે જયંતભાઇ! અમારે ત્યાં ભયંકર ભૂતાવળ જાગી લાગે છે. આ ગામ પર કાળનું ચક્કર ફરતું જણાય છે! ભારે કોપ ઉતર્યો લાગે છે! શી વાત કરૂં! કાલે રાત્રે વસનજી મરણ પામ્યા, એમનાં ભાઇબ્હેનના જેવી જ ભૂંડી હાલતે એમનું પણ મ્હોત નિપજ્યું.'

જયંત એકાએક ઉભો થઇ ગયો.

'ચાલો, તમારી સાથે હું આવું છું. અમારા બેઉ માટે ગાડીમાં જગ્યા થઇ શકશે ને?'

'ઘણી ખુશીથી.'

'ચાલ ઉઠ તો, નટવર! આપણે શું થયું તે જોઇ આવીએ. ચાલો મણિભાઇ!'

વસનજીનું મકાન મણિભાઇની નજીક જ હતું. એની આજુબાજુ નાનો સરખો બગીચો હતો.

ડૉકટર કે પોલિસ એમનાં પનોતાં પગલાં મૂકે તે પહેલાં જ અમે પહોંચી ગયા હતા એટલે દરેક ચીજ જેમની તેમ પડી હતી.

એ બનાવની સંપૂર્ણ છાપ હજી પણ મ્હારા મગજમાં તાજી જ છે.

એ ખંડની હવા બહુ જ ખરાબ રીતે વાસ મારતી હતી. સવારે નોકરે આવીને બારી ઉઘાડી નાખી હતી નહિતર એથી પણ વધુ ખરાબ હવા હોત. એનું એક કારણ એ પણ હોઇ શકે કે એ ખંડની વચ્ચોવચ એક મોટું લૅંપ પૂરજોસમાં બળતું હતું, અને એની ધુણી નીકળતી હતી. એની બાજુમાં વસનજી ચત્તોપાટ પડીને મરણ પામ્યો હતો. એનું મ્હોં ફાટી ગયું હતું અને ચશ્માં કપાળ પર ચઢી ગયાં હતાં. એનું મ્હોં બારી તરફ હતું અને જે ચિન્હો મરતી વખત ગોદાવરીના મ્હોં પર હતાં

તેજ ચિન્હો એના મ્હોં પર પણ દેખાતાં હતાં. એનાં હાડકાં અકડાઇ ગયાં હતાં અને હાથની મુઠીઓ વળી ગઇ હતી એટલે મરતી વખતે એ ભયનો માર્યો ખૂબ તણાઇ ગયો હોવો જોઇએ. એણે પૂરતાં કપડાં પહેર્યાં હતાં. જો કે એ ઉતાવળમાં જ પહેર્યાં હોય એમ જણાઇ આવતું હતું. અમે એની પથારી જોઇ તો એનો ઉપયોગ થયો હોય એમ લાગ્યું. એટલે એનો આ ભયાનક અંત સવારના વખતે જ આવ્યો હશે એમ જણાયું.

આ દેખાવ જોતાં જયંતની આંખો ચમકવા લાગી અને એનો ઉશ્કેરાટ વધી પડયો. એ બહાર બગીચામાં જઇ આવ્યો, બારી જોઇ, ચારે બાજુ ફર્યો, અને આમતેમ ચોકસાઇથી તપાસ કરી. વસનજીના સૂવાના ખંડમાં જઇને એણે બારી-કાઇથી જોવા માંડયું અને એકાએક બારીઓ ઉઘાડી નાખી. એક બારીની બહાર ડોકાવીને એણે જોયું. સૂવાનો ખંડ પહેલે માળે હતો, એટલે ત્યાંથી એ ધડાધડ નીચે ઉતર્યો અને ઉઘાડી બારી વાટે બાગમાં કૂદ્યો, વળી પાછો કૂદકો મારીને અંદર આવ્યો એ બધું શિકારી કૂતરો પોતાના શિકારની પૂંઠ પકડતી વખતે જેટલી ચપળતાથી કરે એટલી ચપળતાથી એણે કર્યું. પછી એણે પેલું સાદી બનાવટનું લૅંપ બારીકાઇથી અને ઘણી જ ચોકસાઇથી ધારી ધારીને તપાસ્યું. એના ખડીયાનું પણ કંઇક માપ લીધું. ચીમનીની ઉપરનું છાપરું એણે સૂક્ષ્મદર્શક કાચ વડે તપાસી જોયું, અને એની ઉપરની બાજુ મેંશ વળી હતી તેમાંથી થોડી એણે એક કાગળ પર લઇ લીધી અને પડીકું વાળીને ખીસ્સામાં મૂકી. એવામાં ડૅાકટરની તેમ જ પોલિસની સ્વારી પધારી એટલે મુખી સાથે અમે બહાર નીકળીને બાગમાં આવ્યા.

'આનંદની વાત છે કે મ્હારી તપાસ નિષ્ફળ નથી ગઇ.' બહાર નીકળ્યા પછી જયંતે કહ્યું: 'પોલિસ સાથે ખાલી વાટા-

ચ્યાટ કરવા રોકાવાની મ્હને જરૂર નથી; એમને એમનું કામ કરવા દેવું એજ ઉચિત છે, છતાં એમનું ધ્યાન સૂવાના ઓરડા-ની બારી અને નીચેના ખંડના લૅંપ તરફ ખેંચશો અને જણાવશો કે બનતા સુધી તેમાંથી એમને લાયકની બાતમી મળી શકશે. સ્હમજ્યા ને? મણિભાઈ! એ ઉપરાંત પોલિસને મ્હારી સલાહની જરૂર જણાય તો ખુશીથી મ્હને આવીને મળે.'

એમ કહીને અમે ત્યાંથી રજા લીધી.

એ વાતને બે દિવસ થઈ ગયા છતાં પોલિસે જયંતને મળવાની જરૂર ધારી ન હતી. એની માન્યતા વખતે જુદી જ હશે. એણે કાં તો જયંતને સાધારણ શિખાઉ માણસ માની લીધો હશે. એ બેઉ દિવસ જયંત આજુબાજુના નિર્જન પ્રદેશમાં કલાકોના કલાકો સુધી એકલો ફરી આવતો હતો. આ કરૂણારસિક બનાવ વિષે મ્હારી સાથે એણે કંઈજ વાત કરી ન હતી. એ ક્યાં જતો હતો અને શું કરતો હતો તે પણ કહેતો ન હતો.

એના એક અખતરાથી એ કઈ જાતની તપાસ કરતો હતો તે મ્હને સમજાયું. વસનજી મરણ પામ્યો તે વખતે એના ખંડમાં જે જાતનું લૅંપ બળતું હતું તેજ જાતનું લૅંપ એ લઈ આવ્યો હતો. એણે જેવું ઘાસલેટ વસનજીને ત્યાં વપરાતું હતું તેવું ઘાસલેટ એમાં ભર્યું અને એને બળી રહેતાં કેટલો વખત લાગે એ નક્કી કર્યું. એ પછીનો એનો અખતરો બહુ વિચિત્ર હતો અને તે કદી પણ ન ભૂલી શકાય એવા પ્રકારનો હતો.

'તને યાદ હશે, નટવર!' ત્રીજે દિવસે બપોરે એણે મ્હને કહ્યું. 'કે આ બન્ને બનાવો વચ્ચે પુષ્કળ મળતાપણું છે. એમાં ખાસ કરીને બન્ને ખંડનું ઝેરી વાતાવરણ આપણું પ્રથમ ધ્યાન ખેંચે છે. બેઉ કેસમાં સૌથી પ્રથમ દાખલ થનાર પર જે અસર થઈ તે આપણે સાંભળી છે. વસનજીએ એનાં ભાઈ બ્હેનની

વાત કરી ત્યારે કહ્યું હતું કે એ ખંડમાં દાખલ થતાં વેંત ડૉક્ટર બેશુદ્ધ થઇ ગયા હતા. એ તો તને યાદ છે ને? એ ઉપરાંત કાશીબાઇએ પણ કહ્યું હતું કે એ ખંડમાં દાખલ થતાં જ એને મૂર્છા આવી ગઇ હતી અને એ વળ્યા પછી જ એણે બારી ઉઘાડી હતી. બીજા કેસમાં–વસનજીની બાબતમાંસ્તો–નોકરે બારી ઉઘાડી હતી તો પણ આપણે ગયા તે વખતે જે અસહ્ય બદબો હતી તે ભૂલાય એમ નથી. નોકર બાબત મ્હેં તપાસ કરી તો જણાયું કે એ બિચારો એને પરિણામે પથારીવશ છે. આ ઉપરથી તારી ખાત્રી થશે, નટવર! કે આ વિગત ઘણી જ ઉપયોગી અને અગત્યની છે. બેઉ કેસમાં વાતાવરણ ઝેરી થઇ જવાનો પુરાવો પડે છે. બેઉ કેસમાં કૈં ને કૈં બળતું હોવાનું પણ જણાય છે. એકમાં બળતી શગડી ને બીજામાં બળતું લૅંપ. શગડીની તો જરૂર હતી એમ માનીએ પણ લૅંપ તો ખાસ્સુ અજવાળુ થયા પછી પણ બળતું હતું. એનું શું કારણ? જવાબ એ છે કે એ ત્રણે મુદ્દાઓ એક બીજા સાથે સંકળાયેલા છે, એક તો બળતી શગડી અથવા લૅંપ, બીજું ઝેરી વાતાવરણ અને ત્રીજું એને અંગે પરિણમતુ ગાંડપણ અથવા મૃત્યુ આ તો સમજી શકાય એમ છે ને?'

'એમાં કૈં વાંધા જેવું નથી.'

'કૈં નહિ તો એના ઉપરથી આપણે અનુમાન કરીને કામ કરી શકીએ. હવે આપણે એમ ધારીએ કે બેઉ કેસમાં એવી કોઇ ચીજ બાળવામાં આવી હતી કે જેને અંગે વાતાવરણ ઝેરી થઇ ગયું હતું. બરાબર છે? હવે પહેલા કેસમાં પેલાં ત્રણ ભાઇ બ્હેનની બાબતમાં આ ચીજ શગડીમાં બાળવામાં આવી હતી. બારી બંધ હતી પણ એનું બીજી બાજુનું બારણું અદખોલુ હતું એટલે તે વાટે થોડીક ધુમાડી બહાર ચાલી ગઇ હશે. એ ઉપરથી બીજા કેસના કરતાં એમાં ઓછી અસર થઇ હશે એમ

લાગે છે. પહેલા કરતાં બીજામાં એ રીતે ધુમાડી ઓછી ગઇ હોય એમ જણાય છે. બેઉ કેસનાં પરિણામ પરથી સમજી શકાય છે કે અનુમાન ભૂલભરેલું નથી. પહેલા કેસમાં ગોદાવરીબાઇ મરણ પામી હતી કારણ કે પુરૂષો કરતાં સ્ત્રીઓની શારિરિક સ્થિતિ સ્વભાવિક નબળી હોય છેઃ અને આવા હુમલામાં ટકી શકવી મુશ્કેલ હોય છે; અને એના બે ભાઇઓ ગાંડા થઇ ગયા હતા, જે ઝેરી વાતાવરણની પ્રાથમિક અસર જણાય છેઃ પછી એ ગાંડપણ હમેશનું હોય કે માત્ર થોડા વખત પુરતું જ હોય. બીજા કેસમાં પરિણામ સંપૂર્ણ હતું. તે ઉપરથી એ ઝેરી હવા અને તેની અસર વિષેનું આપણું અનુમાન ખરૂં છે એમ પુરવાર થાય છે.

'વિચારોની આ પરંપરા મ્હારા મગજમાં હતી એટલે સ્વાભાવિક રીતેજ મ્હેં આ વિચિત્ર ચીજનો કોઇ અંશ રહી ગયો છે કે કેમ તે બાબત વસનજીના ખંડમાં તપાસ કરી અને એને માટે જોવાનું સ્થાન લૅંપની ઉપરનું ઢાંકણું હતું. ત્યાં જોયું તો પુષ્કળ મેશ વળેલી હતી અને તેની સાથે કિનારી પાસે તપખીરિયા રંગની કૈંક ભૂકી પડેલી હતી. એ ભૂકી કિનારી પાસે હોવાથી બળી ગઇ ન હતી. એમાંથી અર્ધી ભૂકી લઇને મ્હેં પડીકુ વાળ્યું તે તો તને ખબર છે!'

'અર્ધી જ કેમ જયંત!'

'એનું કારણ એ છે કે મ્હારો ઇરાદો પોલિસની તપાસમાં જરા પણ ખલેલ કરવાનો નથી. મ્હને જે જે પુરાવા મળ્યા તે મ્હેં એમને એમ પોલિસ સારૂ રહેવા દીધા છે. પેલી ઝેરી ભૂકી હજી પણ ઢાંકણા પર પડી છે. એમનામાં અક્કલ હોય તો એ ભલે શોધી કાઢે, બાકી એક વાત છે કે આપણે દોઢ ડહાપણ વાપરીને એમને શીખવવા જવાની જરૂર નથી. હવે આપણે પેલું લૅંપ સળગાવીએ, નટવર! મૃત્યુની મ્હેમાનગીરી ચાખવાની

આપણી ઇચ્છા નથી એટલે આપણે બારી ખુલ્લી રાખીને બેસીશું કે જેથી એ ઝેરી હવા આપણને ખરાબ અસર ન કરી શકે, જો તારો આ અખતરામાં ભાગ લેવાનો વિચાર ન હોય તો તું પેલી બાજુએ બારી નજીક આરામ ખુરસી લઇને બેઠો બેઠો નિરાંતે જોયા કર. એમ! એ રીતે નથી બેસવું? ભાગ લેવો છે! બહુ સારૂં! આપણી કૈં ના નથી. પણ હું ગાંડો થઇશ તો તું દવા તો કરીશ. નહિ? બેઉ સાથે ગાંડા થઇ જઇશું તો હરકત નથી એમજ ને! મ્હારી ખુરસી પણ બરાબર તારી સામે જ રાખું છું એટલે આપણે બેઉ લૅંપથી સરખે અંતરે હોઇશું, એકબીજા સામે જોઇ શકીશું. આપણે બારણું ખુલ્લું રાખીશું, હવે આપણે એકબીજા પર દેખરેખ રાખીએ એમ છીએ અને આપણો અખતરો ગંભીર રૂપ લેતો જણાય તો પરસ્પર મદદ કરી શકીશું. સમજાયું ને? નટવર? ચાલો ત્યારે હવે હું આ લૅંપના ઢાંકણા પર પેલી ભૂકી નાખું છું. ચાલ નટવર! હવે આપણે સ્વસ્થ ચિત્તે બેસીને શું થાય છે તે જોઇએ.'

અને એને વાર પણ ન લાગી. હું મ્હારી ખુરસીમાં સ્વસ્થ થઇને બેસું એટલામાં તો બહુ જ ખરાબ વાસ મારતો કાળો ધુમાડો બાજુબાજુ પથરાવા લાગ્યો સૌથી પહેલાં જ મ્હારા મગજને ઝાટકો લાગ્યો અને મ્હારી કલ્પના શકિત પરનો કાબુ છટકી ગયો. એકાએક આંચકો લાગતાં ઘડિયાળની કમાન છટકી જઇને કાબુમાં ન રહે તેવી રીતે કલ્પનાશકિતનાં ગગનગામી ઉડ્ડયન શરૂ થઇ ગયાં અને એમણે અજબ રીતે વ્યોમવિહાર કરવા માંડયો. અને એ ઉડ્ડયનોમાં દુનિયા પર નહિ જોયેલું એવું માયાનું અપાર ભયાનક સ્વરૂપ મ્હારી નજરે પડયું. અતિ ભયંકર પ્રાણીઓ, વિકરાળ મગરો, ઉડતા રાક્ષસો જવાળાઓ કાઢતા સર્પો અને હમહમાટ કરતાં ભયંકર પક્ષીઓ મ્હારી આજુબાજુ ફરતાં હોય એમ મ્હને જણાયું. ચારે બાજુ

એવા ભયંકર અવાજ થતા લાગ્યા કે હમણાં મ્હારો જીવ નીકળી જશે એમ મ્હને લાગ્યું. મ્હારા વાળ શાહુડીનાં સિસોળિયાં પેઠે ઉભા થઇ ગયા! આંખો ચકર વકર થઇને ચઢી ગઇ અને મોઢું ફાટી ગયું તેમજ જીભ ચામડાની પેઠે સુકાઇને સંકોચાઇ ગઇ. મ્હારા મગજનું તેલ સાવ બળી ગયું લાગ્યું.

'મ્હેં બૂમ મારવા યત્ન કર્યો પણ મ્હારા ગળામાંથી અવાજ ન નીકળ્યો. મ્હારો ઘોઘરો બંધ થઇ ગયો હતો! બીજું કોઇ બહુ જ જાડા અને ખરખરા અવાજે બોલતું હોય એમ લાગ્યું. સદ્ભાગ્યે મ્હારૂં મોં બારી તરફ લંબાયું અને હું એ ઝેરી અસરમાંથી કૈંક મુક્ત થયો. જયંતનો સફેદ પૂણી જેવો ચહેરો મારી નજરે પડયો. એના મોઢા પર મૂર્તિમંત ભયની છાપ જણાતી હતી. એવી જ છાપ મરનાર વસનજી અને ગોદાવરીના ચહેરા પર પણ હતી. એ જોઇને મ્હારી અક્કલ ઠેકાણે આવી અને પ્રભુએ પૂરતું બળ આપ્યું એટલે હું એકદમ ઉઠયો અને જયંતને ગળે હાથ નાખીને સામેના બારણા વાટે એને બહાર ખેંચી ગયો. બહાર જતા વેંત જ અમે બેઉ ફસડાઇ પડ્યા અને અમારી નજર આગળનાં ભયાનક દૃશ્યો જોતાં જોતાં એકબીજાની અડોઅડ અર્ધ મૂર્છાવસ્થામાં પડી રહ્યા. ધીરે ધીરે અમને ભાન આવતું ગયું અને છેવટે અમારી તંદ્રા ઊડી ગઇ; છતાં ઝેરી અસરની છાયા રૂપે માથાનો સખત દુ:ખાવો રહી ગયો.

અમે બેઉએ એકબીજાની સામે જોયું અને પરસ્પરની પરિસ્થિતિ પર દયા આવી!

'મ્હારે તારો આભાર માનવો જોઇએ, નટવર!' છેવટે જયંત બોલ્યો. 'કે તેં મ્હને બહાર ખેંચી આણ્યો. ખરેજ! આ અખતરામાં ભાગ લેવાની સૂચના કરવા બદલ મ્હારે તારી માફી માગવી જોઇએ. પુરેપુરૂ જાણ્યા સિવાય તને એમાં સંડો-

વવો એ ઠીક ન હતું. હું બહુજ દિલગીર—'

'આપણા વચ્ચે એ નથી શોભતું. જયંત!'

મ્હેં એને આટલો લાગણીવશ થતો કદીએ જોયો ન હતો એટલે કહ્યું, 'ખરૂં પૂછે તો આવો અનુભવ કયારે મળવાનો હતો!'

એને એ જવાબથી સંતોષ થયો.

'ખરૂં કહીએ તો આપણે બેઉ જણુ ગાંડા બની ગયા હતા.' એણે સસ્મિત કહ્યું. 'એમ ન હોત તો આવો મૂર્ખાઇ ભર્યો અખતરો કરવાનો આપણે વિચારજ ન કરત! મ્હેં એમ ધાર્યું ન હતું કે એની અસર આટલી જલદી અને આવી તેજ તેમજ ભયંકર થતી હશે!' એણે એકાએક કુટિરમાં જઇને પેલું લૅંપ લઇને દૂર ફેંકી દીધું. 'હવે થોડીવાર સુધી વાતાવરણ સ્વચ્છ થવા દેવું પડશે. આ ભયંકર બનાવ શી રીતે બન્યો એ બાબતની તને જરા પણ શંકા નહિ રહી હોય, નટવર!'

'જરા પણ નહિ.'

'પણ હજી એનો હેતુ પહેલાંની માફક અણઉકલ્યો રહે છે. ચાલ, આપણે એ વિષે વિચાર કરી જોઇએ. હજી એ ઝેરી હવાની અસર મ્હારા ગળા આગળ રહી ગઇ છે. મ્હારા માનવા મુજબ પહેલા કેસમાં બધા પુરાવા બતાવે છે કે વસનજી જ ગુન્હેગાર હતો; જો કે બીજા કેસમાં એ જાતે જ એવી રીતે મરણ પામ્યો છે તોપણ. સૌથી પહેલાં તો આપણે સાંભળીએ છીએ કે ચાર ભાઇબ્હેન વચ્ચે કંઇક કજીયો થયો હતો અને એના પરિણામે વસનજી જુદો રહેતો હતો. વસનજીનો ચહેરો જોઇશું તો એના જેવા માણસો એટલા બધા મનના મેલા હોય છે કે ન પૂછો વાત! એટલે એ પણ એવો મનનો મેલો હોય તો નવાઇ નથી. હવે બીજી બાબત વિચાર કરીએ. બાગમાં કોઇ ફરતું હતું એવું બારીમાંથી જણાયું એમ કહીને આપણું બીજી તરફ ધ્યાન ખેંચનાર પણ એજ હતો. એનો આપણી પાસે એ

વાત રજુ કરવાનો પણ હેતુ હતો, કારણ કે એથી આપણે એમ ઉંધે રસ્તે તપાસ કરીએ તો ઠીક. એણે ઘરમાંથી બહાર નીકળતી વખતે આ ભૂકી શગડીમાં નાખી ન હતી તો બીજા કોણે નાખી? એના બહાર નીકળ્યા પછીથી તરત જ એ ભયંકર બનાવ બન્યો. જો એના ગયા પછી બીજું કોઇ આવ્યું હોત તો ત્રણે ભાઇબ્હેન પત્તાં રમતાં રમતાં ઉઠ્યાં હોત અથવા રમત બંધ કરી હોત. અને આવા શાન્ત એકાન્ત ગામડામાં રાતના દસ અગિયાર વાગ્યે ભાગ્યે જ કોઇ મળવા આવે એમ હોય છે એટલે એ બધા પરથી જણાય છે કે એમાં વસનજીનો હાથ હતો અને એજ ગુન્હેગાર હતો.'

'તો પછી એણે પોતે પણ આપઘાત કર્યો હોવો જોઇએ.'

'એ અનુમાન સાવ અસંબદ્ધ નથી, નટવર! જે માણસે પોતાનાં ભાઇ બ્હેનો પર કાળો કેર વર્તાવ્યો હતો તે એકાએક પસ્તાઇને આપઘાત કરવા પ્રેરાય એ અસંભવિત નથી. પણ એની વિરૂદ્ધ કેટલાંક બીજાં કારણો છે. સદ્‌ભાગ્યે એ બધાં કારણો અને વિગતો એક માણસ જાણે છે અને એ જાતે અત્રે આવીને બધી વિગત આપણને જણાવે એવી મ્હેં ગોઠવણ કરી છે, ચાલો, એ ટાઇમ થાય તે પહેલાં આવી પહોંચ્યા. આવો મી. વિઠ્ઠલદાસ! અમે હમણાં તમારીજ વાત કરતા હતા! મ્હેં હમણાં એક વિજ્ઞાનનો અખતરો કર્યો હોવાથી કુટિરના અંદરના ભાગનું વાતાવરણ બગડી ગયું છે એટલે આપણે અહીં જ બેસવું પડશે.'

અમે વાત કરતા હતા તે દરમિયાન બાગનો ઝાંપો ઉઘડવાનો અવાજ સંભળાયો હતો અને અમને એક બાજુએ બેઠેલા જોઇને વિઠ્ઠલદાસ એ તરફ આવતા હતા ત્યાં જયંતે એમને બોલાવીને આવકાર આપ્યો.

'તમે મ્હને બોલાવ્યો હતો ખરૂંને? જયંતરામ! કલાકેક

અગાઉ ચીઠ્ઠી મળી એટલે આ તરફ આવ્યો. બાકી તમારી સૂચના મ્હારે શા માટે માન્ય રાખવી જોઇએ, તે સ્હમજાતું નથી.'

'આપણે છૂટા પડીએ તે પહેલાં એ સ્હમજાઇ જશે.' જયંતે કહ્યું: 'એ દરમિયાન એ માન્ય રાખ્યા બદલ મ્હારે આપનો આભાર માનવો જોઇએ. અમે હમણાંજ એક ભયંકર કાર્ય પુરૂ કર્યું છે અને હવે વાતાવરણ શુદ્ધ થવાની રાહ જોઇએ છીએ. શુદ્ધ વાતાવરણમાં આપણે એ વિષયની વાત કરીએ તે વધારે સારૂં છે.'

એ સાંભળીને વિઠ્ઠલદાસે ધ્યાન દઇને જયંત તરફ જોયું.

'તમે જરા વધુ ખુલાસાથી બોલો તો ઠીક.'

'આપણી વાતચિતમાં તમારો હિતસંબંધ વધુ છે અને એ શુદ્ધ વાતાવરણમાં ખરેખરી–જેમ બની તેમ એક બીજાને વાત કરીએ એ વધુ ઠીક છે.'

'શી બાબતની વાતચીત ?'

'વસનજીના ખૂનને લગતી.' જયંતે જણાવ્યું.

એક ક્ષણ તો મ્હને એમ લાગ્યું કે મ્હારી પાસે હથીઆર હોત તો ઠીક થાત. વિઠ્ઠલદાસનો ઝનૂની ચહેરો ગુસ્સાનો માર્યો લાલચોળ થઇ ગયો, એના કપાળ પર નસો તરી આવી અને એકાએક કૂદીને એણે જયંતનું કાંડું પકડયું. પછી એ એકાએક થોભ્યો અને મહામહેનતે પોતાનો ગુસ્સો સમાવીને ધડકતે હૃદયે બેઠો; પણ એ સ્થિતિ એના ગુસ્સા કરતાં વધુ ભયંકર હતી.

'અત્યાર સુધી હું જંગલી પ્રદેશમાં અને મોટે ભાગે જંગલી જનવરો સાથે કાયદાનાં બંધનથી પર એવી સ્થિતિમાં રહ્યો છું.' એણે કહેવા માંડયું. 'એટલે કાયદાનાં બંધન લેખવવાં મ્હને ગમતાં નથી; અને મ્હારે તમને ચેતવવા જોઇએ જયંતરાય ! કે તમે મ્હારી સાથે કૈં વાત કે વર્તન ચલાવતી વખતે એ ભૂલી જતા નહિ, નહિતર એનું પરિણામ સારૂ નહિ આવે, જો કે મ્હારી ઇચ્છા તમને હેરાન કરવાની છેજ નહિ.'

'અને હું પણ તમને હેરાન કરવા માગતો નથી સ્હમજ્યાને વિઠ્ઠલદાસ! એની મોટામાં મોટી સાબિતી તો એ છે કે હું જે જાણું છું તે જાણ્યા પછી પોલિસને બોલાવવાને બદલે મ્હેં તમને બોલાવ્યા છે અને વાત કરૂં છું.'

એ સાંભળીને વિઠ્ઠલદાસ ઠંડો થઇ ગયો. એની જીંદગીમાં વખતે પહેલીજવાર એનાં મોતિયાં એ રીતે મરી ગયાં હશે! જયંતની રીતભાત એટલી ભવ્ય હતી કે એની સામા પર અસર પડ્યા સિવાય ભાગ્યેજ રહી શકે!

'તમે શું કહેવા માગો છો?' છેવટે એણે પૂછ્યું. 'જો તમે ખાલી તોપ મારવાની વાત કરતા હો તો તમે ભીંત ભૂલ્યા છો, જયંતરાય! હવે આડી અવળી વાત રહેવા દઇને તમે કહેવા શું માગો છો તે બોલોને.'

'તેજ હું કહું છું.' જયંતે કહ્યું: 'છતાં આ રીતે વાત કરવાનું કારણ એટલુંજ છે કે જેટલા ખુલ્લા હૃદયથી હું વાત કરૂં છું તેટલા જ ખુલ્લા હૃદયથી મ્હને જવાબ મળવો જોઇએ. એ બાબત-પર તમે જે રીતે વર્તશો તેના ઉપર મ્હારે છેવટે કેવાં પગલાં ભરવાં અને તમને બચાવવા કે કેમ તેનો આધાર રહેશે.'

'મ્હારો બચાવ?'

'હાજી.'

'કઇ બાબતસર મ્હારો બચાવ?'

'વસનજીને મ્હારી નાખવાના આરોપમાંથી તમારો બચાવ.'

વિઠ્ઠલદાસે રૂમાલ વતે પોતાના કપાળ પરનાં પરસેવાનાં બિંદુઓ લુછ્યાં.

'ખરેખર! તમે તો હવે ફેંકયે રાખો છો!' એણે કહ્યું: 'તમારી ફત્તેહ આ જાતની તોપો ફેંકવા પર આધાર રાખે છે કે શું!'

'ખોટી તોપો?' જયંત બોલ્યો: 'ખોટી તોપો અને

ફેંકવાની વાત તો તમે કરો છો વિઠ્ઠલદાસ ! હું નહિ, રહમજ્યાને ! એના પુરાવા તરિકે કેટલીક વિગતો હું કહી જઉં એટલે તમારી ખાત્રી થશે કે એ અનુમાન પર હું શા ઉપરથી આવ્યો છું. સૌથી પહેલાં તો સ્ટીમરમાં અરધો-પરધો સામાન જવા દઈને પણ તમે મુંબાઈથી પાછા ફર્યા એ બતાવી આપે છે કે તમારો આ કેસમાં પુષ્કળ હિતસંબંધ છે અને તમે—'

'હું પાછો આવ્યો—'

'તમારાં કારણો મ્હેં સાંભળ્યાં છે અને તે સંતોષકારક નથી એ વિગત બાજુએ મૂકીએ. તે પછી તમે અહિં દોડી આવો છો, અને પૂછો કે હું કોને ગુન્હેગાર ધારૂં છું. એનો જવાબ આપવાની મ્હેં ના પાડી. પછી તમે વસનજીના મકાન આગળ ગયા અને થોડો વખત બહાર ઉભા રહ્યા. તે પછી તમારે ઘેર ગયા.'

'એ તમે શી રીતે જાણ્યું ?'

'હું તમારી પાછળ આવ્યો હતો.'

'મ્હેં તો કોઈને જોયું ન હતું.'

'હું કોઈની પૂંઠ પકડું છું ત્યારે એ માણસ એમ જ માન્યા કરે એની હું બરાબર કાળજી રાખું છું. તમારા મકાનમાં પણ તમને બરાબર ઊંઘ ન આવી, તમે અનેક વિચાર કર્યા અને યુક્તિઓ કામે લગાડવાના મનસુબા કર્યા. છેવટે તમને એક યુક્તિ પસંદ પડી અને સવારના વહેલા ઉઠીને એને અમલમાં મૂકવા તમે બહાર પડ્યા. સવાર થતાં પહેલાં તમે ઉઠીને તમારા કબાટમાંથી તપખીરિયા રંગની ભૂકી લઇ તેનું પડીકું વાળી ખીસ્સામાં મૂકીને બહાર નીકળ્યા.'

વિઠ્ઠલદાસે એકાએક ચમકીને જયંત સામે જોયું.

'પછી તમે ચાલ્યા ચાલ્યા વસનજીના બાગમાં ગયા. અત્યારે પહેર્યા છે તેજ બૂટ તમે તે વખતે પણ પહેર્યા હતા

અને તમારા હાથમાં લાકડી હતી. એના બાગમાં નાને ઝાંપેથી તમે પેઠા અને એના શયનખંડની બારી સામે ઉભા રહ્યા. એ વખતે સવાર પડી ગયું હતું પણ માણસો જાગ્યાં ન હતાં. પછી તમે બારી વાટે એના બેસવાના ખંડમાં કૂદ્યા અને એને બૂમ મારીને નીચે બોલાવ્યો.'

'અરે બાપરે! તમે તે માણુસ છો કે શયતાન?' એકાએક વિઠ્ઠલદાસે ઉભા થઇ જઇને કહ્યું.

જયંતે હસીને આગળ ચલાવ્યું. 'ઉતાવળમાં ને ઉતાવળમાં એ નીચે આવ્યો. તમારે અને એને થોડી ઘણી બોલાચાલી થઇ, તે દરમિયાન તમે એ ખંડમાં આમતેમ આંટા મારતા હતા. એ વખતે તમે પેલી ભૂકી લૅંપ ઉપર બે એક મુઠ્ઠા ભરીને ફેંકી. પછી બારી વાટે બહાર કૂદ્યા અને બારી બંધ કરીને ઉભા ઉભા અંદર શું થાય છે તે જોવા લાગ્યા. વસનજી મરી ગયો એની ખાત્રી થયા પછી જ તમે ચાલ્યા ગયા. હવે મી. વિઠ્ઠલદાસ! તમારૂં આ વર્તન વ્યાજબી હતું એમ તમે શી રીતે કહો છો? અને એ રીતે વર્તવામાં તમારો શો હેતુ હતો? એ બાબતનો યોગ્ય ખુલાસો તમે મ્હને નહિ આપો તો મ્હારે જણાવવું જોઇએ કે મ્હારે આ બધી વિગતો યોગ્ય ઠેકાણે પહોંચાડવી પડશે અને એનું જે પરિણામ આવે તે તમારે સહન કરવું પડશે.'

જયંતના છેલ્લા છેલ્લા શબ્દો સાંભળીને વિઠ્ઠલદાસનો ચહેરો સફેદ પૂણી જેવો થઇ ગયો. પોતાના બે હાથ વડે મોઢું ઢાંકીને એ થોડીકવાર સુધી બેસી રહ્યો, પછી એકાએક પોતાના ખીસ્સામાંથી એક ફોટો કાઢીને એણે જયંતને આપ્યો.

'એને લીધે મ્હેં એ બધું કર્યું હતું.' એ બોલ્યો.

એ કોઇ અતિ સૌંદર્યવતી સુંદરીના ઉત્તમાંગની છબી હતી. જયંતે તે જોવા માંડી.

'ગોદાવરીબાઇ.' એ બોલી ઉઠ્યો.

'હા, એ ગોદાવરીની જ છબી છે.' વિઠ્ઠલદાસે કહ્યું: 'વરસો થયાં હું એને ચાહુ છું. વરસો થયાં એ મ્હને ચાહે છે અને આ વખતે અમે નક્કી કર્યું હતું કે હું આફ્રિકાથી પાછો ફરૂં ત્યારે અમારે પુનર્લગ્ન કરી લેવાં. આપણે ત્યાંના જ્ઞાતિઓના અંતરાય અને વિધવાઓની કફોડી દશા એ તમારાથી અજાણ્યા પ્રશ્નો નથી. અમારી બન્નેની જ્ઞાતિ જુદી છે અને ગોદાવરી બાલવિધવા છે એ બે સવાલ અમારા પુનર્લગ્નની આડે આવ્યા કર્યા છે. છેવટે અમે એમની અવગણના કરવા નિર્ણય કર્યો હતો ત્યાં તો આ ભયંકર બનાવ બન્યો.' એટલું જ કહેતાં એની છાતી ભરાઇ આવી.

હૃદયનો ડુમો શમાવીને એણે આગળ કહેવા માંડ્યું.

'અમારા સ્નેહ સંબંધની મણિભાઇને ખબર હતી અને એ મ્હારા સહાયક હતા. એ તમને કહેશે કે ગોદાવરી કેટલી વિશુદ્ધ હૃદયા હતી. એના મરણની હકીકતથી મ્હને કેટલો આઘાત પહોંચે એમ હતુ તેની એમને ખબર હતી, છતાં એ વાત છૂપી રખાય એવી ન હતી તેમ જ એમને અમારા સંબંધની ખબર હતી એટલે તરત જ એમણે મ્હને તાર કર્યો અને હું અહીં આવી લાગ્યો. જ્યારે મ્હારા પ્રિયપાત્રની આવી અવદશા થઇ છે એમ હું સાંભળું ત્યારે મ્હારો થોડો સામાન આફ્રિકા જતો રહે કે જહન્નમની ખાઇમાં જાય તેની શી રીતે પરવા કરી શકાય! તમારી સાંકળની અનુમાન પરંપરાની ખૂટતી કડી એ છે મી. જયંત!'

ત્યારબાદ વિઠ્ઠલદાસે પોતાના ખીસ્સામાંથી કાગળનું એક પડીકું કાઢ્યું એના ઉપર ઇંગ્રેજીમાં કૈં લખેલું હતું અને નીચેની બાજુ ઝેર છે એવી લાલ પટ્ટી લગાવેલી હતી. તે એણે મ્હને આપતાં કહ્યું: 'હું ભૂલતો ન હોઉં તો તમે ડૉક્ટર છો, સાહેબ! આ ઝેરનું નામ તમે કોઇ દિવસ સાંભળ્યું છે?'

'સૈતાનબુટ્ટી! નાજી, એ નામ આજેજ સાંભળ્યું.'

'આપના ધંધાદારી જ્ઞાનમાં એનો સમાવેશ થતો નથી, આખા યુરોપમાં માત્ર બ્યુડાની લૅબોરેટરીની પ્રયોગશાળામાં એનો નમૂનો છે. હજી એ પૂરતું જાણીતું નથી થયું. એ જંગલની જડીબુટ્ટી છે. એક વેલાનું વિચિત્ર મૂળિયું છે. એનો આકાર કંઈક માણસના પગને અને કંઈક બકરાની ખરીને મળતો આવે છે તેથી એનું નામ સૈતાનબુટ્ટી પડ્યું છે. પશ્ચિમ આફ્રિકામાં કોઈ કોઈ જગ્યાએ ડૉક્ટરો એનો ઉપયોગ કરે છે અને તે વાત પણ એ લોકો ઘણી જ ગુપ્ત રાખે છે. આ નમૂનો પણ ઘણા જ નવાઈ જેવા સંજોગોમાં મ્હને મળ્યો હતો.' એમ કહીને એણે પડીકું ઉઘાડ્યું. એમાં તપખીરિયા રંગની બારીક ભૂકી હતી.

'પછી શું થયું?' જયંતે પૂછ્યું.

'તે હું કહુ છું મી. જયંત! તમે એટલું બધું જાણો છો કે બધી હકીકત યથાસ્થિત કહેવી એ જ મ્હારે માટે તો ઉત્તમ માર્ગ છે. મ્હારો ગોદાવરી સાથેનો સંબંધ હું કહી ચૂકયો છું. એને ખાતર એના ભાઈઓ સાથે મ્હેં મિત્રાચારીનો સંબંધ રાખ્યો હતો. એ લોકો વચ્ચે પૈસા સંબંધી કંઈ તકરાર હતી જેને પરિણામે વસનજી જુદો રહ્યો હતો. છેવટે એ તકરાર પતી ગઈ એમ કહેવાતું હતું અને બધા વચ્ચે ઠીક ઠીક સંબંધ જળવાતો હતો એમ લાગતું હતું; છતાં વસનજી બહુ જ ખંધો અને મનનો મેલો માણસ હતો એટલે એનાપર મ્હને પૂરતો વિશ્વાસ ન હતો. મ્હારા એ અવિશ્વાસને શંકાના રૂપમાં ફેરવે એવા કેટલાક પ્રસંગો આવી ગયા હતા છતાં એની સાથે તકરાર કરવા જેવું કારણ મ્હને મળ્યું ન હતું.

'પંદરેક દિવસ ઉપર મ્હને એ મળવા આવ્યો હતો તે વખતે આફ્રિકાની કેટલીક નવાઈની ચીજો મ્હેં બતાવી હતી. બીજી ચીજો સાથે મ્હેં એને આ ભૂકી બતાવી અને એની

વિચિત્ર અને ભયંકર અસરની વાત કરી. મગજના જે તંતુ ઓપર ભયની અસર થાય છે તેમને એ કેવી રીતે હદપારના ઉશ્કેરી મૂકે છે અને જે કમનસીબ માણસ એનો ભોગ થઇ પડે છે તેની શી અવદશા થાય છે અને ગાંડપણ અથવા ભયંકર મૃત્યુનો ભોગ એ કેવી રીતે થાય છે તે મ્હેં એને સ્હમજાવ્યું. તે ઉપરાંત એની અસર શોધી કાઢવાને અથવા એને લીધેજ ગાંડપણ કે મરણ આવ્યું છે તે જાણવાને આજનું વિજ્ઞાન અશક્ત છે તે પણ કહ્યું.

'એણે એ ભૂકી કઇ રીતે મારી પાસેથી ચોરી લીધી તે મ્હને યાદ નથી કારણ કે હું મ્હારો એ ખંડ સૂનો રાખતો નથી. પણ એ બનવા જોગ છે કે જ્યારે હું મ્હારી એક પેટી બંધ કરતો હતો—એ કામ જરા માથાફોડીયુ હતુ—ત્યારે એણે છાનામાના થોડીક ભૂકી લઇ લીધી હશે. મ્હને હવે યાદ આવે છે એણે તે પછી મ્હને એની અસર સંબંધે કૈંક સવાલ કરેલા. કેટલા વખતમાં એની અસર થાય છે એમ પણ પૂછેલું. એ વખતે મ્હને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે એમ પૂછવામાં એનો અંગત સ્વાર્થ હતો!

'હું મુંબાઇ પહોંચ્યો ત્યાં સુધી એ બાબતનો મ્હને ખ્યાલ પણ ન હતો. જ્યારે મ્હને મણિભાઇનો તાર મળ્યો ત્યારે મ્હારી આંખ ઉઘડી. વસનજીએ ધાર્યું હશે કે મ્હને સમાચાર મળે તે પહેલાં હું સ્ટીમરમાં બેસી ચૂકયો હોઇશ અને વર્ષો સુધી આફ્રિકામાં ગુમ થઇ ગયો હઇશ; પણ હું તો તરતજ પાછો ફર્યો. અલબત્ત, મ્હારા પોતાનાજ ઝેરનો ઉપયોગ થયો હતો એમ વિગત સાંભળીને મ્હને લાગ્યા સિવાય ન જ રહે. પછી હું આપને મળવા આવ્યો. વખતે આપનું અનુમાન કૈં બીજું છે કે કેમ તે પણ પૂછી જોયું. બીજો કોઇપણ ખુલાસો હતો જ નહિ. એક વાત દિવા જેવી હતી કે વસનજી ગુન્હેગાર

હતો અને એણે બતેજ પોતાનાં ભાઈ બ્હેનને તેમની મિલ્કત પોતાને મળે એ હેતુથી મારી નાખવા માટે એ ઝેરનો ઉપયોગ કર્યો હતો; અને એનું પરિણામ એની બ્હેન ગોદાવરીના મરણમાં અને બેઉ ભાઈઓના ગાંડપણમાં આવ્યું હતું. મ્હારી પ્રિયપાત્ર ગોદાવરીનો એ ખૂની હતો. એણે આ રીતે ભયંકર ગુન્હો કર્યો હતો; એની સજા શી હોઈ શકે?

'મ્હારે હવે શું કરવું? કાયદાની મદદ લેવી? મ્હારી સાબિતીઓ શી હતી? સાક્ષીઓ કોણ હતા? મ્હારી ખાત્રી હતી કે મ્હારી વાત સંપૂર્ણ ખરી હતી પણ આ દેશના પંચોના સમજમાં તે ઉતારવી શી રીતે? એ લોકો આ વાત માની શકે ખરા? બનવા જોગ છે કે હું એમને ગળે એ વાત ઉતારી શકું. એને સજા થાય એથી મ્હારે વૈરની તૃપ્તિ ન થાય. મ્હારો આત્મા વૈરની વસુલાત માટે તલસી રહ્યો હતો. મી. જયંત! હું આપને કહી ચૂકયો છું કે વરસો સુધી હું આફ્રિકાના જંગલી પ્રદેશમાં રહ્યો છું. એ પ્રદેશમાં કાયદાને સ્થાન નથી. મ્હારી ઇચ્છા એજ મ્હારો કાયદો હતો. એજ સ્થિતિ તે વખતે પણ મ્હને લાગી. મ્હેં નક્કી કર્યું કે જે દશા એણે બીજાઓની કરી તેજ દશા મ્હારે એની કરવી; એને એવીજ સ્થિતિમાં મૂકવો. મ્હેં મ્હારે હાથેજ એનો ન્યાય કરવાનું નક્કી કર્યું.

'મ્હેં હવે ઘણીખરી હકીકત કહી છે અને બાકીની આપનાથી અજાણી નથી. પુષ્કળ વિચારમાં આખી રાત જાગરણ કર્યા પછી, આપે કહ્યું તેમ વહેલો ઊઠીને હું બહાર નીકળ્યો, વસનજીને ઊઠાડવાની તકલીફ મ્હારી ધ્યાન બહાર ન હતી. એની બારી ઉઘાડીને હું અંદર કુદ્યો અને એને બૂમ મારી ને બોલાવ્યો. મ્હને જોઈને એ ગભરાઈ ગયો હતો. મ્હેં એને એનો ગુન્હો કહી સંભળાવ્યો. એ ફ્કલાઈ ગયો. મ્હેં એને કહ્યું કે હું જ એનો ન્યાયાધીશ હતો અને હુંજ

એને ફાસીએ ચઢાવનાર–સજા અમલમાં મેલનાર હતો. એમ કહીને મ્હેં મ્હારી રિવોલ્વર કાઢી તે જોઇને એ ધ્રુજી ઇને ખુરસીમાં પડયો. એની શકિત હરાઇ ગઇ હતી. મ્હેં પછીથી લૅંપ સળગાવ્યું, એના ઉપર પેલી ભૂકી નાખી. મ્હેં બહાર કૂદીને બારી બંધ કરી અને વસનજીની સામે રિવોલ્વર તાકીને બહાર ઉભો. એ જો જરાકે ય હાલશે કે બહાર જવા પ્રયત્ન કરશે તો ગોળી મારીને મારી નાખવાની મ્હેં એને ધમકી આપી હતી. સુડી વચ્ચે સોપારીના જેવી એની સ્થિતિ થઇ ગઈ હતી. પાંચ મિનિટમાં તો એ મરી ગયો. અરે ભલા ભગવાન! કેટલું કમકમાટી ભર્યું એનું મૃત્યુ નિપજ્યું! એને માટે મ્હને રજ પણ દયા ન આવી કારણ કે એણે મ્હારા પ્રિયપાત્રને–એની મા જણી બ્હેનને એવીજ રીતે મારી નાખી હતી. આ મ્હારી હકીકત છે મી. જયંત! તમે પણ કોઇ સાથે પરણવાના હોત કે કોઇના પ્રેમમાં હોત તો મ્હારી માફક વર્ત્યા સિવાય ન રહેત. ગમે તેમ તોયે હાલ તો મ્હારી ગરદન આપના હાથમાં છે: અને સારી દુનિયામાં ભાગ્યેજ એવો કોઇ માણસ હશે કે જેને મૃત્યુનો મ્હારા કરતાં ઓછો ડર હોય!'

થોડીવાર સુધી જયંત શાંતિથી બેસી રહ્યો.

'તમારો કયાં જવાનો અને શું કરવાનો ઇરાદો હતો?' છેવટે એણે પૂછ્યું.

'અહિંથી તરત જ આફ્રિકા ખાતે ચાલ્યા જવાની અને ત્યાંજ ઠરીઠામ થવાની મ્હારી ઇચ્છા હતી.'

'ભલે ખુશીથી તમે ત્યાં જાવ.' જયંત બોલ્યો 'તમારા કામમાં અંતરાય નાખવાની મ્હારી ઇચ્છા નથી.'

'આપની મહેરબાની!' કહીને વિઠ્ઠલદાસ ઉભો થયો. અને જયંતને નમીને ચાલ્યો ગયો.

એના ગયા પછી જયંતે કહ્યું:

'તને એમ નથી લાગતું નટવર! કે આવા કામમાં આપણે જેટલો ઓછો અંતરાય નાખીએ તેટલું વધારે સારૂં? આપણી તપાસ સ્વતંત્ર છે અને એનું પરિણામ જણાવવા આપણે કોઇને બંધાયલા નથી. એ મુજબ આપણું કામ પણ સ્વતંત્ર છે. તું એને ગુન્હેગાર તરિકે જાહેર કરવાનો મત ધરાવે છે?'

'બિલકુલ નહિ! આપણે કૈં કોઇના બંધાયલા નથી.' મ્હેં જવાબ આપ્યો.

'પ્રેમ શી ચીજ છે એનો મ્હને અનુભવ નથી છતાં હું કોઇના પ્રેમમાં પડયો હોઉં અને એની કોઇ આવી અવદશા કરે તો વિઠ્ઠલદાસની પેઠે વર્ત્યા સિવાય હું ન રહું એમ મ્હારી ખાત્રી છે. ધોળે દહાડે બળતી બત્તી અને એ ઉપરની ભૂકી પરથી મ્હારૂં ધ્યાન ખેંચાયું હતું અને વિઠ્ઠલદાસ પર શંકા જવાથી તપાસ કરી હતી. હવે એ વાત જવા દઇએ. વાતાવરણ શુદ્ધ થયું છે એટલે આપણે હૉલમાં જઇએ તો ઠીક.'

'ભલે.'

☆

સરસ્વતી

એ આખુયે વર્ષ કામનું હદપારનું દબાણ રહ્યું. એ વર્ષની ત્રણ મોટી ફાઇલો જોઉં છું ત્યારે મ્હને યાદ આવે છે કે કેટલું સખત કામ અમે કર્યું હતું! અવિરામ પરિશ્રમ કરીને આરામની આશા રાખીએ એ સ્વાભાવિક છે છતાં આરામ માટે પણ તેને બીજે વર્ષ વખત ફાજલ પાડી શકાય એમ ન હતો. છેવટે એક વખત જયંતની તબિયત લથડી અને એને હવાફેર માટે ફરજીયાત બહારગામ જવું પડયું. અમે બેઉ જણુ એકબી-જાથી વિખુટા પડવાનું ભાગ્યેજ પસંદ કરીએ છીએ એ વાચ-નારથી અજાણ્યું નથી એટલે હું પણ ગયો જ હઇશ એ સમજી શકાય એમ છે.

એ ત્રણ મોટી ફાઇલોમાં અનેક રસિક પ્રસંગો છે પણ જેમાં ઉપરથી નજીવા દેખાવાપણું હોય અને અંદરખાનેથી રહસ્યપૂર્ણ વિગતો હોય એવા પ્રસંગનું વર્ણન કરવાનું મ્હને પસંદ છે એટલે

શાન્તિકુંજની ઘટના અને કરસુખ હોરાના ભેદી ખૂનની વિગત લખવી ઉચિત ધારૂં છું. એ પ્રસંગ ઉપરથી જોતાં તદ્દન નજીવો અને સાદો લાગવા છતાં ધીરે ધીરે રસિક થતો જાય છે એટલે વાંચનારને પસંદ પડ્યા સિવાય નહિ જ રહે.

નવેંબર મહિનાની આખર હતી અને બેસુમાર ઠંડી પડતી હતી. બહાર જવાનું જરા પણ દિલ થાય એમ ન હતું. થોડા વખત પર વરસાદનું એક અણુધાર્યું માવઠું પડી ગયું હતું એટલે વાતાવરણ ઘણું ખરાબ થઇ ગયું હતું. પવન સખત ફુંકાતો હતો, મધરાત થવા આવી હતી. રસ્તાપર ભાગ્યે જ કોઇ રડ્યો ખડ્યો માણસ જણાતો હતો. કુદરત આગળ માણસનું જોર કાંઇ જ વિસાતમાં નથી એમ એ વાતાવરણ પુરવાર કરતું હતું.

જયંત બેઠો બેઠો એક પ્રયોગ કરી રહ્યો હતો. મ્હેં બારી પાસે જઇને કુદરતનું રૌદ્ર સ્વરૂપ જોવા માંડ્યું. પ્રિન્સેસ સ્ટ્રીટ નિર્જન હતી અને આખો વખત રણકી રહેતો એ રસ્તો ખાવા ધાય એવો દેખાતો હતો. થોડીવારે એક ગાડી આવતી જણાઇ.

'ચાલ નટવર! એ તો પતી ગયું. જો તો ખરો આપણે ધારતા હતા તેવું જ પરિણામ આવ્યું.' જયંતે એનો પ્રયોગ સફળ થયો હોવાથી મ્હને મોટેથી કહ્યું. 'કેમ શું છે?' હું નજીક ન ગયો એટલે પૂછ્યું.

પેલી ગાડી અમારા બારણા આગળ આવીને ઉભી રહી.

'કોનું કામ હશે?' મ્હેં ગાડીમાંથી એક જણને બહાર આવતાં જોઇને કહ્યું.

'બીજા કોનું હોય!' જયંતે જવાબ આપ્યો 'આપણું જ. આપણી એને અનિવાર્ય જરૂર લાગે છે. નહિતર આવા ભયંકર ઝંઝાવાતમાં આમ આવવાની કોઇ હિંમત ન કરે! ના, પણ ગાડી જતી લાગે છે. જા, દોડ બારણું ઉઘાડ તો. પેલા બધાને પાછલી રાત જતી હશે!'

મ્હેં જઇને બારણું ઉઘાડયું. એનાપર પ્રકાશ પડતાં જ મ્હને ઓળખતાં વાર ન લાગી. એ તો અમારો ઓળખીતો અને સી. આઇ. ડી. ખાતાનો ઊગતો સિતારો રામરાય બક્ષી નીકળ્યો. જયંતને એને માટે સારી લાગણી હતી.

'જયંતરાય છે ને?' એણે પૂછ્યું.

'હા રે હા. ઉપર આવો.' જયંતે જ જવાબ આપ્યો. 'આમ ભાગી રાતે ક્યાંથી આવ્યા?'

બક્ષી ઉપર આવ્યો અને એનો ઓવરકોટ કાઢીને બાજુએ ભરાવ્યો.

'કામપરથી મ્હારા સાહેબ!' એણે જવાબ આપ્યો. 'આજે બપોરથી જરાય નવરાશ નથી મળી! તમે શાન્તિકુંજના ખૂનની વિગત વાંચી કે?'

'ના રે ના! છાપાને હાથ જ લગાડવા વખત નથી મળ્યો.'

'ચાર છ લાઇન જ છપાઇ છે, અને તે પણ બરાબર નથી. તમે નથી વાંચી એજ ઠીક છે નહિતર ખોટી રીતે દોરવાઇ ગયા હોત! સવા બાણે મ્હને શાન્તિકુંજ બાબતનો અનંતપુરથી તાર મળ્યો. તરત જ હું ત્યાં જવા નીકળ્યો. પાંચ વાગે ત્યાં પહોંચ્યો અને તપાસ શરૂ કરી. આખરે છેલ્લી લોકલ માં અહીં આવ્યો અને તમારી પાસે હાજર થયો.'

'એટલે હજી તમે કાંઇ નિર્ણય નથી કરી શક્યા?'

'નાજી. મ્હો કે માથું મ્હને તો કાંઇજ નથી સમજાતું. પહેલાં તો મ્હને એ એટલું સાધારણ જણાયું કે ન પૂછો વાત! પણ જેમ જેમ વિગતો મળી તેમ તેમ મ્હારી અક્કલ ખૂટી જવા માંડી! ગુન્હો કરવાનું કારણ કે હેતુ જડતાં નથી! અને હેતુ સિવાય કાર્ય કે ગુન્હો ભાગ્યેજ સંભવી શકે. અહીં એક માણસનું ખૂન થયું છે અને પૂરતી તપાસ કરવા છતાં એનું કોઇએ શા માટે ખૂન કર્યું હશે તે અથવા ખૂન કરવાનો હેતુ શો

જશે તે બિલકુલ સમજાતું નથી!'

'તમારા કેસની વિગતો કહી જાવ તો–'

'એ સાવ સરળ છે,' બક્ષીએ શરૂ કર્યું. 'માત્ર એનો અર્થ નથી સમજાતો! મ્હારી સમજણ મુજબ આમ બન્યું લાગે છે. પ્રૉ. મુકરજી નામના એક વિદ્વાન ગૃહસ્થે થોડાં વર્ષો પર શાન્તિકુંજ વાળી જગ્યા અને બંગલો ખરીદ્યાં હતાં. એની તબિયત સારી રહેતી ન હતી. એ કાં તો આખો વખત પથારીમાં પડ્યો રહેતો અથવા હાથમાં લાકડી લઇ એને ટેકે ધીમે ધીમે બાગમાં ફરતો અથવા એક બાબાગાડીમાં બેસતો અને બાળી એને આમ તેમ ફેરવતો. આવી પ્રૉ. મુકરજીની શારીરિક સ્થિતિ હતી. આજુબાજુનાં પાડોશીઓને એને માટે સારો મત છે અને એ ઘણો વિદ્વાન માણસ છે એમ પણ એમનું માનવું છે. એના સગા વ્હાલામાં કોઇ નથી પણ એના ઘરનો કારભાર ઠીક ઠીક ચાલે છે. મણિબાઇ નામની એક વિધવાબાઇને હસ્તક એના ઘરની વ્યવસ્થા છે અને ગોદાવરી કરીને એક રસોઇયણ છે. તે પણ ઘણા વખતનું જૂનુ માણસ છે. બેઉ બાઇઓ સ્વભાવે સુશીલ છે અને એકાંત સ્થળે વર્ષો થયાં શાન્તિથી રહે છે. પ્રૉફેસર સાહેબ એક ઘણુંજ અગત્યનું અને લોકોપકારક પુસ્તક રચે છે અને તેને માટે એમને થોડા વખત ઉપર શ્રુતલેખન લેવા માટે મંત્રી રાખવો પડ્યો હતો. એક પછી એક બે જણને એ કામ માટે રોકી જોયા પણ એમને જોઇતો સંતોષ થયો નહિ. ત્રીજી વખત કરસુખ હોરા નામના જુવાનને રોકયો અને એનું કામ એમને પસંદ પડયું. એનું કામ સવારમાં પ્રૉફેસર જે લખાવે તે લખવાનું હતુ અને સાંજના થોડા ઘણા ઉપયોગી વિષયોપર પ્રૉફેસર જે કાંઇ વાંચવાનું કહે તે તેમને વાંચી સંભળાવવાનું હતું. એની ચાલચલગત માટે શાળા તથા પાઠશાળાનાં બહુજ સુંદર પ્રમાણપત્રો હતાં

અને પાઠશાળામાંથી એ સીધોજ નોકરી કરવા આવ્યો હતો. એ ઘણોજ સીધો સાદો તથા પારકાના કામમાં જરાપણ માથુ ન મારનાર તરિકે જાણીતો હતો છતાં આજે સવારે જે સંજોગોમાં એનું મરણ થયું તે જોતાં તો એમજ લાગે છે કે એનું ખૂન કરવામાં આવ્યું છે.'

બહાર પવન સખત ફુંકાતો હતો અને પાછો વરસાદ પડવો શરૂ થઇ ગયો હતો. વીજળીના ચમકારા અને વાદળનો ગડગડાટ કાચાપોચાને થથરાવી નાખે એવાં હતાં. બક્ષીએ પોતાની વાત આગળ ચલાવી:

'પારકાની રજપણ પંચાત કે ધાલમેલ સિવાયનું એવું ઘર તમને કોઇ જગ્યાએ નહિ જડે. અઠવાડીયું પખવાડીયું કે મહિનો વીતી જાય છતાં એમાંનું કોઇ બાગના દરવાજાની બહાર પણ ન ગયું હોય! સૌ સૌનું કામ કરતાં અને આનંદમાં રહેતાં. બન્ને બાઇઓ પણ આમ તેમ જવું કરવું પસંદ કરતી નહિ અને હોરા પણ પ્રૉફેસરની માફક બહાર જવા કરવાં સિવાય લખવા વાંચવામાંજ પોતાનો વખત વીતાવતો. આજુ-બાજુ એણે કોઇ સાથે ઓળખાણ પણ કર્યું ન હતું. એમનો માળી રામજી બાગના કામ ઉપરાંત પ્રૉફેસરને આમતેમ ફેર-વતો અને વખત આવ્યે બહારથી લાવવા કરવાનું લઇ આવતો કે ફેરા ફાંટા ખાતો. એ પણ ઘણોજ ભલો તથા ગરીબ સ્વભા-વનો આદમી છે. એ બાગને છેડે એને માટે બંધાવેલા નાના પણ મઝાના છાપરામાં રહે છે. શાન્તિકુંજમાં એટલાં ગણ્યાં ગાંઠયાં માણસ છે. મુંબાઇથી અનંતપુર જતી સડકથી સોવાર દૂર બાગનો દરવાજો છે. એ ઉલાળો ઉપાડવાથી ઉઘડે એવો છે અને કોઇ પણ માણસ અંદર જઇ શકે છે.

'હવે ગોદાવરીબાઇની જુબાની કહી જાઉં. એના સિવાય ખાત્રીપૂર્વક બીજુ કોઇજ કહી શકે એવું નથી. એ બનાવ

સવારે અગિયાર વાગ્યા પછી અને બાર વાગ્યા પહેલાં બન્યો. તે વખતેજ એ પહેલે માળે ધોયેલા પડદા બારીએ ટીંગાડતી હતી. પ્રૉફેસર હજી ઊઠયાજ ન હતા. જ્યારે રૂતુ સારી નથી હોતી ત્યારે એ કામ મોકુફ રાખે છે અને ભાગ્યે બાર વાગ્યા પહેલાં ઊઠે છે !' મણિબાઈ બીજી બાજુ કાંઈ કામમાં રોકાઈ હતી. હોરા એના ખંડમાં બેઠો બેઠો કાંઈ વાંચતો હશે કે લખતો હશે ત્યાંથી તે નીચે અભ્યાસ ગૃહમાં ગયો. એના ગયા પછી થોડીવારે એક ચીસ સંભળાઈ. એ એવી ભયંકર ચીચીયારી હતી કે કોઈ પુરૂષની હતી કે સ્ત્રીની તે પણ સમજી શકાયું નહિ. પછી એક મોટો ધબાકો થયો. તે પછી કાંઈ અવાજ આવ્યો નહિ. થોડીવાર તો એ ગભરાઈને ઊભી રહી પણ પછી એ નીચે દોડી. અભ્યાસગૃહનું બારણું ખાલી વાસેલું હતું તે એણે ઉઘાડયું. અંદર જઈને જુએ તો કરસુખ હોરા જમીનપર ચત્તોપાટ પડયો હતો. પહેલાં તો એને એમ લાગ્યું કે હોરાને મૂર્છા આવી હશે એટલે એણે એને ઉંચકવાનો પ્રયત્ન કર્યો, ત્યારે એને જણાયું કે કોઈએ પાછળથી હોરાને બોકી આગળ ઘા કર્યો છે, ત્યાંથી પુષ્કળ લોહી દદડતું હતું. ઘા ઘણો ઊંડો હતો અને એ તરફની ધોરી નસ કપાઈ ગઈ હતી. જેનાથી ઘા કર્યો હતો. તે હથીયાર પણ પાસે જ પડયું હતું. હાથીદાંતના હાથાનું લાંબી પટીનું ટેબલપર રખાય છે તેવું એ ચાકુ હતું અને એ પ્રૉફેસરના પોતાના ટેબલ પર રાખવામાં આવતું હતું.

'પહેલાં તો ગોદાવરીબાઈએ ધાર્યું કે એ મરી જ ગયો હશે પણ એના માથા પર પાણી છાટતાં એણે આંખ ઉઘાડી અને જરાક જોયું. 'પ્રૉફેસર, એ તો પેલી હતી.' એટલું એ ધીમેથી બોલ્યો. હોરાના મરતી વખતના એ જ છેલ્લા શબ્દો હતા એમ એ સોગન ઉપર કહે છે. એણે બીજું વધારે કહેવા પ્રયત્ન કર્યો પણ કહી શકાયું નહિ અને એકદમ એ મરણ પામ્યો.

'એટલામાં મણિબાઈ પણ આવી પહોંચી. એણે પેલા

શબ્દો સાંભળ્યા ન હતા. ગોદાવરીને ત્યાં ઉભી રાખી એ પ્રૉફેસર પાસે દોડી. એ પથારીમાં બેઠા હતા. એમના ચહેરાપર ભયની છાપ હતી કારણ કે કાંઈક અવનવો બનાવ બન્યો છે એવું એમણે પેલી કીકીયારી અને અવાજ પરથી અનુમાન કર્યું હતું. પ્રૉફેસરથી રામજીની મદદ સિવાય કપડાં પહેરાય કે હલાય ચલાય એવું હતું જ નહિ અને રામજીને બાર વાગ્યે બોલાવ્યો હતો, એટલે તે પહેલાં એ ત્યાં જાય એમ ન હતું. પ્રૉફેસર કીકીયારી સાંભળ્યાનું હા કહે છે પણ 'પ્રૉફેસર, એ તો પેલી હતી.' એ વિષે કાંઈજ ખુલાસો કરી શકતા નથી. એ કહે છે કે ગભરામણમાં એ કાંઇ આડું અવળું બોલ્યો હોય અથવા એ કાંઇ બોલ્યો હોય અને ગોદાવરી કાંઇક સમજી હોય એ પણ બનવા જોગ છે, કરસુખ હોરાનો કોઇ દુશ્મન ન હતો અને એનું કોણે તથા શાથી ખૂન કર્યું એ વિષે એ કાંઇજ ખુલાસો કરી શકે એમ નથી. એણે તાબડતોબ રામજીને પોલિસને તેડવા મોકલ્યો. અને પોલિસે તરતજ અમારા ખાતાને ખબર આપી એટલે હું ગયો. મ્હારા જતાં પહેલાં કોઇ ચીજ ખસેડવામાં આવી ન હતી તેમજ કોઇને આમતેમ રખડવા દેવામાં કે બહારના માણસને અંદર આવવા દેવામાં આવ્યું ન હતું. આપની ગણતરીએ કામ લેવાનો આ સારો સંજોગ હતો અને કશાની ઉણપ નહતી—'

'એક ફક્ત જયંતની હાજરી સિવાય!' મ્હારા મિત્રે વચ્ચેજ ઉમેર્યું 'ચાલો પછી, તમે શું કર્યું તે તો જાણીએ.'

'પહેલાં તો આપને અભ્યાસગૃહ અને તેની આજુબાજુની જગ્યાની સ્થિતિ સમજાવું. બાગને રસ્તે થઇને પાછળની બાજુને બારણે જવાય છે અને ત્યાંથી ઓસરીમાં જરાક આગળ જતાં અભ્યાસગૃહ આવે છે. તેની બાજુમાંજ ઓસરીમાં થઇને એક જીનો ચઢીએ એટલે પ્રૉફેસરનો શયનખંડ આવે છે. અભ્યાસગૃહની ઉત્તર તરફની ભીંતને અડીને મોટું ટેબલ રાખેલું છે.

પાછળનું બારણું દક્ષિણ દિશામાં પડે છે. હવે એમ માનીએ કે કોઈએ આવીને ખૂન કર્યું તો તે આવ્યું કયે રસ્તે? અભ્યાસ ગૃહનું બારણું દક્ષિણ દિશાએ છે એટલે એ પાછળને રસ્તેથીજ આવ્યું હોવું જોઈએ. બીજે રસ્તેથી આવવું પાલવે નહિ. ત્યાંથી પાછા જવાના બે રસ્તા છે તેમાંનો એક ગોદાવરી બાઈના આવવાથી બંધ થયો હતો અને બીજો પ્રૉફેસરના શયનખંડમાં થઈને જતો હતો. એટલે મ્હેં મ્હારી તપાસ બાગને રસ્તે કરવા માંડી. વરસાદ તાજોજ પડ્યો હતો અને વખતે કાંઈ નિશાની પડી હોય એ સંભવિત હતું.

'મ્હારી તપાસમાં જણાયું કે મ્હારે એક ચાલાક તેમજ બંધા ખેલાડી સાથે કામ લેવાનું હતું. રસ્તાપર બિલકુલ પગલાં પડ્યાં ન હતાં. રસ્તાની બાજુપરના ઘાસ પર થઈને કોઈ પસાર થયું હતું અને પગલાં ન પડે તે ઈરાદાથી ઘાસ પર સાવચેતીથી ચાલ્યું હતું. એટલે મ્હને એકકે ચોકખુ પગલું તો નજ જણાયું પણ કેટલીક જગ્યાએ ઘાસ નમ્યું હતું તે ઉપરથી કોઈ ગયું છે એમ જણાતું હતું. અને એ રીતે ખૂની સિવાય બીજુ કોઈ ગયું જ ન હતું. માળી કે ઘરમાંથી કોઈ એ તરફ ફરકયું જ ન હતું.'

'એ રસ્તો કયાં જાય છે?' જયંતે પૂછ્યું.

'સડક તરફ.'

'કેટલોક લાંબો હશે?'

'સો એક વાર.'

'કંપાઉંડના દરવાજા પાસે પગલાં ખુશીથી જણાઈ આવે.'

'એ જગ્યાએ ટાઈલ્સ જડ્યાં છે.'

'તો પછી સડકપર.'

'અવર જવર બહુ થઈ જવાથી ત્યાં કાંઈ જણાય એવું નથી.'

'એમ! તો પેલાં ઘાસપરનાં પગલાં કઈ તરફનાં હતાં?'

બંગલા તરફ જતાં કે બહાર નીકળતાં ?'

'એ ખાત્રીથી કહી શકાય એવું નથી. કારણ કે બહુજ ઝાંખી છાપ હતી.'

'પગલાં મોટાં હતાં કે નાનાં ?'

'તે પણ સમજાય એમ ન હતું.'

'કમબખ્તી છે! અને પાછો વરસાદ પડે છે એટલે હવે તો કશું જ સમજવાનું નહિ! એ બાબતની નિષ્ફળતા પછી શું કર્યું ?'

'તે પછી એટલી ખાત્રી કરી કે કોઇ બહારનું માણસ સાવચેતીથી બંગલામાં દાખલ થયું હતું. પછી મ્હેં ઓસરી તપાસી ત્યાં તો સાદડી પાથરી હતી એટલે પગલાં પડે જ શાનાં? પછી અભ્યાસગૃહ જોયું એમાં મુખ્ય ચીજ પેલું મોટું ટેબલ હતું અને તેની ઉપર નાનુ સરખુ કબાટ રાખેલું હતું. ટેબલનાં ખાનાં ઘણું ખરૂ ખુલ્લાં જ રહેતાં હતાં અને એમાં કાંઇ ઉપયોગી ચીજ ભાગ્યે જ રખાતી. કબાટમાં કેટલાંક જરૂરી કાગળિયાં કે એવું કાંઇ રખાતુ અને એ હમેશાં બંધ રહેતું તથા કળ બંધ કરવામાં આવતી. કબાટનાં કાગળિયાંને કોઇએ હાથ લગાડેલો જણાતો ન હતો, અને પ્રૉફેસર ખાત્રી આપે છે કે એમાંથી કાંઇ ખોવાતું નથી. એ પણ ખાત્રીપૂર્વક જણાયું છે કે કોઇ પણ ચીજ ચોરાઇ કે ગુમ થઇ નથી.'

'હોરાનું ખૂન ખુરસીપર થયેલું લાગે છે. ગળાની જમણી બાજુ પાછળથી કોઇએ ઘા કરેલો છે, એટલે એ એણે જાતે આપઘાત કરવા માટે કર્યો હોય એ માની શકાય એમ નથી.'

'ઊઠતાં અરજડીયુ ખાઇને છરી પર પડ્યો હોય—'

'મ્હન પણ ઘડી ભર એ વિચાર આવ્યો પણ છરી એન થી ઘણી દૂર પડી હતી. તે ઉપરાંત એના પોતાના મરતી વખતના શબ્દો વિરૂદ્ધ જાય છે. અને વધારામાં આ પુરાવો

એની પાસેથી મળે છે તે પુરવાર કરે છે કે એણે આપઘાત નથી કર્યો પણ કોઇએ એનું ખૂન જ કર્યું છે. એ એના જમણા હાથમાંથી મળી આવ્યું.'

મી. બક્ષીએ એમ કહીને પોતાના ખીસ્સામાંથી કાગળનું એક પડીકુ કાઢ્યુ. એ ઉઘાડીને એમાંથી કાળા દોરાથી લટકતુ કંઇક જયંતના હાથમાં મૂક્યુ. એ નાક પર વચ્ચેથી દબાવવાની કમાનવાળાં પેબલનાં ચસ્માં હતાં અને કાળી દોરી તૂટેલી હતી.

'કરસુખ હોરાની આંખ ઘણી સારી હતી,' એણે ઉમેર્યું. 'એટલે એ મરનારના મોઢા પરથી ઝડપી લેવામાં આવ્યાં હોય એમાં શક નથી.'

જયંતે ચસ્માં હાથમાં લઇને બરાબર ધ્યાન દઇને જોયાં. એણે તે પોતાના નાકપર રાખી જોયાં અને તેનાથી વાંચી જોવા પણ યત્ન કરી જોયો. દિવાના પ્રકાશમાં આડે ધરીને તપાસી જોયાં. પછી એણે કાગળ લઇને કંઇક લખ્યુ ને મી. બક્ષીને આપ્યું.

'એથી વધુ હાલ તુરત થઇ શકે એમ નથી.' એણે કાગળ આપતાં કહ્યું. 'એ તમને ઉપયોગી નિવડયા સિવાય નહિ રહે.'

નવાઇ પામીને મી. બક્ષીએ એ વાંચવાં માંડયું. એમાં નીચેની હકીકત હતી.

'એ બાઇ કોઇ ઉંચા કુટુંબની છે. એનું નાક ઘણુંજ જાડુ અને પહોળુ છે, આંખો નાકને અડોઅડ આવી રહેલી છે. એના કપાળે કરચલીઓ પડેલી છે અને ખભા ગોળ છે. છેલ્લા બે ત્રણ મહિનામાં એ બે વખત ચસ્માવાળાની દુકાને ગઇ છે. એનાં ચસ્માંના કાચ બહુજ પાણીવાળા છે એટલે એ રીતે એને શોધવામાં ઝાઝી મુશ્કેલી નહિ આવે.'

બક્ષીને નવાઇ પામતાં જોઇને જયંતે હસીને કહ્યું:

'એમાં નવાઇ જેવું કાંઇ જ નથી. આ બાઇનાં ચસ્માં

ઉપરથી મ્હેં કહ્યું. તે બધાં અનુમાન કરી શકાય છે. એ જોતાં-જ એ કોઇ સ્ત્રીનાં ચશ્માં છે એ જાણી શકાય એમ છે. તે ઉપરાંત હોરાના મરતી વખતના શબ્દો પણ એ અનુમાન બાંધવામાં મદદકર્તા થઈ પડે એવા છે. એ કોઇ ઉંચા કુટું-બની તથા સારાં કપડાં લતાંવાળી હશે એ અનુમાન આ ચશ્માંની કમાન અને બીજુ કામ સોનાનું સારી જાતનું કરાવેલુ છે તે ઉપરથી થઇ શકે છે. કમાન ઘણીજ પહોળી છે તે પરથી તેમજ એ આપણા નાકે બેસતાં નથી એટલી એ ઢીલી થઇ ગઇ છે. તેથી એનું નાક જાડુ અને પહોળુ હશે એમ જણાય છે. એ જાતના નાકવાળા માણસનાં બીજાં લક્ષણો અનુ-ભવ પરથી મ્હેં કહ્યાં છે. એની આંખો નાકની તદન નજીક છે એ અનુમાન કરવાનું કારણ એ છે કે મ્હેં મ્હારી આંખે એ લગાડી જોયાં પણ ચશ્માંની વચ્ચે મ્હારી કીકી નથી આવતી જ્યારે પહોળુ નાક હોવા છતાં એનો ઉપયોગ કરનારની કીકી બરાબર વચ્ચે આવતી હતી. અને આ જાતના કાચ સાધારણ નથી તેમજ—'

'પણ બે વખત ચશ્માવાળાને ત્યાં ગઇ છે એ શા ઉપ-રથી કહો છો?'

'આ નાના બુચના ટુકડા પરથી. એમાંનો એક લગભગ નવા જેવોજ છે અને બીજો જરા વપરાયો છે. બેઉ સાથે નખાવ્યા હશે તેમાંથી એક પડી ગયો એટલે ફરી નખાવ્યો લાગે છે. અને બેઉ એક જ ચશ્માવાળાએ નાખી આપ્યા લાગે છે.'

'ખરેખર! આપ તો કમાલ કરો છો' બક્ષીએ કહ્યું. 'અને આ બધી હકીકત મ્હારામાં સાદી સમજ હોત તો હું જાણી શકત! છતાં મ્હેં ચશ્માંવાળાને ત્યાં તપાસ કરવાનો વિચાર રાખ્યો હતો.'

'જરૂર તપાસ કરો. હવે બીજુ કાંઇ કહેવાનું છે?'

'બીજું' તો કાંઇ નથી. આજુબાજુ તથા સ્ટેશન પર અમે તપાસ કરી હતી છતાં કોઇ નવતર માણસ જોવા કરવાનું કોઇ કાંઇ કહેતુ નથી. અને બીજુ ગુન્હો કરવાનો હેતુ રજ માત્ર સ્હમજાતો નથી.'

'એ બાબત હાલ મદદ થઇ શકે એમ નથી. પણ તમે અમને કાલે ત્યાં લઇ જવા માગો છો ને ?'

'જો આપ આવવાની કૃપા કરો તો. આપણે ૭ વાગે નીકળીશું તો આઠ સાડા આઠે ત્યાં પહોંચી જઇશું.'

'તો તો આપણે સવારે જઇશું જ. તમારા કેસમાં જરા રસ પડે એવું છે એટલે મ્હને કાંઇજ હરકત નથી. ચાલો હવે સુઇ જઇએ. હમણાં એક વાગશે. જે થોડી ઘણી ઊંઘ નસીબે લખી હોય તે લઇ લઇએ.'

બીજે દિવસે સવારના ૭ વાગે તો અમે મરીન લાઇન્સ પહોંચ્યા. ટાઢ તો કહે મ્હારૂં કામ. માણસો બિચારા થરથર્યા કરે અને દાઢી ડગડગી જાય એટલી ભારે ટાઢ હતી. બે કલાકની હાડમારી પછી અમે અનંતપુર પહોંચ્યા. ત્યાંથી ટાંગામાં બેસી શાન્તિકુંજ ગયા. બહારને દરવાજેજ પોલિસ સિપાઇ મળ્યો.

'કાય શામરાવ! કાય સમાચાર ?'

'નવીન કાહીચ નહિ. સાહેબ!'

'નવતર માણસની કાંઇ ભાળ મળી ?'

'ના સાહેબ, સ્ટેશનપર પણ તપાસ કરી. ત્યાં પણ સૌ ના જ કહે છે.'

'પેલા વીશીવાળાને ત્યાં ને હૉટલ કે બીજે તીજે તપાસ કરી ?'

'હાજી. પણ ત્યાંએ જાણવા જેવું કાંઇ ન મળ્યું.'

'વખત છે કોઇ બારોબાર આવી ગયું હોય! આ કાંઇ અનંતપુર કે વીરપુરથી બહુ દૂર નથી. ત્યાંથી પણ કોઇ આવે

ને ચાલ્યુ જાય એ બનવા જોગ છે. હું કહેતો હતો તે આ રસ્તો મી. જયંત! એના પર કોઇજ નિશાની ન હતી.'

'ઘાસ પર કઇ બાજુ પગલાં હતાં?' જયંતે પૂછ્યું.

'આ બાજુએ, સાહેબ! આ રસ્તાની અને ફુલના ક્યારાની વચ્ચેના ઘાસ પર. ગઇ કાલે એના પર આછાં નિશાન હતાં.'

'બરાબર છે.' જયંત બોલી ઊઠ્યો. 'કોઇ ગયું લાગે છે. એણે બહુ જ ધ્યાન દઇને પગ ઉપાડયા છે કારણ કે જરાક ચૂકે તો આબાદ નિશાન પડે એવી બેઉ બાજુ જગ્યા છે.'

'હાજી. એ ઘણી શાન્તિ અને સાવધાનીથી ગઇ હોવી જોઇએ.'

જયંતના મોઢાપર એકાએક ફેરફાર થયો. એણે પૂછ્યું:

'તમે કહો છો કે એ આ રસ્તે પાછી ફરી હશે?'

'હાજી, બીજો રસ્તો જ નથી.'

'ઘાસની આ સાંકડી પટી પર?'

'હાસ્તો મી૦ જયંત!'

'એમ! તો તો એ ઘણી અજાયબીની વાત ખરી! એણે ઘણીજ સાવધાની અને સાવચેતીથી કામ લીધુ હોવું જોઇએ. ચાલો, આ તો જોઇ રહ્યા. આગળ વધો. આ દરવાજો તો ઘણું ખરૂં ખુલ્લો જ રહે છે ખરૂ ને? તો તો એણે સીધે સીધા ચાલ્યા જ આવવાનું હતું. અંદર આવતી વખતે એની ઇચ્છા ખૂન કરવાની ન હતી. એમ હોત તો એ પોતાની સાથે કાંઇક સાધન લઇ આવત. એણે પેલુ ટેબલપરનું ચાકુ વાપર્યું એમ ન વાપરત. એ ઓસરીમાં આવી ને આં ચટાઇ છે એટલે કાંઇ નિશાન નથી જણાતું ખરૂંને?'

'હાજી, અને ખૂન થયું તે પહેલાં પા એક કલાક આગમચ કંઇ કામસર મણિબાઇ અહીં આવી ગયાં હતાં, એ આપને કહેવાનું રહી ગયું હતું.'

'ખૂનીને કેટલો વખત મળ્યો એ નક્કી કરવામાં એ વિગત ઉપયોગી થઇ પડશે. એ બાઇસાહેબ આ ખંડમાં આવે છે અને સૌથી પહેલું શું કરે છે? એ પેલા ટેબલ પાસે જાય છે. શા માટે? ખાનામાં કાંઇક રખાય છે એને માટે તો નહિ જ. એવું કાંઇ હોય તો એને ચાવી હોય અને કળ વસાય પણ ખાનાં તો ખુલ્લાંજ પડયાં છે એટલે પેલા એની ઉપરના નાના કબાટમાંની કોઇ ચીજ માટે હોવું જોઇએ. ચાલો, આ લીસોટો શાનો છે? નટવર! જરા કાંડી પેટાવ તો. બરાબર! આ વિષે તો તમે કાંઇજ બોલ્યા નહિ મી૦ બક્ષી!'

કબાટની કળ વાસવાના કાણા ઉપર પીત્તળનો કકડો જડેલો હતો તેના કાણાની જમણી તરફ નીચેની બાજુએ ચારેક ઇંચિનો ઘસરકો હતો.

'મ્હેં એ જોયો હતો પણ એમ તો દરેક ચાવીના કાણાની આજુબાજુ એવા લીટા જડશે.' બક્ષીએ જવાબ આપ્યો.

'પણ લીટા લીટામાંયે ફેર હોય છેને! આ તો તદ્દન તાજો જ છે. જૂનો હોય તો એનો રંગ આવો ન હોય. જરા ધારીને જુઓ કે પછી આ સૂક્ષ્મદર્શકથી જુઓ એટલે ખાતરી થશે. એની બેઉ બાજુ વાર્નીશ હજી તાજુજ ચોટેલું છે અને એનો દેખાવ હળના લીટાની આજુબાજુ માટી ખસી ગઇ હોય એવો લાગે છે. જરા મણિબાઇને બોલાવો તો—'

થોડીવારે મણિબાઇ અમારી પાસે આવ્યાં.

'કાલે સવારે આ કબાટ તમે લૂછ્યું હતું?'

'હાજી.'

'આ ઘસરકો કાલે તમે જોયેલો?'

'નાજી. મ્હેં નથી જોયો.'

'મ્હારી ખાત્રી છે કે તમે નથી જોયો નહિતર કપડાથી આજુબાજુનું વાર્નીશ લૂછાઇ ગયા સિવાય ન રહે. આ કબાટની

ચાવી કોની પાસે રહે છે?'

'પ્રૉફેસર સાહેબ પોતાની ઘડિયાળને છેડે લટકાવી રાખે છે.'

'એ સાદી ચાવી છે?'

'નાજી. ગોદરેજની બનાવટની છે.'

'ઠીક. તમારે જવું હોય તો જાવ. હવે કંઇક વધુ સમજી શકાય છે. એ અંદર આવીને કબાટ તરફ જાય છે, અને કાં તો એ ઉઘાડે છે કે ઉઘાડવાનો પ્રયત્ન કરે છે. એટલામાં કરસુખ હોરા આવી લાગે છે. ઉતાવળથી ચાવી કાઢતાં આ લીસોટો થાય છે. હોરા એને પકડે છે, પેલી છટકવા પ્રયત્ન કરે છે અને જે હાથ ચઢ્યુ તે લઇને હોરાને મારે છે. કમનસીબે ચાકુ એને હાથ ચઢે છે અને તેનો ઘા ભયંકર નીવડે છે. હોરા તમરી ખાઇને નીચે પડે છે એટલે પેલી પોતાનું કામ પતાવીને કે પતાવ્યા સિવાય નાસી છૂટે છે. ગોદાવરીબાઇ છે કે? તમે બૂમ સાંભળી અને અહીં આવ્યા એટલામાં કોઇ પેલે બારણે નાસી જઇ શકે ખરૂં?'

'નાજી. એ ન બને એવું છે. એટલીવારમાં તો મ્હેં જોઇ લીધું હોત. બારણું ઉઘડે તો અવાજ પણ થાયને!'

'તો એ તરફ એ ગઇ જ નથી. આવી તે રસ્તે પાછી ગઇ હશે. આ તરફથી તો પ્રૉફેસરવાળા ખંડમાં જવાય છેને? એ બાજુથી બહાર જવાય એવું છે ખરૂં?'

'નાજી.'

'ત્યારે તો આપણે હવે પ્રૉફેસરના ખંડમાં જઇએ. અરે બક્ષીજી! આ જરા ધ્યાન રાખવા જેવી વાત છે. આ ઓસરીમાં સાદડી જડેલી છે.'

'તેનું શું?'

'નથી સમજાતું? કંઇ નહિ. વખતે મ્હારી ભૂલ પણ હોય, છતાં સાવ નાખી દેવા જેવી વાત નથી. ચાલો—'

અમે ઓસરી વટાવી થોડાંક પગથીયાં ચઢી પ્રૉફેસરના ખંડમાં ગયા. એ ખંડ ઘણો મોટો હતો અને પુષ્કળ પુસ્તકો ગોઠવેલાં તેમજ વગર ગોઠવેલાં પડયાં હતાં. ખંડની વચ્ચોવચ પ્રૉફેસરની પથારી હતી. હજી યે એ વૃદ્ધ પ્રૉફેસરનું મ્હો મ્હારી નજર આગળ તરે છે! એ ધોળા વાળ અને દાઢીવાળું તથા ખૂબ કરચલીઓ પડી ગયેલું અને ચકોર આંખવાળું મ્હોં એકદમ ભૂલાય એવું નથી. એમણે પોતાના મ્હોંમાં સીગારેટ રાખી હતી અને એની મઝા લ્હેરથી માણતા હતા.

'લ્યો, લ્યો મી૦ જયંત.' અમારૂ સ્વાગત કરતાં એમણે સીગારેટના ડબા તરફ આંગળી કર્યું. 'તમે પીતા હોય તો ખુશીથી લ્યો. તમે પણ લ્યોને. એ મ્હેં ખાસ તૈયાર કરાવેલી છે. બહુ ઉંચી જાતની છે. ઍલેક્ઝૅંડ્રિયાથી મ્હારા માટેજ દર પખવાડીએ પાર્સલ આવે છે. મ્હને તો એ જ ચીજ પર પ્રેમ છે. કાં તો કામ કે પછી બેઠા બેઠા સીગારેટ ફુંક્યા કરવી.'

જયંતે સીગારેટ સળગાવી અને ચારે તરફ નજર નાખી. એને આવી રીતે સીગારેટ પીતાં મ્હેં આજે જ જોયો.

'હમણાં તો કામ બાજુએ રહ્યું છે અને સીગારેટ ફુંકવાની આવી છે!' પ્રૉફેસરે આગળ ચલાવ્યું. 'મ્હારા કામમાં જ ખતરો પડયો છે. આવું કરપીણ કામ કોણે કર્યું હશે? કેવો ભલો માણસ હતો! ખરેખર! એ મ્હારૂં કામ એટલું સરસ રીતે કરતો કે ન પૂછો વાત! આપનો શો અભિપ્રાય બંધાય છે મી૦ જયંત!'

'હજી મ્હેં કાંઇ અભિપ્રાય નથી બાંધ્યો.'

'તમે એનો પત્તો લગાડશો તો મોટી મહેરબાની થશે. મ્હારા જેવા માણસને આ ફટકો કાંઇ જેવો તેવો નથી. મ્હારી તો બુદ્ધિ બહેર મારી ગઇ છે પણ તમે તો ઘણા ચાલાક છો– તમારે માટે મ્હેં ઘણું સાંભળ્યું છે એટલે કાંઇ હરકત નહિ

આવે. તમારી મદદ છે એટલે ખરે જ બહુ સંતોષ થાય છે.'

પ્રૉફેસર વાત કરતા હતા ત્યારે જયંત આમ તેમ આખાંદ ખંડમાં આંટા ફેરા કરતો હતો. મ્હને લાગ્યું કે એ ઘણો જ ઉતાવળથી ફૂંકયે રાખતો હતો. એને એ સીગારેટ ખૂબ પસંદ પડી લાગતી હતી.

'ખરેખર! એ ફટકો મ્હને તો જીવલેણ લાગે છે. પેલું અમે તૈયાર કરતા હતા તે પુસ્તક. હજી તો ઘણું બાકી છે. કોણ જાણે કયારે પુરૂં થશે! એ હોત તો અમારૂં કામ ઘણું સરળ થાત પણ હવે તો જેવી પ્રભુની મરજી. અરે બાપરે! તમે તો મ્હારા કરતાં પણ ઘણા ઝપાટા બંધ સીગારેટ પીતા જણાવ છો મી૦ જયંત!'

જયંત હસ્યો.

'એમાં પણ હું વિશારદ છું' એણે બીજી–ઘણુંખરૂં એક પછી એક ગણીએ તો ચોથી સીગારેટ લેતાં ઉમેર્યું. 'હું આપને આવા સવાલ પૂછીને ત્રાસ નહિ આપું પ્રૉફેસર સાહેબ! કારણ કે ગુન્હો થયો તે વખતે આપ આપની પથારીમાં જ હતા. 'પ્રૉફેસર, એ તો પેલી હતી.' એમ મરનારે મરતાં મરતાં કહ્યું એનો શો અર્થ હશે?'

પ્રૉફેસરે ડોકું ધુણાવ્યું.

'ગોદાવરી તો સાવ ગામડિયણ છે!' એમણે કહ્યું. 'અને એ વર્ગની મૂર્ખાઇ જાણીતી છે. હું તો એમ માનું છું કે પેલો બિચારો કાંઇક બબડ્યો હશે તેને એણે એવી અસંબદ્ધ રીતે ગોઠવી કાઢ્યું. બીજું શું?'

'એમ! ત્યારે એ કમનસીબ બનાવ માટે આપ કાંઇ જ ખુલાસો નથી કરી શકતા?'

'મ્હને તો અકસ્માત લાગે છે. વખતે આપઘાત પણ હોય! અલબત્ત, એ અનુમાન છે પણ ગદ્ધાપચીસી વટાવતાં

જુવાનિયાંની બાબતમાં એ ભાગ્યે જ ખોટું પડે એવું છે. ખૂન કરતાં એ વધુ બંધબેસતું લાગે છે. પછી તો તમે જાણો.'

'પણ પેલાં ચશ્માં?'

'હા. એ તો ભૂલી જ ગયો! હું તો હજી યે કલ્પના પ્રદેશનો જ વિહારી રહ્યો. જીવનના બનાવો સ્હમજાવવાનું મ્હારૂં ગજુ નથી. છતાં આપણે ક્યાં નથી જાણતા કે પ્રેમની મસ્તી ઑરજ હોય છે! પ્રિય કે પ્રિયતમાની ભેટ પ્રેમી કેટલા વહાલથી રાખે છે તે તમારાથી અજાણ્યું ન જ હોય. એ પણ એવી જ કોઇ ચીજ હોય તો—અને પેલું ચાકુ તો એ પડ્યો તેવું જ છટકીને બાજુએ પડયું હોય. મ્હને તો લાગે છે કે—કાંઇક વિચિત્ર સંજોગોમાં કરસુખે આપઘાત જ કર્યો.'

જયંતને પણ આ રીતે રજૂ થયેલી વાત વિચારવા જેવી લાગી, અને વિચારમાં ને વિચારમાં એક પછી એક સીગારેટ ફુંકતો તે આમતેમ ઘુમતો રહ્યો.

'એ ટેબલ પરના નાના કબાટમાં શું રાખો છો? પ્રૉફેસર!'

'ચોરને આકર્ષે એવું કાંઇ જ નથી. મ્હારી સ્ત્રીએ લખેલા કાગળો અને મ્હારાં યુનીવર્સિટીનાં સર્ટીફીકેટો અને એવાજ કામના કાગળો સિવાય બીજું કાંઇ નથી. આ એની ચાવી રહી. તમે જાતે જો જો ને.'

જયંતે ચાવી જોઇ લીધી અને જરા ધ્યાનથી જોઇને પાછી આપી.

'નાજી. ભાગ્યે જ એ મ્હને ઉપયોગી થશે.' જયંતે જણાવ્યું. 'મ્હારે તો બાગમાં જરા આમતેમ ફરતાં ફરતાં બધી બાબતનો એક વાર વિચાર કરી જોવો પડશે. આપઘાત વિષે આપ કહો છો તેમાં પણ મ્હને ઘણું વજુદ લાગે છે. આપને તસ્દી આપી તે માફ કરશો. બે વાગે આપને મળીશ અને તે દરમિયાન કાંઇ જાણવા જેવું લાગશે તો આપણે વાત કરીશું.'

જયંત અને હું બાગમાં આમતેમ આંટા મારવા લાગ્યા. એ તો હજી મુંગો મુંગો જ ફરતો હતો.

'તને કાંઇ સમજણ પડે છે?'

'એનો આધાર પેલી સીગારેટ પીધીને, તેના ઉપર છે. નટવર!' એણે હસીને કહ્યું. 'વખતે મ્હારી ભૂલ પણ હોય. જે હશે તે એ સીગારેટ જણાવ્યા સિવાય નહિ રહે!'

'અરે ભલા માણસ!' મ્હેં કહ્યું: 'એ તે શી રીતે—'

'એ તો તું તારી મેળે જ જોજે ને! અને કંઇ નહિ તો યે એનાથી ઓછું જ કાંઇ નુકશાન થવાનું છે! હજી તો પેલી ચશ્માવાળાને ત્યાંની તપાસ બાકી છે. એ છતાં જેટલું જલદી કામ પતે તેટલું વધારે સારૂં અને એવો રસ્તો લેવો મ્હને પસંદ છે એ ક્યાં તારી જાણ બહાર છે? પેલાં મણિબાઇ જાય છે. એમની સાથે જરા વાત કરીએ.'

જયંત તરત જ મણિબાઇ પાસે ગયો અને વાતે વળગ્યો. એના સ્વભાવની ખૂબી જ એવી છે કે કોઇપણ સ્ત્રી એની સાથે છૂટથી વાત કર્યા વિના ન રહે. એ તો જાણે વર્ષોથી મણિબાઇને ઓળખતો ન હોય એમ વાતે વળગ્યો. હું જરા પાસે ગયો એટલે મ્હેં મણિબાઇનો જવાબ સાંભળ્યો:

'હા ભાઇ! તમારી વાત ખરી છે. એ બહુજ સીગારેટ પીએ છે. આખો દહાડો ને કોઇ કોઇ વાર તો રાત્રે પણ મોડા સુધી. એક દહાડો સવારે એ ઓરડો જોયો તો જાણે વાદળ ભરાઇ ગયું હોય કે ધુમસનો ગોટો આવ્યો ન હોય એમ આખો ઓરડો ગોટરાણુ થઇ રહેલો. કરસુખ પણ સીગારેટ પીતો હતો પણ કોઇક જ વાર. બહુ સીગારેટ કે બીડી પીવી એ સારી તો નહિ જ. મ્હારા કાકા હુક્કો પીતા હતા એ કહેતા કે હુક્કો તો હજીયે ઠીક પણ બીડી સીગારેટ તો ઘણાં જ ખરાબ અને એના કરતાં તો સીગાર ઘણી જ ખરાબ.'

'હાસ્તો. ખરી વાત છે.' જયંત બોલ્યો: 'એનાથી ભૂખ મરી જાય છે.'

'એ તો મ્હને ખબર નથી. ભાઇ!'

'પ્રૉફેસર ભાગ્યેજ કાંઇ ખાતા હશે એમ મ્હારૂં માનવું છે.'

'ના રે ના! એમને તો સીગારેટની એવી અસર નથી એમ કહેવું જોઇએ.'

'શી વાત કરો છો! હું તો ધારૂં છું કે એ ભાગ્યે બે રોટલી કે થોડો ભાત ખાતા હશે.'

'આજની જ વાત કરૂં તો એમણે ખાસ્સી દસ રોટલી ને ત્રણ કડછી ભાત મંગાવ્યો હતો. ઉલટો એમનો ખોરાક તો દહાડે દહાડે વધતો જાય છે. કાલે મ્હેં કરસુખને એવી રીતે પડેલો જોયો ત્યારનું મ્હને તો ખાવાનું જ ભાવતું નથી. સૌ કોઇના સ્વભાવ સરખા નથી હોતા. મ્હારાથી ખવાતું નથી ત્યારે પ્રૉફેસર સાહેબને દોઢું ખાવા જોઇએ છીએ!'

અમે બાગમાં આમતેમ રખડયા. રામનાથ આજુબાજુ તપાસ કરવા ગયા હતા. જયંતે કહ્યું એવી કોઇ બાઇ અનંત-પુર તરફ જણાઇ હતી એવી ખબર આવી હતી. થોડીવારે એ આવ્યા અને ખબર આપી કે કેટલાક છોકરાઓએ એવી કોઇ સ્ત્રીને જોઇ હતી. ગોદાવરીબાઇએ વાત વાતમાં ખબર આપી કે કાલે સવારે કરસુખ હોરા ફરવા ગયો હતો અને એ ખૂન થવા પહેલાં માત્ર અર્ધો કલાક અગાઉ પાછો ફર્યો હતો. આ બધી વાતોનો પરસ્પર સંબંધ મ્હને સમજાયો નહિ પણ જયંત કંઇક કડીઓ ગોઠવતો લાગ્યો. એકાએક એ ઉભો થયો અને ઘડિયાળ કાઢીને જોયું.

'બે વાગ્યા. આપણે હવે પ્રૉફેસર પાસે જવું જોઇએ.' એણે કહ્યું.

પ્રૉફેસર જમી કરીને પરવાર્યા હતા, અને બેઠા બેઠા

સીગારેટ ફુંકતા હતા.

'કેમ જયંતરાય! કોઇ નિર્ણય ઉપર આવ્યા?' એમણે અમને જોઇને પૂછ્યું. જયંતને એમણે પેટીમાંથી સીગારેટ લેવા ઇસારત કરી. સીગારેટ લેતાં જયંતથી પેટી પડી ગઇ અને બધી સીગારેટ આમથી તેમ વેરાઇ ગઇ. જયંત એ લેવા નીચો નમ્યો અને મ્હેં પણ એને સીગારેટ એકઠી કરવામાં મદદ કરી. સીગારેટ એકઠી કર્યા પછી જયંતનો ચહેરો એકદમ પ્રફુલ્લ થયેલો લાગ્યો. એવો પ્રફુલ્લિત ચહેરો મ્હેં ક્વચિત જ જોયો હશે!

'હાજી. એનો નિર્ણય આવી ગયો.' જયંતે એને પૂછાયલા સવાલનો જવાબ આપ્યો.

રામરાય અને હું બેઉ આશ્ચર્યચકિત થઇ ગયા. પ્રૉફેસરના મ્હોં પર કંઇક વિચિત્રભાવ તરવરતો લાગ્યો.

'એમ? ક્યાં–બગીચામાં?'

'નાજી. અહિંયાંજ.'

'અહિંયાં–કયારે?'

'આ ઘડીએ જ.'

'તમે મશ્કરી કરતા જણાવ છો. જયંતરાય! મ્હારે કહેવાની ફરજ પડે છે કે આ હસવાની વાત નથી.'

'હું ક્યાં કહું છું કે હસવાની વાત છે! મ્હારાં અનુમાનોની પરંપરા સંપૂર્ણ છે અને તેના વિગતવાર પુરાવા મ્હેં મેળવી લીધા છે. તમારી શી ધારણા છે અથવા તો તમે કેટલો ભાગ ભજવ્યો છે તે હું નથી કહી શકતો પણ થોડા વખતમાં જ એ તમારે મ્હોઢેથી સાંભળી શકીશ. એ દરમિયાન શું થયું છે એ કહી જાઉં એટલે મ્હારે તમારી પાસેથી શું જાણવાનું રહે છે તે તમને સમજાય.

'ગઇ કાલે એક બાઇ આપના અભ્યાસગૃહમાં છૂપાઇને

દાખલ થઇ. એનો ઇરાદો તમારા પેલા કબાટમાં કેટલાક ઉપયોગી કાગળો કે દસ્તાવેજો હતા તે લેવાનો હતો. એની પાસે પેલા કબાટની ચાવી હતી. તે એની જ ચાવી હતી. તમારી ચાવી મ્હેં તપાસી છે અને પેલો ઘસરકો તમારી ચાવીથી નથી થયો. એ ચાવી એમાં તમારો હાથ નથી લાગતો કારણ કે મ્હને મળેલી હકીકત મુજબ એ તમારી પાસેથી મ્હેં કહ્યાં તેવાં કાગળિયાં ચોરી જવા આવી હતી.'

પ્રૉફેસરે મ્હોંમાંથી ધૂમાડાના ગોટેગોટા કાઢયા.

'વાત ઘણી જ મઝાની છે.' એમણે કહ્યું. 'બીજું કાંઇ કહેવું છે? જ્યારે એની આટલી વિગત મળી છે તો પછી શું થયું તે પણ જણાયું હશે.'

'એ પણ કહેવાનો પ્રયત્ન કરૂં છું. પેલાં કાગળિયાં કાઢતાં તમારા સેક્રેટરીએ એને પકડી અને એણે છૂટવા માટે જે હાથમાં આવ્યું તેનાથી એના પર ઘા કર્યો. એનો ઇરાદો હોરાનું ખૂન કરવાનો ન હતો પણ સ્હેજ સ્હાજ ઇજા કરી નાસી છૂટવાનો હતો. છતાં કમનસીબે એ ખૂન થઇ ગયું. ખૂન કરવાનો ઇરાદો રાખનાર હથિયાર સિવાય આવે નહિ.

'પોતે અકસ્માત કરેલા ખૂનથી ગભરાઇને એ નાઠી. એની આંખો બહુજ નબળી હતી અને ચશ્માં સિવાય એનાથી બરાબર જોઇ શકાતુ ન હતું. એનાં ચશ્માં કરસુખના હાથમાં રહ્યાં. એ લીધા સિવાય ગાંડાની પેઠે એ નાઠી. સરખી રીતે સાદડી જડેલી જોઈ એ એકને બદલે બીજી બાજુ ગઇ. એણે જાણ્યું કે એ જે રસ્તે આવી હતી તે જ રસ્તે નાસી જતી હતી પણ નસીબ એને બીજી બાજુ દોરી ગયું અને એ તમારા ખંડમાં આવી પહોંચી.'

પ્રૉફેસરના ચહેરાપર ભય અને આશ્ચર્યનાં ચિન્હ જણાતાં હતાં છતાં એમણે ધીરેથી ખભા હલાવી હસીને કહ્યું:

'પણ મ્હારા ખંડમાં હું હતો એ તમે ભૂલી ગયા લાગો છો, અને આખો દિવસ હું બહાર નીકળ્યો જ ન હતો.'

'એ મ્હારી જાણ બહાર નથી.'

'અને તમે એમ માનો છો કે કોઇ સ્ત્રી મ્હારા ખંડમાં આવે અને હું સૂતો હોઉં છતાં ન જાણું ?'

'એ મ્હેં કયાં કહ્યું ? તમને ખબર છે. તમે એની સાથે વાત કરી. તમે એને ઓળખી અને એને નાસી છૂટવામાં મદદ કરી.'

પ્રૉફેસર ફરીથી એકાએક હસ્યા. એમણે ઊઠવાનો પ્રયત્ન કર્યો. એમની આંખો અંગારાની માફક ચળકતી હતી.

'તમારૂં ભેજું ગૅપ થઇ ગયું લાગે છે.' એમણે કહ્યું: 'કેવી મૂર્ખાઇ ભરેલી વાત કરો છો ? મ્હેં એને નાસવામાં મદદ કરી ! હમણાં એ કયાં છે.'

'પેલા કબાટમાં–' એમ કહીને એણે ખૂણામાંના એક કબાટ તરફ આંગળી કરી.

પ્રૉફેસરનું મો ઉતરી ગયું. એકાએક વિષાદની છાયા આખા મ્હોઢા પર ફરી વળી. એજ વખતે એ કબાટ ઉઘાડવાનો અવાજ થયો અને એમાંથી એક સ્ત્રી બહાર આવી.

'આપ સચ કહેતે હો. આપ સચ બાત કરતે હો. મંય યહાં હું.' એણે કહ્યું.

એના મ્હો પર એ અવડ કબાટમાંના બાળા ચોટયા હતા તે લૂછીને એ અરબડિયા ખાતી આગળ આવી. એનો દેખાવ જયંતે કહ્યા મુજબ હતો. પ્રૉફેસર એના તરફ જોઇ રહ્યા.

'હું તમારી કેદી છું.' એણે હિંદીમાં કહેવા માંડયું. 'મ્હેં તમારી બધી વાત સાંભળી છે. તમે બધી વાતની બરાબર ખબર મેળવી છે. હું એ બધું કબૂલ કરૂં છું. મ્હેંજ એ જુવાનને માર્યો છે. પણ તમે કહો છો તેમ એ અકસ્માતથી જ થયું.

મ્હારો એને મારવાનો ઇરાદો ન હતો. મ્હને તો ખબરે ય ન હતી કે એ છરી હતી. મ્હેં તો નાસી છૂટવા જે હાથમાં આવ્યું તે લીધું ને માર્યું.'

'આપની વાત ખરી છે એ વિષે મ્હારી ખાત્રી છે.'

'કેટલીક વાત તમને નથી સમજાઇ. હું આ માણસની પરિણિત સ્ત્રી છું. એ બંગાળી છે. હું ઉત્તર હિંદુસ્તાનની છું. એનું નામ હું નહિ કહું.'

પહેલી વખત પ્રૉફેસર જરાક હાસ્યા. 'પ્રભુ ! તને બચાવે, સરસ્વતી !'

એણે પ્રૉફેસર તરફ નજર રાખીને આગળ ચલાવ્યું, 'હજી તમને જીવનનો એટલો બધો મોહ રહી ગયો છે ! એ જીવને ઘણાં માણસને કચર્યાં છે અને રહેંસી નખાવ્યાં છે. છતાં એટલેથી તૃપ્તિ નથી થઇ? પણ કંઇ નહિ, એ જીવનદોરી તોડવામાં મ્હને આનંદ નથી. હું મ્હારા હાથ કાળા નહિ કરૂં. મ્હેં બહુ સહન કર્યું છે, બહુ દુઃખ વેઠ્યું છે. પણ ખાલી વાતોમાં વખત નહિ ગુમાવું.

'મ્હેં આપને કહ્યું કે હું પ્રૉફેસરની પત્ની છું. અમે પરણ્યાં ત્યારે એ ચાળીસ વર્ષના હતા અને હું સોળ વર્ષની હતી. અમે ઉત્તર હિંદમાં જ લગ્ન કર્યાં હતાં. અમારા વિચાર ઉગ્ર હતા અને તરૂણ ભારતના જેવું જ અમારૂં મંડળ હતું. એનું નામ પણ હું નહિ કહું.'

'તું બહુ ભલી હતી સરસ્વતી !' પ્રૉફેસર બોલ્યાઃ 'અને ભલી જ રહેજે.'

'પછી વિપત્તિનો વખત આવ્યો. કોઇ પોલિસ અમલદારનું ખૂન થયું હતું. ઘણા જણ પકડાયા હતા અને કેટલાયના ઉપર શક હતો. ઇનામની લાલચે મ્હારા પતિએ પોતાની પત્ની અને મિત્રોનો વિશ્વાસઘાત કર્યો અને પોલિસને નામ આપ્યાં તથા

મદદ કરી. એની સાક્ષી અને જુબાનીએ અમે બધાં કાળા પાણીએ ગયાં. મ્હારી સજા અમુક વર્ષની હતી.

'એ કુમાર્ગે મેળવેલા પૈસા લઇને મ્હારા પતિદેવ આ તરફ આવ્યા અને અહીં ઠરીઠામ થયા. એમના રહેઠાણની મંડળને ખબર પડે તો એમની જીંદગી ટુંકી થઇ ગયા સિવાય ન રહે!

'હું તો તારી દયા પર જીવું છું. સરસ્વતી!' પ્રૉફેસરે વચ્ચે ઉમેર્યું.

'હજી મ્હેં એમની દુષ્ટતાની વાત પુરેપુરી નથી કરી. અમારા મંડળમાં ડૉ. ગંગુલી કરીને મ્હારા મિત્ર હતા. એ બહુજ ઉંચા ખાનદાનના તથા અમીરી ખવાસના આદમી હતા. એમનો હાથ પેલા ખૂનમાં રજ માત્ર ન હતો. એ અહિંસાના ભક્ત હતા. એમણે મ્હને આ કામમાંથી હાથ ઊઠાવવાને મિત્રભાવે–કારણ કે અમે બન્ને સાથે ભણ્યાં હતાં–કાગળો લખેલા. એ કાગળો અને મ્હારી ડાયરી બહુ ઉપયોગી હતાં. મ્હારા પતિએ અદેખાઇની આગને લીધે એમનું–ડૉ. ગંગુલીનું નામ પણ પોલિસને આપ્યું હતું. પેલા કાગળો અને ડાયરીની મદદથી એ છૂટી બાત પણ એ બેઉ ચીજો મ્હારા પતિદેવે કબજે કરીને ઠેકાણે રાખી હતી. એણે એ જુવાન માણસને સજા કરાવવામાં ઉત્સાહથી ભાગ લીધો અને પોતાથી બનતું બધુંયે કર્યું. એ બિચારો હજીયે આંદામાનમાં છે. એ ત્યાંની જેલમાં સબડે છે એનો આ નરપિશાચને ખ્યાલ પણ નથી! મ્હેં લેવા ધાર્યું હોત તો જરા જેટલામાં એની જીંદગી લેવાય એમ હતું પણ મ્હારે એના જેટલી દુષ્ટતા વાપરવી ન હતી.'

'તારો ઉમદા સ્વભાવ તું નહિ જ છોડે સરસ્વતી!'

'તમારી દુષ્ટતા તમે નથી ત્યાગી તેમજ. મ્હારી સજા પુરી થઇ એટલે હું છૂટી અને પ્રૉફેસરનું રહેઠાણ શોધી કહા-

ડીને પેલા કાગળો તથા ડાયરી મેળવવા પ્રયત્ન કરવો શરૂ કર્યો. એ બેઉ ચીજોની મદદથી હું ડૉ. ગંગુલીને નિર્દોષ ઠરાવીને છોડાવી શકું એમ છું. એ ડાયરી હજી મ્હારા પતિ પાસે છે તેની મ્હને ખાત્રી હતી કારણ કે મ્હને આંદામાનમાં લખેલા કાગળોમાં એમાંથી એમણે કેટલીક વિગતો, વાકયો અને અવતરણો ટાંકયાં હતાં. મ્હારી એ પણ ખાત્રી હતી કે આ દુષ્ટ સ્વભાવવાળા માણસ પાસેથી એ ચીજો સીધી રીતે મળે એમ ન જ હતી. એ તો મ્હારેજ મેળવવી રહી. એ ઉપરથી મ્હેં એક જણને રોકયો. એ તમારો પહેલો સેક્રેટરી હતો તે. એણે મ્હને આ મકાનનો નકશો આપ્યો. બધી વિગતો સમજાવી અને એ કાગળો કયાં છે તે કહ્યું. તથા એ કબાટની ચાવીની મીણપર ઉતારેલી છાપ આપી. એથી વધુ કરવાની એણે ના પાડી એટલે બાકીનું કામ મ્હારે કરવાનું હતું. એણે કહ્યું હતું કે બપોરના વખતે એ ખંડમાં કોઇ હોતુ નથી એટલે એ વખત મ્હેં પસંદ કર્યો. અને એ વખત સાધીને આવી તથા એ કાગળો હાથ કર્યા પણ પછી આ અણધાર્યો અકસ્માત નડયો.

'એ કાગળો લઇને જેવી હું કબાટ બંધ કરતી હતી તેવો જ પેલો જુવાન આવ્યો. એને મ્હેં સવારે જોયો હતો અને એ પ્રૉફેસરનો સેક્રેટરી હશે એવી મ્હને ખબર ન હોવાથી મ્હેં એને એમના રહેઠાણ વિગેરે વિષે પૂછ્યું પણ હતું'

'બરાબર હવે!' જયંત બોલી ઊઠયો. 'અને એણે પાછા આવીને એ વાત પ્રૉફેસરને કરેલી તેથીજ એણે મરતી વખતે કહ્યું કે 'પ્રૉફેસર! એ તો પેલી હતી!'

'મ્હને હવે પૂરૂં કરવા દો. મ્હારે વધારે વખત નથી. એ પડયો એટલે હું દોડી અને ભૂલથી અહિં આવી લાગી. એમણે મ્હને પોલિસને સોંપવાની વાત કરી એટલે મ્હેં પણ દમ આપ્યો કે એ જો મ્હને પોલિસને સોંપશે તો હું એમને મંડળ-

ને સોંપી દઈશ. મ્હારે મ્હારા માટે જીવવું ન હતું પણ પેલા જુવાન ડૉકટર ગંગુલીને છોડાવવા માટે જીવવું હતું. એમની ખાત્રી હતી કે હું બોલું છું તેમ કર્યા સિવાય રહું નહિ એટલે એમણે મ્હને મદદ કરી અને પેલા કબાટમાં સંતાડી. એ અહિં જમતા હતા એટલે એમની સાથે જમાડી. એમણે કહ્યું હતું કે પોલિસ તપાસ પૂરી થાય એટલે રાતના વખતે મ્હારે જતા રહેવું પણ એટલામાં તો તમે બધી વાત પકડી પાડી. આ કાગળો અને મ્હારી ડાયરી લો.' એમ કહીને એણે કેટલાક કાગળો તથા એક ડાયરી જયંતને આપ્યાં. 'એનો ઉપયોગ કરીને ડૉ. ગંગુલીને છોડાવજો. મ્હારૂં કામ પુરૂ થાય છે અને—'

'થોભો થોભો—' કહીને જયંત કુદ્યો અને સરસ્વતીના હાથમાંથી ગોળીઓની એક નાની શીશી લઈ લીધી.

'મ્હેં બહાર નીકળતા પહેલાં જ ઝેર લઇ લીધું છે. તમને આપેલી ચીજો સંભાળજો અને ડૉકટરને છોડાવજો. મ્હારા હાથ તણાય છે. મ્હને ચક્કર આવે છે.' એમ કહેતાં એ નીચે તૂટી પડી.

*

'બહુ જ સાદો કેસ હતો છતાં કેટલીક ગુંચ અક્કલનો ઉપયોગ માગી લેતી હતી. નટવર!' જયંતે અમે પાછા ફરતા હતા ત્યારે કહ્યું. મ્હને પેલાં ચશ્મા પરથી કેટલુંક સમજાયું. જો એ ન જડ્યાં હોત તો આટલી સહેલાઇથી ભેદ ન જણાત. એને જોઇને મ્હારી ખાત્રી થઇ કે એ પહેરનાર એના સિવાય આંધળુભીત થઇ જાય અને ઝાઝુ જોઇ શકે જ નહિ. જરા પણ ગફલત સિવાય એ પેલી ઘાસની લાંબી અને સાંકડી પટી પર થઇને ગઇ એ મ્હારા માનવામાં ન આવ્યું. જો એની પાસે બીજાં ચશ્માં હોય તો એ એવી રીતે પાછી ફરી શકે. એ ઉપરથી મ્હને એવું અનુમાન બાંધવું પડ્યું હતું કે એ બહાર ગઇ

નથી પણ ઘરમાં જ કોઇ ઠેકાણે છે. બે ઓસરીનું સામ્ય જોઇને મ્હારી એ શંકાને પુષ્ટિ મળી હતી. એણે જરૂર ભૂલ કરી હશે અને એકને બદલે બીજી બાજુ ગઇ હશે એમ મ્હેં માન્યું. એ પ્રૉફેસરના ખંડમાં ગઇ હોવી જોઇએ એવો આપણે એમના ખંડમાં ગયા તે પહેલાં મ્હને શક હતો એટલે એ ખંડ ધ્યાન દઇને જોયો. સંતાવા જેવી જગ્યા તરિકે મ્હને પેલું કબાટ લાગ્યું એટલે આમ તેમ ફરતાં ફરતાં કાળજી પૂર્વક મ્હેં સીગરેટની રાખ એ બાજુ પડવા દીધી. પછી આપણે નીચે આવ્યા. મણિબાઇ સાથે પ્રૉફેસરના ખોરાકને લગતી વાત થઇ તેથી પણ મ્હારી ખાત્રી પાકી થઇ કે પ્રૉફેસરના ખંડમાં એ બાઇ સંતાઇ છે. ત્યાર બાદ આપણે ઉપર ગયા અને સિગારેટ જાણી જોઇને મ્હેં નીચે વેરી નાખી અને તે લેવા આપણે નીચા નમ્યા ને વીણી, એ વખતે મ્હેં જોયું તો મ્હેં પાડેલી રાખ કોઇનાં પગલાંથી દબાઇ હતી. આપણા ગયા પછી પ્રૉફેસરનો કેદી, એમની પત્ની પોતાની સંતાવાની જગ્યાએથી ખાવા માટે બહાર આવી હતી અને પાછી સંતાઇ ગઇ હતી. એમ કરતાં એનાં પગલાંથી એ રાખ દબાઇ હતી. ચાલો, આપણે સીધા જ સૅક્રેટરીએટમાં જ જઇએ અને ડૉકટર ગંગુલીને બચાવવા બનતી ઉતાવળ કરીએ.’

☆

ગુન્હાશોધનની કલા

'જયંત! એકવાર તેં નટવરને ગુન્હાશોધનની કલા બાબત કૈંક લખવાની વાત કરી હતી—' પંડિતજીએ ઉમેર્યું.

'એ હું ભૂલી નથી ગયો.' જયંતે જવાબ આપ્યો.

'એ તું ક્યારે લખવાનો છે? જયંત!' મ્હેં પૂછ્યું.

'તું ક્યાં મ્હને લખવાનો પ્રસંગ આપે છે?' જયંતે કહ્યું.

'હવે તું લખ. એટલો વખત મ્હને આરામ મળશે.' મ્હેં જણાવ્યું.

'પણ જયંત! એમાં તું શું શું લખવાનો છે?'

'આપણે ત્યાં એને લગતું સાહિત્ય તદ્દન નજીવું, ખરું પૂછો તો નહિ જેવું જ છે. તમારી ઇચ્છા હોય તો આપણે એ વિષયને લગતી અત્યારે જ થોડી ચર્ચા કરીએ.'

'ભલે, એમ કરીએ તે ઠીક થઇ પડશે, અને તને લખવાની પુરસદ નહિ મળે તો નટવર એને એ જ રીતે લખી કાઢશે.' પંડિતજીએ ઉમેર્યું.

'સૌથી પહેલાં તો મ્હારે પેલી આંગળાંઓનાં નિશાન અથવા છાપ સંબંધી હકીકત જાણવી છે.' પંડિતજી બોલી ઉઠ્યા. ગુન્હાશોધનની કલા એમને મન એ વખતે નવી નવાઇ હતી.

'તો આપણે એનાથી જ શરૂઆત કરીશું.' જયંતે કહ્યું.

'અને આંગળાંની છાપનો હિસ્સો 'ગુન્હાશોધન'માં જેવો તેવો નથી! જરા જેટલી નિશાની પરથી, આછી છાપ ઉપરથી પણ ગુન્હેગાર પકડાયા છે. એ તો આપને ખબર હશે જ.' મ્હેં કહ્યું.

'હા રે! પેલા પ્રાણવલ્લભના કેસમાં શરબતના પ્યાલા પર આંગળાંની આછી છાપ પડેલી, તે ઉપરથી એ પકડાયેલો ને.' પંડિતજીએ જણાવ્યું.

'અને એમ બને તેમાં નવાઇ નથી. કુદરતે માણસનાં આંગળાં જ એવાં ઘડયાં છે કે એ તરત જ ઓળખાઇ આવે.' જયંતે કહ્યું.

'બે માણસના ચહેરા ભાગ્યે જ મળતા આવે છે. એ રીતે જ આંગળાંનાં ટેરવાં ઉપરનાં ચકરડાં ને ચિહ્નો પણ ભાગ્યે જ મળતાં આવે છે, એમ કંઇક સાંભળ્યું છે તો ખરૂં' પંડિતજીએ વચ્ચે ઉમેર્યું.

'અને એવું છે જ.' જયંત બોલ્યો: 'કુદરતે એમાં અવધિ-જ કરી છે. એક માણસનો ચહેરો મંદવાડથી, દાઝવાથી, અવસ્થાથી, આસમાની સુલતાનીથી ફરી શકે છે, પણ ગમે તેવા સંજોગોમાં એનાં આંગળાં ઉપરનાં ચકરડાં ને ચિહ્નો ફરી શકતાં નથી.'

'આંગળીનું ટેરવું બળી જાય તોય?' પંડિતજીએ પૂછ્યું.

'તો પણ નવી ચામડી આવે ત્યારે પાછાં એનાં એ જ ચકરડાં. જરા પણ ફેરફાર નહિ જ.' જયંતે કહ્યું.

'એ તો ઘણું નવાઇ જેવું!' પંડિતજી આશ્ચર્ય પામી

બોલી ઉઠયા.

'એમ જ છે. અને એવું છે એટલે જ એક માણસ ગમે તેટલાં નામ બદલે, ગમે તેટલો વેષ છૂપાવે કે ફેરફાર કરે તો પણ એને લીધે એ ઓળખાઇ જાય છે.' જયંતે સ્હમજાવવા માંડયું. 'પેલા ધનગોપાળના કેસમાં મેથજી એ રીતે જ ઓળખાઇ ગયેલો અને એના પૂર્વજીવનનો–આગળ કરેલાં ખૂન તથા ધાડનો પત્તો લાગેલો. એ જ જાણીતો બહારવટીઓ જેઠમલ હતો અને એ જ પેલો સફેદ ઠગ વિકાજી હતો. એ પત્તો એનાં આંગળાંની છાપ પરથી જ મળેલો. ફોટાઓમાં તો ઘણો જ ફેરફાર હતો અને મોઢાના દેખાવ પરથી એ ત્રણે વ્યકિતઓ એક જ હશે એમ ભાગ્યે જ કોઇ માની શકે; પણ આંગળાંની છાપ આબાદ કહી આપતી હતી કે એ ત્રણે વ્યક્તિઓ એક જ છે, પછી ભલેને દેખાવ જુદો હોય!'

'પણ એ છાપ શી રીતે ઓળખાય?' પંડિતજીએ પૂછયું.

'એની પણ પદ્ધતિ છે. દરેક ગુન્હેગારનાં દસે આંગળાંની છાપ લેવાનો રિવાજ છે. એ છાપવાળા કાગળ ઉપર તેનું નામ, ગુન્હાનો પ્રકાર, સજા વગેરે લખાય છે. બને તો એનો ટુંકો ઇતિહાસ પણ લખી લેવાય અને વખતે તેનો ફોટો પણ હોય. પણ એ બધું જુદે જુદે ઠેકાણે જુદી જુદી રીતે નોંધવામાં આવે છે. છતાં મુખ્ય મુદ્દાની વસ્તુ આંગળાંની છાપને ગણવામાં આવે છે, અને એ છાપ પછીથી એના સંગ્રહ માટે અલગ ખાતું રખાયલું હોય ત્યાં જાય છે.'

'એ ખાતાનું નામ શું?'

'ફીંગર પ્રીંટ બ્યુરો. તે એ બધી છાપોને સંઘરે છે ને તેના અલગ અલગ જથ્થા પાડે છે.'

'મ્હને પણ એ જ નવાઇ લાગતી હતી કે એ હજારો છાપોને શી રીતે ગોઠવતા હશે કે જેથી જોઇએ તે વખતે જોઇતી

છાપ જ નીકળી આવે ને ખાત્રીપૂર્વક મનાય કે એ છાપ આ જ માણસની છે.' પંડિતજીએ પોતાની શંકા રજૂ કરી.

'દરેક માણસનાં આંગળાં પર સરખી છાપ નથી હોતી.' જયંતે સ્હમજાવવા માંડ્યું: 'તમારાં આંગળાં જૂઓ. આ ગોળ ને ગોળ ચકરડાં છે તેને ગુજરાતીમાં ચક્ર કહે છે ને અંગ્રેજીમાં Whirl કહે છે. અને આ આઠડાની માફક એકદમ વાંકા થતાં ચિહ્નોને આપણે ત્યાં શંખ નામથી ઓળખે છે. તેને અંગ્રેજીમાં loop કહે છે.'

'બરાબર છે!' પંડિતજી પણ બોલી ઊઠયા: 'દશચક્રી ભવેત્ રાજા.' એવું કંઈક સાંભળ્યું પણ છે.'

'એ રાજા થાય કે ભિખારી, એ બાબત તો આપણે સામુદ્રિક શાસ્ત્રને સોંપીએ તેજ બહેતર છે.' જયંતે કહ્યું: 'આપણને લાગે વળગે છે ત્યાં સુધી એ નિશાનીઓ જ દરેક માણસનાં આંગળાં ઉપર હોય છે. ફીંગર પ્રીંટ બ્યુરો એને W અને L એ નામે ઓળખે છે.'

'એનું વર્ગીકરણ શી રીતે થતું હશે?'

'દરેક માણસનાં આંગળાં પર સરખાં ચિન્હ હોતાં નથી. જમણા હાથનાં આંગળાં પર એક જાતનાં ચિન્હ હોય તો ડાબા હાથ પર બીજી જાતનાં ચિન્હ હોય.'

'હાં! મ્હારા જમણા હાથની અનામિકા પર ચક્ર છે ને ડાબા હાથની અનામિકાએ શંખ છે.' પંડિતજી બોલી ઊઠ્યા.

'અનામિકા જ કેમ યાદ આવી?' મ્હેં પંડિતજીને પૂછ્યું.

''અનામિકા સાર્થવતી બભૂવ' એ ચરણ ભૂલી ગયો કે?' પંડિતજીએ મને સંસ્કૃત સાહિત્યનો હવાલો આપ્યો.

'એ જ રીતે જુદાં જુદાં આંગળા પર જુદાં જુદાં ચિહ્નો હોય છે.' જયંતે આગળ ચલાવ્યું: 'હવે વર્ગીકરણની મુખ્ય રીત સ્હમજાવું. જમણા હાથની છાપ–સૌથી પહેલાં અંગુઠો, પછી

પહેલી, બીજી, એમ ચારે આંગળી અનુક્રમે આવે: એની નીચે ડાબા હાથની છાપ—સૌથી પહેલાં છેલ્લી આગળી ને છેલ્લે અંગુઠો એ રીતે ગણાય.

'દાખલા તરિકે—

'જમણો હાથ અંગુઠો – ૧ – ૨ – ૩ – ૪

'ડાબો હાથ ૪ – ૩ – ૨ – ૧ – અંગુઠો.

'હવે એના પર ચક્ર ને શંખ નીચે મુજબ હોય.

'જમણો હાથ—અંગુઠો – ૧ – ૨ – ૩ – ૪

શંખ – ચક્ર – શંખ – ચક્ર – શંખ

'ડાબો હાથ ૪ – ૩ – ૨ – ૧ – અંગુઠો

ચક્ર – શંખ – શંખ – ચક્ર – ચક્ર

'તો એ આ રીતે લખાય

$$\frac{L\text{-}W\text{-}L\text{-}W\text{-}L}{W\text{-}L\text{-}L\text{-}W\text{-}W}$$

'હવે દરેકને અમુક માર્ક અથવા ગુણ આપેલા હોય છે અને તે આ રીતે

$$\frac{૧૬ \quad ૮ \quad ૪ \quad ૨ \quad ૧}{૧૬ \quad ૮ \quad ૪ \quad ૨ \quad ૧}$$

'હવે શંખના ગુણ છોડી દેવાય છે અને ચક્રના ગુણનો સરવાળો થાય છે એટલે

$$\frac{\cancel{16} \quad 8 \quad \cancel{4} \quad 2 \quad \cancel{1}}{16 \quad \cancel{8} \quad \cancel{4} \quad 2 \quad 1} = \frac{10}{19}$$

'પછી કેટલેક ઠેકાણે એમાં એક અથવા બે ખાનગી ગોઠવણ મુજબ ઉમેરાય છે એટલે $\frac{૧૦}{૧૯}$ના $\frac{૧૧}{૨૦}$ કે $\frac{૧૨}{૨૧}$ થાય છે. અને આ છાપ અગિયારમા વિભાગની વીસમી ફાઇલમાં અથવા બારમા વિભાગની એકવીસમી ફાઇલમાં જાય છે. આ હિસાબે જુદા જુદા બત્રીસ

વિભાગ અને દરેક વિભાગમાં બત્રીસ ફાઇલો થઇ. એ હિસાબે વર્ગીકરણ સહેલું થાય છે ને સહેજે એક હજાર વિભાગમાં વહેં-ચાઇ જાય છે. એના પણ બારિક પેટા વિભાગ છે અને તે ચકરડાંના પ્રકાર ઉપર ,અવલંબે છે. એ બારિક વિભાગમાં મુખત્વે સૂક્ષ્મદર્શક કાચનો ઉપયોગ કરવામાં આવે છે. એની પુરતી પરીક્ષા પછી યોગ્ય નિર્ણયપર આવી શકાય છે. આ જાતના વર્ગીકરણને લીધે ગુન્હેગારનું પૂર્વ ઓળખાણ મેળવવામાં ઘણી સરળતા થાય છે.'

'ખરેખર! આ વ્યવસ્થા પણ અજબ જેવી છે.' પંડિત-જીએ પ્રશંસા કરી.

'અને એ આંગળાંની છાપને વળી તાર મારફત દેશ પર-દેશ પણ મોકલવાની હમણાં શોધ થઇ છે એટલે એક ગુન્હેગા-રને દેશ પરદેશ પકડવામાં પણ હરકત નથી.'

'અત્યારલગી તો મ્હને આ બાબત તદ્દન કોયડા જેવી લાગતી હતી. તે તારા વિવેચનથી તો દીવા જેવી દેખાય છે.' પંડિતજી બોલ્યા.

'જાણ્યો કોયડો કોડીનો.' મ્હેં ઉમેર્યું.

* * * *

'નટવર! જાતજાતની છૂપી પરિભાષાઓ પણ ગુન્હાશોધનની કલાના વિભાગ તરિકે જાણવી જોઇએ.' જયંતે કહ્યું.

'એ ન જાણે તો એવા અનેક પ્રસંગો આવે ત્યારે મુઝાઇ રહેવું પડે.' મ્હેં કહ્યું.

'અને ગુન્હેગારોનાં ફળદ્રુપ ભેજાં જાત જાતની વિવિધ પરિ-ભાષાઓ શોધી કાઢે છે, એમ મ્હેં સાંભળ્યું છે.' પંડિતજીએ ઉમેર્યું. 'એ એવી તો અટપટી હોય છે કે ભલભલાને એનો ઉકેલ ન જડે.'

'એવું બને છે ખરૂં, પણ ગમે તેમ તોયે એ બધા માણસાઇ

ભેદ છે. એક માણસ જે નિર્માણ કરે છે તેનું રહસ્ય બીજો માણસ પોતાની બુદ્ધિમત્તાથી ઉકેલી શકે છે. એમ ન થતું હોત તો ગુન્હાઓ અને ગુન્હેગારો દુનિયામાં વધી પડત.' જયંતે કહ્યું.

'તમારા અનુભવમાં એવી પરિભાષાઓ આવી છે ખરી ?' પંડિતજીએ પૂછ્યું.

'એક નહિ પણ અનેક.'

'ત્યારે એમાંની થોડીક તો સમજાવો. જાણીએ તો ખરા.' પંડિતજીએ જીજ્ઞાસા દેખાડી.

'ભલે.' જયંતે કહ્યું.

'આપણી ભાષામાં વ્યંજનના ૩૬ અને સ્વરના ૧૨ મળી ૪૮ અક્ષર છે. એને અનુક્રમે અથવા આડા અવળા મરજી ફાવે તે રીતે ગોઠવે છે. દાખલા તરિકે :

ક ખ ગ ઘ ઙ ચ છ જ ઝ ઞ
અ આ ઇ ઈ ઉ ઊ એ ઐ ઓ ઔ
ટ ઠ ડ ઢ ણ ત થ દ ધ ન પ
અં અઃ જ્ઞ ક્ષ ળ હ સ ષ શ વ લ
ફ બ ભ મ ય ર લ વ શ ષ
ર ય મ ભ બ ફ પ ન ધ દ
સ હ ળ ક્ષ જ્ઞ અ આ ઇ ઈ
થ ત ણ ઢ ડ ઠ ટ ઞ ઝ
ઉ ઊ એ ઐ ઓ ઔ અં અઃ
જ છ ચ ઙ ઘ ગ ખ ક

આ પ્રમાણે ગોઠવી એકને બદલે બીજો અક્ષર નક્કી કરી તે ગોઠવે છે અને તેનો ઉપયોગ કરે છે. આ પરિભાષામાં 'પંડિતજી' લખવું હોય તો આમ લખાય:

'લખ જ્ઞઞ હ ઐઝ.'

આ પરિભાષામાં લખાણ વધે છે પણ ગુપ્તતા જાળવવાને

આટે એ જરૂરતું ગણાય છે.'

'એટલે એમાં શું લખ્યું છે તેની કોઇને સમજણ જ ન પડે.' પંડિતજી બોલી ઊઠ્યા.

'જરા પણ નહિ, સિવાય કે એ માણસ ઉકેલ જાણતો હોય!' જયંતે કહ્યું: 'આવી રીતના સંદેશાના ઉકેલ શોધવા પુરતા પ્રમાણમાં સાહિત્ય હોવું જોઇએ. એવીજ બીજી રીત છે. એમાં અક્ષર ગોઠવવાને બદલે આંકડા ગોઠવાય છે. દાખલા તરિકે

ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	
૧૦	૯	૮	૭	૬	૫	૪	૩	૨	૧	
ટ	ઠ	ડ	ઢ	ણ	ત	થ	દ	ધ	ન	
૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	
પ	ફ	બ	ભ	મ	ય	ર	લ	વ	શ	
૩૦	૨૯	૨૮	૨૭	૨૬	૨૫	૨૪	૨૩	૨૨	૨૧	
ષ	સ	હ	ળ	ક્ષ	જ્ઞ	અ	આ	ઇ	ઈ	ઉ
૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧
ઊ	એ	ઐ	ઓ	ઔ	અં	અ:				
૪૮	૪૭	૪૬	૪૫	૪૪	૪૩	૪૨				

આ રીતે અથવા આડા અવળા મરજી ફાવે તે રીતે આંકડા ગોઠવે છે અને પછી તેમાં જ લખે છે. આ રીતે આ આંકડાની પરિભાષામાં 'પંડિતજી' આ રીતે લખાય:

'૩૦, ૪૩' ૧૩, ૩૯' ૧૬' ૩, ૪૦''

આમાં અક્ષર પૂરો થયે પૂર્ણ વિરામ મૂકે એટલે વાચવામાં સુગમતા જળવાય.

એ ઉપરાંત બીજી પણ આંકડાની પરિભાષાઓ હોય છે. તેમાં અમુક પુસ્તક પસંદ કરે અને તેનાં પાનાં નક્કી કરે. તે પાના પરનો અમુક અમુક શબ્દ એમ લખે. તને યાદ છે નટવર! આપણે પેલા પ્રાણજીવનના કેસમાં એવીજ આંકડાની પરિભાષાનો

ઉકેલ કરવો પડયો હતો તે ?'

'અરે હારે! એ તે કેમ ભૂલી જવાય?' મ્હેં કહ્યું. 'એ આ રીતે હતો:

પ૩૨, ૨ · ૧૬૮, ૨૪૮, ૨૫૯ · ૨૫૦, ૨૫૨,

૨૫૩, રંગપુર પ્રાણજીવન ૯૭ · ૭૧, ૭૨, ૭૩,

હવે એના પરથી શું સમજી શકાય? પંડિતજી!'

'કૈંજ નહિ.' પંડિતજીએ જવાબ આપ્યો.

'અને છતાંયે એ ટુંકો સંદેશો એક માણસના મરણની આગાહીરૂપ હતો. અમે એનો ઉકેલ શોધવા ખૂબ મહેનત કરી હતી.'

'પછી શી રીતે શોધી કાઢયો?' પંડિતજીએ પૂછ્યું.

એને માટે અમે ગુજરાતી ભાષામાં છપાતાં પુસ્તકો વિષે પહેલાં વિચાર કર્યો. નં પ૩૨ એ પાનનો નંબર છે. પછીનો ૨ એ કોલમ બતાવે છે. એ નિર્ણય કર્યા પછી અમે ડબલ કોલમમાં છાપેલાં મોટાં પુસ્તકોની ગણતરી કરી ગયા. મહાભારત, રામાયણ, શબ્દકોષ અને ભાગવતમાંથી છેવટે જયંતની સૂચનાથી ભાગવત લક્ષમાં લીધું અને તે કઇ સંસ્થાનું તે ઉપર નજર દોડાવી. વધારે વપરાશમાં કયું હોઇ શકે તે શોધી કાઢયું અને છેવટે સસ્તા સાહિત્યના પ્રકટ કરેલા ભાગવતના પ૩૨ મા પાનના બીજા કોલમમાં એ છૂપી પરિભાષાનો ઉકેલ જડ્યો. એક પછી એક શબ્દો ગણ્યા અને ગોઠવ્યા તો આખો સંદેશો નીચે મુજબ વંચાયો:

દયાળુ, શક્તિ હોય તો રક્ષા કર.

રંગપુરમાં પ્રાણજીવનનો ભયંકર

કાળ આવ્યો છે.

બોલો, આ ભેજામાં ઉતરે એવું છે?'


'જરા પણ નહિ.' પંડિતજીએ કહ્યું: 'છતાંયે પ્રયત્ન કરીને–ભેજું કસીને એનો તમે ઠીક ઉકેલ કાઢી શક્યા.'

'ગુન્હાઓ શોધી કાઢવામાં એવા ઉકેલની ખાસ આવશ્યકતા


છે.' મ્હેં કહ્યું. ''વસુમતિ' માં આ બધું મ્હેં વિગતથી લખ્યું છે.''

'એ ઉપરાંત ભૂમિતિની પરિભાષા પણ હોય છે.' જયંતે કહ્યું. 'એ સમજવી ઘણી અઘરી પડે છે. એની એક સામાન્ય ગોઠવણ આ રીતે થઇ શકે:

ક ખ ગ ઘ	ડ ઢ ણ ત	મ ય ર લ
ઙ ચ છ જ	થ દ ધ ન	વ શ ષ સ
ઝ ઞ ટ ઠ	પ ફ બ ભ	હ ળ ક્ષ જ્ઞ



આના ચાર વિભાગ થાય.



હવે જેટલામો અક્ષર હોય તેટલાં ટપકાં તે તે આકૃતિમાં ગોઠવો. આ પરિભાષામાં 'પંડિતજી' આ રીતે લખાય.




'આ જાતની ભૂમિતિની આકૃતિઓ ઉપરથી સંદેશો શોધી કાઢતાં અથવા એ પ્રકારની પરિભાષાનો ઉકેલ ગોઠવતાં ભેજાનું દહીં થઇ જાય છે.'

'અને જયંત! એ બધાને ટપી જાય એવી પેલી તાંડવ-નૃત્યની પરિભાષા યાદ છે કે નહિ?' મ્હેં સંભારી આપ્યું.

'વાહ રે! એ કેમ ભૂલાય? પેલા ભાણુપુરના દેશાઇએ મને તાંડવનૃત્યનાં ચિત્રો આપ્યાં ત્યારે એ સંદેશો ભાગ્યે જ વંચાયો હતો પણ એની પાછળની ખંત અને અભ્યાસને યોગે એ સંદેશા વાંચવા હું શક્તિમાન થયો હતો.'

'અને એની જ મદદથી ગુન્હેગારને પકડી શકયો હતો.' મ્હેં ઉમેર્યું.

'એના નમૂના આ રહ્યા :







'આમાનો પહેલો નમૂનો 'અહીં જલદી આવો' બીજો 'આવ જયા આવ' અને ત્રીજો 'નાજી' એમ જણાવે છે. એમાં વારે વારે આવતી 'અ' ની નિશાની



ઉપરથી એનો ઉકેલ શોધી કાઢ્યો હતો. એની એકે એક નિશાની તાંડવનૃત્ય કરતા માણસની છે.'

'ઘણું નવાઇ જેવું.' પંડિતજીએ કહ્યું.

'એનો વિગતવાર ઉકેલ મ્હેં 'તાંડવ નૃત્ય' ની વાતમાં આપેલ છે તે તમારી ફુરસદે જોઇ જજો એટલે એ પરિભાષા સમજી શકાશે. પંડિતજી! એમાં માણસ નાચતું કૂદતું હોય એવી રીતનું ચિન્હ કાઢી તેના હાથ પગના જુદા જુદા આકાર પરથી અક્ષર નક્કી કરવામાં આવ્યા છે અને એવી હારની હારથી સંદેશા મોકલી શકાય છે.'

'અને આ જાતની પરિભાષા જાણનાર એકમાંથી અનેક પોતાની મરજીમાં ફાવે તેટલી, સ્હેજસાજ ફેરફાર કરીને પણ બનાવી શકે છે.' જયંતે ઉમેર્યું.

'પરિભાષા તૈયાર કરવી સ્હેલી છે તેટલો તેનો ઉકેલ નથી, સ્હમજ્યાને પંડિતજી? આપણે વાત વાતમાં પાંચ છ જાતની પરિભાષાઓ જોઇ પણ એ દરેકનો ઉકેલ કરવાનો આપ્યો હોય તો દહાડાના દહાડા વીતી જાય!' મ્હેં કહ્યું.

'તારી વાત ખરી છે નટવર! આવી વિવિધ પ્રકારની પરિભાષા જાણનાર અને ઉકેલનાર ભેજાંની કિંમત તે સિવાય અંકાય જ નહિ ને!'

* * *

'આપણે છૂપી પરિભાષાઓ વિષે વિવેચન કરી ગયા.' જયંતે કહ્યું: 'એમાં જણાવ્યા ઉપરાંત બીજી અનેક પ્રકારની પરિભાષાઓ ગુન્હેગારો વાપરે છે. જેવું જેનું ભેજું તેવી તેની શોધ. જે ગુન્હેગારનું ભેજું ઘણું જ ફળદ્રુપ હોય છે તે સારી જાતની ઘણી જ અટપટી અને બહુ જ અઘરી પરિભાષા શોધી શકે છે. જેનો ઘટતો ઉકેલ શોધી કાઢવામાં આપણા કરતાં યે નિપૂણ ગુન્હાશોધકોના મગજનું તેલ સાવ ખૂટી જાય છે, છતાં એ બધી પરિભાષાઓનો ઉકેલ અને નિકાલ વિશાળ અનુભવ, અસમાન્ય જ્ઞાન, અવિરત શ્રમ અને અખંડ શ્રદ્ધા માગી લે છે.'

'એ વાત ખરી.' મ્હેં કહ્યું.

'અને એ ઉપરાંત છૂપી શાહીઓ પણ આવે છે.' પંડિતજીએ સૂચના કરી.

'એ વિષય પર જ હું હમણાં આવવાનો હતો.' જયંત બોલ્યો: 'છૂપી શાહીઓ જાતજાતની છે પણ તે સર્વમાં સારામાં સારી શાહી તો દૂધ છે. એનાથી કોરા કાગળ ઉપર અથવા બીજી શાહીએ લખેલા સાધારણ કાગળની વચ્ચે રહેતી કોરી જગ્યામાં લખે છે અને તે મોકલી આપે છે. સાદા કાગળ ઉપર લખીને તદ્દન કોરો કાગળ મોકલ્યો હોય તો એના પર તરત જ ધ્યાન ખેંચાય છે કે તેનાપર છૂપી શાહીથી લખાયું હશે; પણ જ્યારે સાદી ઇબારતવાળા સારી રીતે શાહીથી લખેલા કાગળની વચ્ચેની કોરી જગ્યામા છૂપી શાહીથી લખ્યું હોય છે ત્યારે તે શોધી કાઢવું ઘણુંજ મુશ્કેલ થઇ પડે છે અને એવા કાગળો કોઇ પણ પ્રકારનું ધ્યાન ખેંચ્યા સિવાય પસાર થઇ જાય છે. છતાંયે ચકોર અધિકારી અથવા નિષ્ણાત સાદા કાગળને પણ આ જાતની પરીક્ષા કર્યાં સિવાય પસાર કરતો નથી.'

'દૂધ સિવાય બીજી શાહીઓ કઇ કઇ જાતની હશે?' પંડિતજીએ પૂછ્યું.

'લીંબુનો રસ, નારંગીનો રસ અને કાંદાનો રસ એ પણ છૂપી શાહીઓ તરિકે સારૂં કામ કરે છે. દૂધ અથવા કાંદાના રસથી લખવા માટે ગમે તેવી સ્ટીલ કે કલમ ચાલી શકે છે, પણ લીંબુના રસ અને નારંગીના રસથી લખવા માટે બરૂની કલમ અથવા સોનાની કે કટાઇ ન જાય એવી સ્ટીલ જોઇએ છે. આ જાતની શાહીથી લખેલી ઇબારતને સાદી આંચ-દેવતા ઉપર ધરવાથી દેખાઇ આવે છે. લીંબુથી લખેલા અક્ષરો કાગળને પાણીમાં બોળવાથી પણ વાંચી શકાય છે. એ સિવાય હરડેના આછા પાણીથી લખેલા અક્ષરો નરી આંખે દેખાતા

નથી. એના ઉકેલને માટે એ કાગળને હીરાકસીના આછા મિશ્રણમાં બોળવો જોઇએ અથવા કાગળને સ્હેજ ભીનો કરી, એના ઉપર હીરાકસીવાળો હાથ ફેરવવો જોઇએ કે હીરાકસીની ભુકી છાંટવી જોઇએ—એમ કરવાથી અક્ષરો સ્પષ્ટ દેખાઇ આવશે. એ ઉપરાંત સુરાખારના મિશ્રણથી કોરા કાગળ ઉપર લખીને મોકલી શકાય છે. આછી આંચ અથવા પાણીમાં એ લખાણનો પત્તો ખાતો નથી. એના ઉકેલને માટે કાગળને મીણબત્તી ઉપર બાળવો જોઇએ અને જે જગ્યાએથી શરૂઆત કરી હોય તે ભાગ પહેલો સળગાવવો જોઇએ. સુરોખારના અક્ષરો ધીમા બળીને સ્પષ્ટ દેખાશે.'

'આ હિસાબે તો છૂપી પરિભાષા કરતાં છૂપી શાહી વધારે ભયંકર છે.' પંડિતજીએ કહ્યું.

'જરૂર. પણ જો તે સાદી ઇબારતવાળા નિર્દોષ દેખાતા કાગળ ઉપર વચ્ચેની કોરી જગ્યામાં વપરાઇ હોય તો.' જયંતે કહ્યું: 'પછી એ પ્રકારનો ઉપયોગ કળી શકવો મુશ્કેલ હોય છે અને કેં પણ શંકા ઉપજાવ્યા સિવાય એ ચકોર આંખને છેતરીને પસાર થઇ જાય છે તે એની ખૂબી છે. છૂપી પરિભાષા દેખી શકાય છે અને એનો ઉકેલ શોધવા માણસ પ્રેરાય છે, પણ આ છૂપી શાહીઓ અદશ્ય રહીને એવું તો ભયંકર કામ કરે છે કે ન પૂછો વાત!'

'અને છૂપી પરિભાષા તથા છૂપી શાહી એ બેનો જ્યાં સંયોગ થાય ત્યાં તો હેરાનગતિની હદ આવી રહે!' મ્હેં ઉમેર્યું.

'છૂપી શાહીઓ વિષે આટલું વિવેચન પુરતું છે. હવે આપણે લોહીપરીક્ષા વિષે વિચાર કરીએ.'

'લોહીપરીક્ષા?' પંડિતજીએ પૂછ્યું.

'હા. જી.' જયંતે કહ્યું: 'એ ગુન્હાશોધનમાં અગત્યનો વિભાગ છે. ઘણી વખત એવું બને છે કે આપણી તપાસમાં અમુક ડાઘ

આપણી નજરે પડે છે. હવે એ ડાઘ શાનો છે તે જો જાણી શકાય તો આપણું કામ ઘણું જ સરળ થઇ પડે. એ ડાઘ કોઇ ચીજનો છે કે લોહીનો છે? કોના લોહીનો છે, માણસના કે બીજા પ્રાણીના? એ પ્રશ્નો ઘણા અગત્યના છે અને તેનો નિકાલ કરવાને લોહીપરીક્ષા ઘણી ઉપયોગી છે.'

'એ વાત ખરી.' પંડિતજી બોલ્યા.

'એટલે જ્યારે તપાસ કરતાં કોઇ પણ એવો શંકાસ્પદ ડાઘ જણાય તો તેની પરીક્ષા કરવી પડે છે. એ ડાઘ શાનો છે? લોહીનો છે? માણસના કે જાનવરના? અને કેટલા વખત થયાં પડયો હશે? આ ચાર સવાલના જવાબ મળે તો કામ ઘણું જ સરળ થાય છે.'

'એ શી રીતે મેળવી શકાય?' પંડિતજીએ વચ્ચે જ પૂછ્યું.

'એની પદ્ધતિ છે. એવી જાતનો ડાઘ જો ચાકુ કે છરી પર પડયો હોય તો એને ગરમ કરવાથી જણાઇ આવશે કે એ શાનો ડાઘ છે. જો લોહીનો ડાઘ હશે તો એ ઉખડી પડશે અને બીજા કશાનો હશે તો વળગી રહેશે. એ સિવાય સામાન્ય રીતે સરખા લાગતા ડાઘને તપાસવા માટે 'એમોનિયા'—નવસારના આછા પાણીમાં બોળવાથી જો તે લોહીનો ડાઘ હશે તો તેનો રંગ બદલાશે નહિ પણ એ બીજા કશાનો–ફળફળાદિ કે એવા પ્રકારનો હશે તો એનો રંગ બદલાઇને લીલાશ પડતો થઇ જશે.'

'પણ માણસનું કે જનાવરનું લોહી શી રીતે જણાય?' પંડિતજીએ સવાલ કર્યો.

'એ જાણવા માટે એ ડાઘવાળી ચીજ અથવા કાપડના ટુકડાને 'પોટાસીયમ સાયનાઇડ'ના પાણીમાં બોળવો જોઇએ. એ રીતે બોળવાથી જો લોહીના ડાઘ હશે તો 'ઑક્સીજન'ના નાના પરપોટા તેમાંથી નીકળશે. પરપોટા થોડા નીકળે તો

માણુસના લોહીનો ડાઘ છે એમ સમજી શકાય છે. માણુસના લોહી કરતાં જાનવરના લોહીના ડાઘમાંથી ઓછાં પ્રમાણમાં ઑકસીજન છૂટે છે. એ પૂરેપૂરી રીતે જાણવા માટે એકાદ બે વખત પ્રયોગ કરી જોવાની જરૂર છે.'

'એ વાત ખરી.' પંડિતજીએ કહ્યું: 'આ રીતે આપણે કાલેજ પ્રયોગ કરી જોઇશું અને બેઉ વચ્ચેનો ફરક સમજી લઇશું એટલે પછી પ્રસંગ આવ્યે મુંઝાવાનો વખત ન આવે.'

'એજ શીખવાની મુખ્ય ચાવી છે.' જયંતે કહ્યું: 'અને ગુન્હાશોધનની કલા એ ઠંડે કલેજે વાતો કરીને શીખી શકાતી નથી પણ એ જાણવા માટે પ્રત્યક્ષ અનુભવ અને અનેક પ્રયોગની જરૂર છે.'

'એ વાતને હું ટેકો આપું છું.' મ્હેં ઉમેર્યું.

* * *

'અત્યાર સુધીમાં આપણે ચાર બાબતોની ચર્ચા કરી ગયા.' જયંતે કહ્યું: એક તો આંગળાંઓની છાપ અને તેની વર્ગીકરણ પદ્ધતિ, બીજીઃ છૂપી પરિભાષાઓ, ત્રીજીઃ છૂપી શાહીઓ અને ચોથીઃ લોહીપરીક્ષા.

'બરાબર છે.' પંડિતજીએ કહ્યું: 'અને એ ચારે બાબતોમાં મ્હને બહુ જ રસ પડ્યો. દરેક ઉગતા ગુન્હાશોધકને એ ઘણી જ ઉપયોગી છે.'

'હવે આપણે ગુન્હાશોધનમાં ઘણી જ ઉપયોગી છતાં દેખીતી રીતે તદ્દન નજીવી લાગતી બાબતો વિષે વાત કરીએ.' મ્હેં સૂચના કરી.

'એ જણાવવાને અંગ્રેજીમાં Clue એ સારો શબ્દ છે. એનો ગુજરાતી પર્યાય શબ્દ હજી યોજાવો બાકી છે.' જયંતે જણાવ્યું: 'પણ એને માટે મોટે ભાગે મ્હેં 'નિશાની' શબ્દ વાપર્યો છે અને તેનાથી ચલાવી લીધું છે. જો કે બન્નેનુ

અર્થમાં આસમાન જમીનનો તફાવત છે.

'એટલે?' પંડિતજીએ પૂછ્યું.

'એટલે એમ કે નિશાની શબ્દથી એટલું જ જ્ઞાત થાય છે કે એંધાણ અથવા છાપ; જ્યારે 'કલ્યુ' ઉપરથી ગુન્હાને લગતી નજીવી નિશાની અથવા પુરાવો: જે દેખાતો નજીવો હોય પણ ગુન્હા-શોધનમાં પુષ્કળ ઉપયોગી હોય. દાખલા તરિકે એક પ્યાલા પર પડેલી આંગળાંની છાપ. એ દેખાવે સાધારણ માણસને નિરૂપ-યોગી લાગે પણ તેની યોગ્ય મદદથી ગુન્હેગારને તરત જ પકડી શકાય એ મ્હેં કહેલું જ છે.'

'બરાબર.' પંડિતજી બોલ્યા: 'એવી નિશાનીઓ ઘણી-વાર નજીવી હોય છે છતાં એના ઉપર કેટલીક વખત તો બહુ જ મહત્ત્વ અપાતું જોઇએ છીએ એનું શું કારણ?'

'બીજું કાંઇ જ નહિ પણ એ અત્યંત મહત્ત્વની ચીજો છે એ જ. ગુન્હાશોધનમાં એ દેખીતી નજીવી ચીજો ઘણો અગ-ત્યનો ભાગ ભજવે છે. ગુન્હો થયો હોય ત્યાંથી માણસની ટોપી જડે છે અને એ, ટોપી ઉપરથી ગુન્હેગાર તરત જ પકડાય છે એ તો તમે માની શકશો, પણ એ જ રીતે એક સ્થળે ખૂન થયું અને મૃત મનુષ્યના હાથમાંથી ખૂનીના વાળ મળી આવ્યા. વાળ બે ચાર જ હતા, છતાં એની મદદથી ગુન્હેગાર પકડતાં વિલંબ ન થયો.'

'એ શી રીતે? પંડિતજીએ પૂછ્યું.'

'એનો પદ્ધતિસર અભ્યાસ કરનાર કહી શકે કે એ વાળ કોના છે, કેવા માણસના છે, તેની ઉમ્મર કેટલી હશે અને સ્વભાવ કેવો હશે. ખરી રીતે ગુન્હાશોધનમાં આવી નજીવી દેખાતી નિશાનીઓ ઘણી ઉપયોગી નીવડે છે અને ગુન્હાશોધકે એ સર્વે બરાબર જોઇને પોતાનો ત્વરિત નિર્ણય કરી લેવાનો હોય છે, અને તે મુજબ તેને પોતાની તપાસ કરવાની હોય છે.'

'આ હિસાબે તો ગુન્હાશોધકને વિવિધ અનુભવ અને વિશાળ જ્ઞાન હોવું જોઇએ.' પંડિતજીએ કહ્યું.

'જરૂર. એનું સામાન્ય જ્ઞાન ઘણા જ ઉંચા પ્રકારનું હોવું જોઇએ. એને ઇતિહાસ, ભૂગોળ, ખગોળ, ખનીજ, ભૂતળ વગેરે દરેક પ્રકારનું જ્ઞાન હોવું જોઇએ. તને યાદ છે ને નટવર? મ્હેં જ્યારે રંગપુરનો ઇતિહાસ રામરાવને કહેવા માંડ્યો ત્યારે એની શી સ્થિતિ થઇ હતી તે?'

'એનું મોઢું હસવા જેવું થઇ રહ્યું હતું. એને બિચારાને ખબર ન હતી કે ઇતિહાસનું જ્ઞાન કેટલું ઉપયોગી હતું.' મ્હેં કહ્યું.

'એ જરા વિગતથી સમજાવો તો ઠીક.' પંડિતજીએ મ્હને કહ્યું.

'વાત એમ છે કે અમારી પાસે રંગભુવનના માલિક પ્રાણજીવનદાસના ખૂનને લગતો કેસ આવ્યો હતો. એ જ કેસ પોલિસ તરફથી ઇન્સપેક્ટર રામરાવ તપાસતા હતા. અમે બન્ને પક્ષે મોટે ભાગે સાથે કામ કર્યું પણ બન્નેનાં અનુમાનો તદ્દન જુદાં હતાં. રામરાવ માનતા હતા કે ખૂની સાયકલ પર બેસીને નાસી ગયો હતો જ્યારે અમારી માન્યતા જુદી હતી. અમારી માન્યતા પૂરવાર કરવા માટે રંગપુરનો ઇતિહાસ જરૂરી હતો. રંગપુરના ઇતિહાસમાં એવી વાત આવતી હતી કે એક પુરાણા કિલ્લામાં ત્યાંના સુબાએ એની સામે દિલ્હીથી મોકલેલા લશ્કરના સેનાપતિને બોલાવીને પુરી દીધો હતો અને એનો કોઇને વર્ષો લગી પત્તો લાગ્યો ન હતો. એ ઉપરથી અમે એમ માનતા હતા કે, પ્રાણજીવનદાસનું ખૂન થયું ન હતું પણ તેને મારવા આવનાર ખૂનીનું પ્રાણજીવનદાસે ખૂન કર્યું હતું અને તે પોતે પેલા ઇતિહાસપ્રસિદ્ધ ભોંયરામાં—જેની માહિતી બહુ જ થોડા માણસોને હતી તેમાં—ભરાઇ બેઠો હતો અને એ હકીકત છેવટે અમારી અથાક મહેનતને પરિણામે ખરી હતી એમ અમે પૂરવાર કરી

શકયા હતા. આ કેસને લગતી સંપૂર્ણ વિગતવાર હકીકત 'વસુમતિ' માં આપવામાં આવી છે અને તે વાંચી જવાથી તને ઘણું જાણવાનું મળી આવશે.'

'ઠીક.'

'સામાન્ય જ્ઞાન બાબત એ જ પુસ્તકમાં પ્રૉ. ચેટરજી વિષે વાત કરતાં રાજા રવિવર્માનું શકુંતલાપત્રલેખનનું ચિત્ર કેટલી કિંમતે વેચાયલું એ વિગત કેટલી ઉપયોગી થઇ પડેલી તે જણાવ્યું છે. એ સામાન્ય જ્ઞાન ઉપરથી પ્રૉફેસર ચેટરજીની આર્થિક સ્થિતિ વિષે સંપૂર્ણ ખ્યાલ બાંધી શકાયો હતો.'

'અર્થાત્ નજીવી દેખાતી વિગત પણ ઘણી ઉપયોગી થઇ પડે છે, એટલે તેના ઉપર પૂરતું ધ્યાન આપવું જોઇએ.' પંડિતજી બોલ્યા.

'ચોક્કસ.' જયંતે કહ્યું: 'એક કેસમાં એક માણસ પોતાના તબેલાના દરવાજા પર આ જાતનાં નાચતાં માણસોનાં ચિત્ર જુએ છે:



'એ જોઇને એની સ્ત્રી ભયભીત થઇ જાય છે. તેથી એના તરફ એનું ધ્યાન ખેંચાય છે અને છતાં કૈં કરી શકાય તે પહેલાં એની સ્ત્રીનું ખૂન થાય છે. એ નિશાનીઓના ઉકેલથી અલબત્ત, ખૂનીને બોલાવી શકાય છે, છતાં ઉતાવળ થઇ હોત તો ભયંકર પ્રકાર બનતો અટકત.'

'એ મ્હેં વાંચ્યાનું મ્હને યાદ છે ખરૂં.' પંડિતજી માથું ખંજવાળતા બોલ્યા.

''તાંડવ નૃત્ય' વાળા કેસમાં મ્હેં યાદ આપી.'

બરાબર. એ નિશાનીઓ દેખીતી તદ્દન નજીવી હતી

છતાં ગુન્હાશોધનમાં ઘણી જ ઉપયોગી થઈ પડી. કેટલીક વખત કે લખીને તેના પર બ્લૉટિંગ મૂકયું હોય છે, સાધારણ ટેવ મુજબ બ્લૉટિંગ મૂકાયું હોય, મૂકનારને ખબર પણ ન હોય છતાં એના પર નિશાની રહી જાય છે અને ગુન્હાશોધનમાં એ મુદ્દાની વિગત થઇ પડે છે. એક કેસમાં અમારા હાથમાં એવુંજ એક બ્લૉટિંગ આવેલું. એના પર અનેક છાપ હતી છતાં તાજી છાપ એક તારને લગતી હતી અને તેમાં પણ છેલ્લા પાંચ શબ્દો સ્પષ્ટ–અસ્પષ્ટ દેખાતા હતા. Stand by us God's sake એ છેલ્લા શબ્દો હતા અને તેમાંના પહેલા ત્રણ અસ્પષ્ટ હતા છતાં અર્થ સ્પષ્ટ હતો. અમે ગુન્હેગાર એક જોતા હતા પણ આ વાકયોમાંનો us શબ્દ સ્પષ્ટ બતાવતો હતો કે ગુન્હેગારનો કોઇક સાથીદાર છે એટલે ગુન્હેગાર એક નહિ પણ બે છે. આ એકજ વિગતની મદદથી એ કેસમાં અમને મોટે ભાગે સફળતા પ્રાપ્ત થઇ હતી.'

'અને 'ખોવાતો ખેલાડી' એ નામથી મ્હેં એ કેસને વિગતવાર રજૂ કર્યો છે.' મ્હેં જણાવ્યું.

'એક કેસમાં મ્હારે હાથ દરજીનું બીલ આવેલું તેના ઉપરથી મ્હારી તપાસ ઘણી સરળ થઇ.' જ્યંતે કહ્યું.

'શી રીતે?' પંડિતજીએ પૂછ્યું.

'વાત એમ બની કે સર મથુરાદાસની માનીતી રેસની ઘોડી ચંદ્રકળા ગૂમ થઇ ગઇ હતી. કર્ઝન કપમાં એ ઉતરનાર હતી અને જો વખતસર ન જડે તો સર સાહેબને પારાવાર નુકસાન થાય એમ હતું. ચંદ્રકળાના ટ્રેનર સમરસેનનું ખૂન થયું હતું.' મ્હેં વિગતવાર કહેવા માંડયું. 'સમરસેનના ખીસ્સામાંથી દરજીનો આંકડો મળી આવ્યો અને તેના આધારે એ આખો કેસ સરળ થઇ ગયો. એ આંકડાવાળા દરજીએ જણાવેલું મખમલનું પોલકું એની સ્રીને મળ્યું ન હતું એટલે વધુ તપાસ

કરતાં જણાયું કે એ ટ્રેનર દરજીએ જણાવેલા નામે બીજે ઠેકાણે રહેતો હતો. ટ્રેનર તરિકે પૂનામાં અને દરજીએ બતાવેલા નામથી મુંબાઇમાં એમ બે ઘર હતાં, અને તેની બે સ્ત્રીઓ હતી. મુંબાઇવાળી સ્ત્રી ઘણી ખરચાળ હતી અને એ ખરચને પહોંચી વળવા માટે આડા ધંધા કરવા માંડેલા, ટ્રેનરે ચંદ્રકળાને નસાડવાનું કાવતરૂં રચેલું અને એમ કરવા જતાં એ પોતે જ ચંદ્રકળાને હાથે મરી ગયેલો. એનું ખૂન કરનાર ચંદ્રકળા ઘોડી હતી, એ અમારા દરેક અનુમાનને બંધબેસતી વિગત હતી. આ સર્વ વિગત અમને દરજીનું બીલ હાથ લાગવાથી જ મળી આવી. સામાન્ય રીતે તેને કેસ સાથે કૈં જ સંબંધ ન હતો પણ દેખીતી રીતે નજીવી લાગતી ચીજ નિષ્ણાતની નજરે ઘણી ઉપયોગી હોય છે એ સિદ્ધાંત મુજબ કામ લેતાં એ ઉપયોગી ઠરી.'

'કેટલીક વખત અનેક ચીજ હોય અને એકનો અભાવ હોય તે પરથી પણ યોગ્ય અનુમાન દોરવું જોઇએ. દાખલ તરિકે એક માણસ મરી ગયો-એનું ખૂન થાય છે અને એને બાળી દેવામાં આવે છે. બળી ગયેલી રાખમાંથી બટન જડે છે, કૈંક ગઠ્ઠા ગઠ્ઠાવાળી રાખ જડે છે, એના પાટલુનના પટાનું બકલ જડે છે. એ બધાં પૂરવાર કરે છે કે એનું ખૂન કરવામાં આવ્યું છે, અને એને બાળી દેવામાં આવ્યો છે પણ એ બધુંયે જડવા છતાં હાડકાં જડતાં નથી એ શું બતાવે છે? હાડકાંની રાખ થઇ ગઇ? એ સંભવિત છે? એ એક જ મુદ્દો વિરૂદ્ધ જાય છે અને બતાવી આપે છે કે એનું ખૂન થયું નથી અને એને બાળી દેવામાં આવ્યો નથી પણ એ જીવતો છે.'

'ખરી વાત. પૂરો વિચાર કરે તો જ એની ખબર પડે.'

'પણ સમગ્ર દૃષ્ટિએ વિચાર કર્યા વિના ચાલે શી રીતે? આવાં જ અનુમાનથી અમે એ કેસમાં સફળ થયેલા.'

'એમ?'

'હા જી.' મ્હેં કહ્યું: 'અને એ મરી નથી ગયો પણ જીવતો છે એ નિર્ણય કર્યા પછી અમે ઇન્સ્પેક્ટર જમશેદજીની બારે મજાક કરેલી. એમણે અમને બનાવવા ધારેલા પણ એ પોતે જ બની ગયા. અમે પરાળની હોળી ચેતાવી એમની તથા એમના સિપાઇઓ પાસે 'આગ લાગી રે! આગ લાગી! ધાજો! ધાજો!' ની બૂમો પડાવી. દોડધામ થઇ રહી અને એ સાંભળીને જેનું ખૂન થવાનું કહેવાતું હતું તે રતનજી કૉન્ટ્રેક્ટર છૂપાવાની જગ્યાએથી બહાર આવી લાગ્યા. એમણે સીફતથી પોતાનાં જૂનાં કપડાં અને પાટલુનનો પટો તથા ભૂંડનાં બે ત્રણ બચ્ચાં ઉપર લાકડાં સીંચીને બાળી મૂકેલાં ને પોતાનું ખૂન થયું છે એવું બતાવવાનો તેમજ ખૂની તરિકે બિચારા એક નિર્દોષ સોલીસીટર દયાળજી મીસ્રીને ફાંસીને માંચડે ચઢાવવાનો ત્રાગડો રચેલો પણ તે આ એક જ વિગતને અભાવે અટકી પડ્યો અને પોતે પાથરેલી જાળમાં એ પોતે જ ફસાઇ પડ્યા.'

'એ પણ ઠીક.' પંડિતજી બોલ્યા.

'એ હકીકત વિગતવાર જોવી હોય તો 'કૉન્ટ્રેક્ટર' એ નામના કેસમાં આપી છે.' મ્હેં કહ્યું.

'વહેતા પાણીની શોધ તરિકે એક કેસ ઘણો જાણીતો છે.' જયંતે કહેવા માંડ્યું.

'એ વળી કઇ જાતની શોધ?' પંડિતજીએ પૂછ્યું.

'એ કેસમાં પાણીનો લોટો ઉંધો પાડવામાં આવેલો અને કહેલું કે મરનારનું લોહી જે રીતે વહીને એકઠું થયું હશે તે જ રીતે આ પાણી પણ વહીને એકઠું થશે.'

'પછી?'

'એમ જ થયું. પાણી જ્યાં એકઠું થયું તે જગ્યાની લાદી ઉખેડી નાંખી એટલે ત્યાં આગળ સૂકાઇ ગયેલા લોહીની પોપ-

ડીઓ મળી આવી. એ એક જ મુદ્દો ખૂન પૂરવાર કરવાને પૂરતો હતો. ખૂનીએ પુષ્કળ સાવચેતી રાખી હતી, એ પોતે છૂપી પોલિસમાં હતો. એણે ખૂનીના શરીરના અર્ધા અર્ધા રતલના ટુકડા કરીને નદીમાં નાંખી દીધા હતા, એના માથામાં સીસું પુરીને બંદર નદીમાં ફેંકી દીધું હતું અને એના બે પગ પારસલની પેઠે સીવીને કોઇ કૂવામાં ફેંકી દીધા હતા. મરનારના ઘરમાં દોઢ મહિનામાં પંદર વખત જઇને એ મીણબત્તી સળગાવી આવ્યો હતો, ઘડિયાળને ચાવી આપી આવ્યો હતો અને એ મરનાર જીવતો છે એવા અનેક પુરાવા ઉભા કરી આવ્યો હતો. ત્યારબાદ એના મરણની વાત બહાર આવ્યા પછી 'હું એનો ખૂની છું' એવો એક દારૂડિયા પાસે એકરાર પણ કરાવી ચૂકયો હતો અને એને યમસદન પહોંચાડી ચૂકયો હતો, છતાં આ એક જ પૂરાવો બાકી રહી ગયો હતો, તેણે લાદી સાફ કરી હતી અને એકે એક વિગતનો વિચાર કરી પોતાનો ગુન્હો છૂપાવવાનો પ્રયત્ન કર્યો હતો, પણ વહેતા પાણીથી લોહી એકઠું થયેલી જગ્યા જણાઇ આવશે અને લાદીની ફાટમાં થઇને નીચે ગયેલું લોહી એનો ગુન્હો દેખાડી આપશે એ વાતનો એને સ્વપ્ને પણ ખ્યાલ આવ્યો ન હતો છતાં એની હાજરીમાં જ એ પ્રયોગ થયો અને એ પકડાયો, પછી એણે પોતાનો ગુન્હો કબૂલ કર્યો.'

'એ હિસાબે તો નજીવી ચીજો પણ ગુન્હાશોધનમાં ભારે ઉપયોગી છે.' પંડિતજી બોલ્યા.

'જરૂર, અને તેથી તો ગુન્હાના સ્થાનને એની એ સ્થિતિમાં રાખવાની દરેક પોલિસ અધિકારીની ફરજ છે. લુગડાનો નાનો સરખો કકડો, વાળ, તૂટેલું બટન, આંગળાની નિશાની, બૂટ પરનો કાદવ, કાગળના કકડા, બ્લોટીંગ વગેરે નજીવી લાગતી ચીજો ગુન્હાશોધનમાં એટલો બધો અગત્યનો ભાગ ભજવે છે કે

તેની કલ્પના પણ સાધારણ માણસને ન આવી શકે.'

'પણ એ દરેકનો ઉપયોગ શી રીતે કરી શકાય?' પંડિતજીએ પૂછ્યું.

'એ તો અનુભવે જ શીખી શકાય. એ દરેકનો ઉપયોગ ગુન્હાના પ્રકાર મુજબ જુદો જુદો હોય છે. એમને માટે એક સરખો કાયદો અથવા એક સરખી વ્યાખ્યાઓ આપવી મુશ્કેલ છે.'

'છતાં સામાન્ય જ્ઞાન અને તેનો ઉપયોગ એ અગત્યની વસ્તુ છે.' મ્હેં કહ્યું: 'એનો અભાવ અનેક વિગતો મોજુદ હોવા છતાં ઉકેલનો અટકાવ કરે છે. જે વાત એક નિષ્ણાત જોઇ શકે છે એ જ વાત બધી વિગતો જોવા છતાં પણ બીજાને દેખાતી નથી એનું કારણ પણ કેટલીક વખત એજ હોય છે.'

'સુક્ષ્મદર્શક કાચ પણ ગુન્હાશોધનમાં ઘણો ઉપયોગી છે. આવી વિગતો એનાથી તપાસતાં ઘણી મુદ્દાની વાતો બહાર આવે છે. ખાસ કરીને ફોર્જરીને લગતા ગુન્હાઓમાં એ બહુ ઉપયોગી થઇ પડે છે.'

'એમ?'

'હાજી.' મ્હેં કહ્યું: 'એ જાતના ગુન્હાઓમાં મોટે ભાગે કૅમેરા અને સુક્ષ્મદર્શક કાચનો જ ઉપયોગ થાય છે.'

'એ વિષે આપણે હવે પછી ચર્ચા કરીશું.' જયંતે જણાવ્યું.

*　　　*　　　*

'તદ્દન નજીવી લાગતી વસ્તુ કે નિશાન ગુન્હાશોધનમાં કેટલો મહત્વનો ભાગ ભજવે છે એ આપણે જોઇ ગયા. હવે ક્ષુલ્લક અસંગતિ પણ દુર્લક્ષ કરવા જેવી હોતી નથી. ગુન્હાશોધનમાં એ કેવો ફાળો આપે છે તે જોઇએ.' જયંતે કહ્યું.

'અસંગતિને પણ ગુન્હાશોધનમાં સ્થાન છે?' પંડિતજીએ પૂછ્યું.

'એને ન હોય એમ તમે માનો છો?' જયંતે સામો સવાલ કર્યો.

'મ્હારી એવી માન્યતા હતી.'

'અસંગતિ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. એનો એક જ દાખલો આપું. એક ઠેકાણે એક પૈસાપાત્ર વિધવા બાઇ પોતાના જ માળામાં પ્રાયમસનો ભોગ થઇ પડી છે. એના શરીર પરનાં કપડાં સળગી ગયાં છે, અને એ બળીને મરી ગઇ છે. સ્ટવ ભડભડાટ બળે છે. એની ઘાટણ બહારથી આવે છે ત્યારે એની નજરે આ દેખાવ પડે છે; અને એ બેબાકળી બની જઇ પોલિસને ખબર આપવા જાય છે. ત્યાં મરનારનો ભત્રિજો સામો મળે છે, અને એ પોતે જ પોલિસને બોલાવી લાવે છે. સાધારણ રીતે મુંબાઇમાં પ્રાયમસના ભોગના પુષ્કળ બનાવ બને છે અને આ પણ એવો જ બનાવ છે એમ દરેક જણ માને છે. પણ એની તપાસમાં કેટલીક અસંગતિઓ નજરે પડે છે અને એ ઉપરથી જ પુરવાર થાય છે કે એ બાઇ સ્ટવનો ભોગ બની જ ન હતી, પણ એનું ખૂન કરવામાં આવ્યું હતું અને પ્રાયમસના અકસ્માતનો નાટકી દેખાવ ગુન્હો છૂપાવવા માટે કરવામાં આવ્યો હતો.'

'એવી તે કઇ જાતની અસંગતિ નજરે પડી હતી?' મ્હેં પૂછ્યું.

'પોસ્ટમૉર્ટમ તપાસ વખતે બે બાબતો પર ધ્યાન ખેંચાયું. એક તો એ કે એનું આખું શરીર બળી ગયું હતું પણ વાળને બહુજ થોડી ઇજા થઇ હતી. એ બળ્યા તો હતા પણ જોઇએ તેટલા પ્રમાણમાં નહિ. ઉપર ઉપરથી ગુંચળાં વળી ગયાં હતાં. પણ અંદરની બાજુએ ભીના હતા. અને બીજી વાત એ હતી કે એની હોજરીમાંથી અને ફેફસાંમાંથી પુષ્કળ પાણી મળી આવ્યું હતું. ફેફસાંમાં પાણી શી રીતે ગયું તે એક સવાલ હતો.

'પહેલી અસંગતિ સાધારણ હતી. એનો આટલો ખુલાસો થઇ શકતો હતો કે બાઇ માથું ચોળીને નાહી હશે અને વાળ ભીના હશે તેથી બળી નહિ ગયા હોય પણ બીજી અસંગતિ વિષમ હતી. એનો ખુલાસો કરવો મુશ્કેલ હતો. ફેફસામાં પાણી કયાંથી આવ્યું? ડૉકટરની ભૂલથી એક ભાગનું પાણી કદાચ બીજા ભાગમાં જવા પામ્યું હશે એવી કોઇ શંકા કરે પણ તેનું નિરસન એ હતું કે એ ક્રિયા કરનાર ડૉકટર નવોસવો નહિ પણ બહુ જ પાવરધો અને એ વિષયનો નિષ્ણાત હતો.'

'પણ એ એથી કૈં ખૂન પુરવાર નથી થતું?' પંડિતજી બોલી ઉઠ્યા.

'જરા ખામોશ!' જયંતે કહ્યું: 'એવીજ એક ત્રીજી અસંગતિ તપાસ વખતે મળી આવી. એ માળામાં થોડાક ભાડૂતો રહેતા હતા અને એની આજુબાજુ પણ બીજા માળા હતા. જે ખંડમાં બાઇ મરણ પામી તેની નીચે બીજો એવોજ ખંડ હતો અને ઉપર કોઇ મોટેથી બોલે તો તે નીચે સંભળાય એમ હતું. હવે આ બાઇ પ્રાયમસથી દાઝી જાય છે, એનાં કપડાં સળગે છે, તે છતાં એ બૂમ મારતી નથી એ શું બતાવે છે? એની બૂમ નીચેનાં ભાડૂતો કે આજુબાજુના રહેવાસીઓએ અથવા કોઇએ સાંભળી નથી.'

'પણ સ્ટવ બળતો હતો તેનું કેમ?'

'સ્ટવ ભલે બળતો હોય પણ માણસ મરવા પડે ત્યારે અને આવા પ્રસંગોમાં મોટેથી બૂમ પાડ્યા વિના ન જ રહે. આ ત્રણ અસંગતિ ઉપરથી અને કાકતાલીય ન્યાયે અકસ્માતનો યોગ સાધીને ઘાટણ ગેરહાજર હતી અથવા બહાર ગઇ હતી એ ધ્યાનમાં લેતાં સબળ શંકા ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. ઘાટણને જુબાબ આપ્યો એટલે એણે કબૂલ કરી દીધું કે બાઇને એના ભત્રિજાએ અને એણે બેયે મળીને મારી નાખી હતી.

પાણીના ટબમાં એનું ડોકું બોળી દઈને એને ગુંગળાવી નાખ્યા પછી પ્રાયમસના ભોગનો દેખાવ એમણે ગોઠવ્યો હતો.'

'એનો એ ખુલાસો ત્રણે અસંગતિનો પૂરતો ખુલાસો કરતો હતો. ટબમાં ભીંજાવાથી વાળ ભીના હતા તે બળ્યા નહિ, શ્વાસ નળી વાટે ફેફસાંમાં પાણી ભરાયું અને એની મરણ વખતની બૂમ કોઈએ સાંભળી નહિ એ ત્રણે બાબતનો ખુલાસો ઘાટણના એકરારથી થયો.'

'એ પણ ઠીક.'

'કેટલીક વખત તો એક જ અસંગતિ આખા કેસનું સ્વરૂપ ઉલટાવી નાંખવાને પૂરતી હોય છે. એટલે જે જે વિગત કે વાત સુસંગત ન હોય તેના ઉપર પુરતું ધ્યાન આપવું જોઈએ.'

'મ્હને યાદ આવે છે કોઈ ઠેકાણે વાંચેલું કે અસંગિત ગંધ્યા ન રહી.' મ્હેં કહ્યું.

'સરસ્વતીચંદ્રના પહેલા ભાગમાં એ વાક્ય આવે છે.' પંડિતજી બોલી ઊઠ્યા. 'પન્નાવાળા પ્રસંગમાં.'

* * * *

'હવે આપણે ગુન્હાશોધનની કળામાં સૂક્ષ્મદર્શક અને કૅમેરાના ઉપયોગ વિષે ચર્ચા કરીશું.'

'હું પણ એ જ સૂચના કરવાનો હતો.' મ્હેં ઉમેર્યું.

'જુઓ ત્યારે, અસંગતિએ જેટલા કેસમાં મદદ કરી છે તે કરતાં અનેકગણી મદદ આ બે યંત્રોએ કરી છે અને કર્યે જાય છે. એ બેઉ યંત્રો ગુન્હાશોધની કળાનાં ઘણાં જ ઉપયોગી અંગો છે.' જયંતે જણાવ્યું.

'શી રીતે?' પંડિતજીએ સવાલ કર્યો.

'એ કહું છું. દાખલા તરિકે તમારી પાસે ખોટી સહી કરવાનો–ફોર્જરીનો કેસ છે. એમાં દસહજાર રૂપિયાનો ચેક છે અને તેના ઉપર બનાવટી સહી છે; પણ એ આબાદ મળતી

આવે છે. નરી આંખે ખરી તથા ખોટી સહી વચ્ચેનો ભેદ સ્હેજ પણ સમજાય એવો નથી. આ સંજોગોમાં સૂક્ષ્મદર્શક, કૅમેરા અને ગણિત—'

'ગણિત?'

'હાજી, ગણિત અને ભૂમિતિ પણ.' જયંતે કહ્યું: 'એ બધાનો અનેક પ્રકારે ઉપયોગ થઇ શકે છે અને એને લગતું સવિસ્તર વિવેચન અંગ્રેજી સાહિત્યમાં પુષ્કળ છે. આપણે મૂળ વાત પર આવીએ. બેઉ સહી વચ્ચેનો ભેદ સમજાય એવો નથી એટલે ખરી તથા ખોટી સહીનો ખાસ કૅમેરાથી ફોટો લેવો જોઇએ અને એ રીતે ફોટો લઇને બેઉનાં એન્લાર્જમેંટ કરવાં જોઇએ. ફોટો લેતી વખતે એની બાજુમાં ફૂટપટી સ્કેલ-માપ માટે રાખવી જોઇએ. આ રીતે એન્લાર્જમેન્ટ લેવાથી બેઉ સહી વચ્ચે દીવા જેવો ફેર જણાઇ આવશે. અલબત, સાદા કૅમેરાથી આ ભેદ એકદમ નથી જણાતો. એને માટે ઉંચા પાવરના ખાસ લૅન્સવાળા કૅમેરા આવે છે અને તેનો એમાં ઉપયોગ થાય છે. આ રીતે એન્લાર્જમેંટ કર્યા પછી બેઉની સરખામણીમાં સહી કઇ રીતે કરી છે તે જણાઇ આવશે. મોટે ભાગે માણસ સહી ઝડપથી અને પોતાની સ્વાભાવિક વલણથી કરે છે, અને તેમાં અક્ષરોનો વળાંક, તેની લઢણ, મીંડાં, હ્રસ્વ ઇ દીર્ઘ ઈ તથા હ્રસ્વ ઉ કે દીર્ઘ ઊ કે કાના માત્રા લખવાની પદ્ધતિ સામાન્ય રીતે મળતી આવે છે. જ્યારે ગમે તેટલી કાળજીથી બીજા માણસે સહીની નકલ કરી હોય તો પણ તેમાં ફેર પડે છે. કેટલીક વખત એક સહી ઉપરથી ટ્રેસ કરીને બીજી સહી પહેલીના જેટલી સ્વભાવિકતાથી થઇ શકતી નથી. એ ધીરે ધીરે કરેલી હોય છે અને તેમ કરતાં કેટલાય ઠેકાણે શાહી ઓછી વત્તી આવી હોય છે અને નરી આંખે ન દેખાય એવા કેટલાય વળાંક અને ફાંટા નકલમાં આવી જાય છે. માણસનું

માનસિક વલણ પણ સહીમાં જણાઇ આવે છે. ગુન્હેગાર માનસ ગમે તેટલું રીઢું હોય પણ તે ઢાંક્યું રહી શકતું નથી. પાંચ સાત સાચી સહીના વળાંક હ્રસ્વ ઇ તથા દીર્ઘ ઈ અને કાના માત્રા ઓળખવાની પદ્ધતિનો સૂક્ષ્મ અભ્યાસ કરતાં એ વચ્ચે સરખાપણું જણાઇ આવશે. એવા માપ માટે ભૂમિતિની અનેક આકૃતિવાળાં આરપાર જોઇ શકાય એવાં સાધનો આવે છે તેનો ઉપયોગ પણ અમુક નિર્ણય ઉપર આવવાને ઘણો જરૂરનો છે. એ બધાના સૂક્ષ્મ નિરીક્ષણ અને અભ્યાસ ઉપરથી કેટલું કેટલું સામ્ય છે એ નક્કી કરી શકાય છે અને તે ધોરણે બનાવટી સહી તપાસતાં કેટલો કેટલો ફેર છે તે નક્કી કરી શકાય છે.'

'આ રીતે એક સહી ઉપર તો ભારે ગોટાળો થાય!'

'હાસ્તો, સહી ઉપર લાખોનો વહેવાર ચાલે છે. બૅંકમાં જાવ, તમને નહિ પણ તમારી સહીને જ ઓળખશે. ટપાલખાતું, હુંડી, વગેરેમાં પણ સહીની જ કિંમત છે અને એ ઉપરાંત દસ્તાવેજ તથા વીલ ઉપર સહીની જ જરૂર હોય છે અને એના ઉપર મોટો આધાર રખાય છે. આખી ઇમારત ગમે તેણે લખી હોય તેની ચિંતા નહિ, પણ નીચે સહી કોણે કરી છે, તે ખરી છે કે નહિ, એ અનેક કેસમાં ચિંતાનો અને મહત્વનો પ્રશ્ન થઇ પડે છે. ટુંકામાં એક ખોટી સહી ઉપર અનેકનાં ભવિષ્ય લટકેલાં હોય છે. આ સંજોગોમાં કેટલાય મોટા કેસોમાં આ વિષયના નિષ્ણાતોને બોલાવવા પડે છે અને સરકારને પણ આવો નિષ્ણાત નિભાવવો પડે છે.'

'જરા જેટલો ફેર હોય તો બૅંક ચેકનાં નાણાં શાથી નથી આપતી તેનું કારણ હવે મ્હને સ્હમજાય છે.' પંડિતજીએ કહ્યું.

'બૅંકને માથે જોખમદારી હોય છે. એટલે એ રીતે સહીમાં ફેરફાર હોય અને તે જો નભાવી લે તો બૅંકને ભારે નુકશાન થાય. એવા ચેકમાં વખતે ખોટી સહી હોય તો પૈસા આપવા

પડે અને પોતાની આબરૂ જાય તે જુદી એટલે બેંક ભારે તકેદારી રાખે તે દેખાતી વાત છે.' જયંતે ખુલાસો કર્યો: 'આ ઉપરાંત બીજા પણ કેટલાક કેસ આવે છે કે જેમાં સ્ટેમ્પ ઉપર મૂળ ધણીએ સહી કરી હોય અને એ સ્ટેમ્પ (રસીદના) ઉખાડીને તેને બીજા જ કાગળ ઉપર ચોટાડવામાં આવે અને આગળ પાછળની સહી બીજા માણસે કરી લીધી હોય. મતલબ કે અરધી સહી ખરી હોય ને અરધી સહી ખોટી હોય. એક પેઢી સાથે અવારનવાર પૈસા ભરવાનો વહેવાર હોય અને પૈસાની પહોંચ આ રીતે અપાતી હોય તથા એવી રીતની પહોંચ પરનો સ્ટેમ્પ ઉખાડીને બીજા કાગળ ઉપર પ્રોમીસરી નોટ અથવા ભારે રકમની રસીદ લખી તેના ઉપર ચોટાડીને ઉપર મુજબ બાકીની સહી કરી લીધી હોય તો એ ઓળખવામાં મુશ્કેલી નડે છે. આવી સહી ટુંકી હોય અને જ્યારે બે અથવા તેથી વધુ સ્ટેમ્પ પર કરવામાં આવી હોય છે ત્યારે તો મુશ્કેલી ઘણી જ વધી પડે છે.'

'તે શી રીતે ખબર પડે?'

'સૂક્ષ્મદર્શકના ઉપયોગથી. એ રીતે જોતાં બેઉ સહી વચ્ચેનો ફરક અને સ્ટેમ્પ અને સાદા કાગળ વચ્ચે જ્યાં સહી મળતી હોય ત્યાંનો દેખાવ એ બાબતના નિર્ણય પર આવવાને ઘણાં ઉપયોગી થઇ પડે છે. એવા પણ કિસ્સા બન્યા છે કે જેમાં આખી સહી બે સ્ટેમ્પ ઉપર કરેલી હોય છે, અને તે બેઉ સ્ટેમ્પ ઉખાડીને બીજી રસીદ ઉપર ચોટાડવામાં આવ્યા હોય છે. આવા કિસ્સામાં અલબત્ત, બીજાં સાધનોનો ઉપયોગ કરવો પડે છે. આ રીતે ઉખાડીને ચોટાડવામાં શાહી ઝાંખી થઇ હોય છે અને લખાણ, લખાણનો કાગળ અને સંજોગો વિષે ઊંડાણમાં ઉતરીને તપાસ કરવી પડે છે.'

'આપણે ત્યાં આ વિષયના નિષ્ણાતો છે?'

'હાજી. ગુજરાતમાં એવા થોડાક નિષ્ણાત છે ખરા. ઇંગ્રેજી ભાષામાં 'Questioned Documents' વગેરે પુસ્તકોમાં આ સંબંધી લંબાણ વિવેચન કરવામાં આવેલું છે અને અવારનવાર મુંબાઈની હાઈકોર્ટમાં આવા કેસ આવતા રહે છે.'

'ત્યારે તો કૅમેરા ને સૂક્ષ્મદર્શક એ ગુન્હાશોધનની કળાના અંગ છે, એ વાત ખરી. ગુન્હાશોધનનું કામ કરનારે એ વિષયનું જરૂરી જ્ઞાન મેળવવું જોઈએ. એ ભલે નિષ્ણાત ન હોય પણ એને પ્રાથમિક શિક્ષણની માહિતી હોવી જ જોઈએ.' પંડિતજીએ કબૂલ કર્યું.

'હાસ્તો.' જયંતે કહ્યું.

☆

☆ **સમાપ્ત** ☆

☆

ગુન્હાશોધનનાં અવનવાં પરાક્રમોને લગતી વાર્તાઓ વાંચવાની કુમારજીવનમાં તાલાવેલી જાગે છે અને તે વૃત્તિ જીવનમાં દીર્ઘ કાળ-સુધી કાયમ રહે છે. એ પ્રસંગે જો પ્રેરણાદાયી વાચન મળે તો મગજશકિતનો સુંદર વિકાસ થાય છે. દરેક વસ્તુ કે વિગત ઝીણવટથી જોવા સમજવાની અને તેનું હાર્દ પામવાની અદ્ભુત શકિત એનાથી સાંપડે છે અને જીવન સાફલ્યનો માર્ગ સરળ બને છે.

☆

આ રીતે માનવજીવનનો અનેકવિધ વિકાસ કરી શકે એવી પ્રેરણાદાયી રસિક વાર્તાઓ આપવાની યોજના 'સાહસ કથાવલિ' માં કરવામાં આવી છે.

સાહસ કથાવલિ

સંપાદક : નાગરદાસ ઇ. પટેલ

મગજશક્તિના વિકાસને તાલીમ આપે એવી સાહસ, શૌર્ય, ભેદ, બુદ્ધિચાતુર્ય અને ગુન્હાશોધનનાં અવનવાં પરાક્રમોને લગતી પ્રેરણાદાયી વાચન આપતી ગુજરાતની અજોડ ગ્રંથાવલિ

★

— સૅટ પહેલો —

૧ કૅપ્ટન મ્હેતા
૨ પ્રિયંવદાનું પરાક્રમ
૩ સફેદ ઠગ :
૪ : દીવાનજી

— સૅટ બીજો —

૫ ખાનદાનનાં ફરજંદ
૬ સેતાન બુઢ્ઢી :
૭ : સોનેરી ટોળી
૮ ગુન્હેગાર દુનિયા

— સૅટ ત્રીજો —

૯ આંગળાંની છાપ
૧૦ મામાનો વારસો
૧૧ ફાંસીને દોરડે :
૧૨ : શનિનો એક્કો

— સૅટ ચોથો —

૧૩ આપઘાતનો ભેદ
૧૪ બેન્ક પર દરોડો
૧૫ ત્રીસ: વિચિત્ર ને સચિત્ર
૧૬ : જુલમગાર :

★

દરેક પુસ્તકનો ફક્ત સવા રૂપિયો વી. પી. ખર્ચ પાંચ આના

દરેક સૅટના બૉક્સના પાંચ રૂપિયા વી. પી. ખર્ચ બાર આના

★

તમારા બુકસેલર પાસે માગો અથવા લખો

બાલવિનોદ કાર્યાલય : ૧૪૯ પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ ૨